بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

બફયૂઝે રૂહાની સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ બયાદગારે ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ



**અહલે સુન્નત વ જમાઅત એટલે મસ્લકે આ'લા હઝરત નું અજોડ મુખપત્ર**


# બરકાતે ખ્વાજા (માસિક)

**તા. ૦૧/મે/૨૦૧૭**

શાબાનુલ મુઅઝ્ઝમ-રમઝાનુલ મુબારક હિજરી સન : ૧૪૩૮

વર્ષ : ૧૪, અંક : ૦૫, સળંગ અંક : ૧૬૧

સ્થાપક અને પ્રકાશક
ઈસ્લામિક વેલ્ફેર મિશન-દયાદરા



**પત્ર વ્યવહારનુ સરનામું**

બરકાતે ખ્વાજા (માસિક) C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુ.પો. દયાદરા, તા. જિ. : ભરૂચ, પિન. ૩૯૨૦૨૦ ફોન. : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, મો. : ૯૪૨૭૪૬૪૪૧૧

Web. :www.barkatekhwaja.net
Email : anjuman2006@hotmail.com


**★ લવાજમ ★**

| | | |
|---|---|---|
| છુટક નકલ | રૂા. | ૨૦/- |
| વાર્ષિક લવાજમ | રૂા. | ૨૦૦/- |
| વિદેશ માટે | રૂા. | ૧,૫૦૦/- |
| પેટ્રન ફી (૧૧ વર્ષ માટે) | રૂા. | ૨,૨૦૦/- |
| આજીવન | રૂા. | ૫,૦૦૦/- |
| વિદેશ માટે પેટ્રન | રૂા. | ૧૨,૦૦૦/- |
| વિદેશ માટે આજીવન | રૂા. | ૨૦,૦૦૦/- |


માનદ તંત્રી
પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી


## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| 01 | નિષ્ફળતાનું મૂળ કારણ | 02 |
| 02 | સુન્નીઓ જાગો ! સંગઠિત થઈ કામે લાગો ! | 03 |
| 03 | કન્ઝુલ ઈમાન વ ખઝાઈનુલ ઈરફાન | 08 |
| 04 | (દર્સે હદીષ) મિર્આત (ઉર્દૂ) શર્હે મિશ્કાત | 12 |
| 05 | હદાઈકે બખ્શિશ | 15 |
| 06 | સીરતે રસૂલે મુખ્તાર ﷺ | 18 |
| 07 | હશ્ત બહિશ્ત : મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત | 23 |
| 08 | હઝરત ખ્વાજા ઈમામ હસન બસરીના હાલાત તથા ખૂબીઓ | 25 |
| 09 | પાણીનું ખરીદ વેચાણ જાઈઝ કે નાજાઈઝ ? | 28 |
| 10 | બરકતો તથા નેકીઓનું સુંદર સંગમ એટલે શબે બરાત | 31 |
| 11 | શબે બરાતની ઈબાદતો | 37 |
| 12 | ઈસ્લામમાં આમ લોકોની ખિદમતનું મહત્વ | 38 |
| 13 | ફિત્નાઓની આડમાં ભારત | 42 |
| 14 | બરકાતે ખ્વાજાની ટપાલ | 47 |


## મદીના મદીના મદીના મદીના...

નઝર મેં હૈ કા'બા તો દિલ મેં મદીના
યહી દર હકીકત હૈ જીને મેં જીના
તળપતે હુએ દિલ કા હૈ યહ વઝીફા
મદીના મદીના મદીના મદીના
કરમ યહ નહીં હૈ તો ફિર ઔર ક્યા હૈ
કહાં વો મદીના કહાં યહ કમીના
હૈ તયબહ મેં અપની ખુશી કા યહ આલમ
કે હાથ આ ગયા જૈસે કોઈ દફીના
મરો તો ભી જન્નત જીયો તો ભી જન્નત !
મુબારક હૈ મરના મુબારક હૈ જીના !
ઈલાહી સલામત રહે સબ્ઝ ગુંબદ
વો હૈ ખાતમેં દિલ કા ગોયા નગીના
કરમ કે મોહરે નબુવ્વત કી કિરનેં
ચલી આતી હૈ અબ ભી સીના બ સીના
કરોળોં સલાતો સલામ ઉસ પે ''મિર્ઝા''
કે જીને કા જિસને સિખાયા કરીના

# નિષ્ફળતાનું મૂળ કારણ

**અઝ : હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી રઝવી**
*(અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી)*

દરેક માનવી સારી રીતે વાકેફ છે કે બાતિલ શક્તિઓ મૂળભૂત રીતે ઈસ્લામ તથા મુસલમાનોની વિરૂધ્ધ સક્રિય રીતે કાર્યરત છે. એઓ સૌ ઈસ્લામ તથા મુસલમાનોને પૃથ્વીના પટ પરથી મિટાવી દેવાના માટે સંગઠિત થયેલી છે. વર્તમાન સમય પૂરા ઈસ્લામી જગતના મુસલમાનો માટે કઠણાઈઓ તથા કસૌટીઓનો દૌર છે. નિર્દોષ મુસલમાન પુરૂષો સ્ત્રીઓ તથા બાળકોનું લોહી પાણીથી પણ વધુ સસ્તુ થઈ ગયું છે. આવા સંજોગોમાં ચો તરફથી દરેક મુસલમાનનો એક જ સૂર છે કે જ્યારે આપણો રબ સાચો, આપણા રસૂલ સાચા, આપણો દીન સાચો, આપણો અક્રીદો સાચો, તેમ છતાં દુનિયાભરમાં મુસ્લિમ કૌમ પરેશાન શાથી છે ? પૃથ્વીના પટ પર ક્યાંય પણ મુસ્લિમ ઉમ્મત પર સુકૂન જોવા નથી મળતુ, બલ્કે બેચૈની તથા બેક્રારી જોવા મળે છે. દાનિશ્વર હોય કે આમ મુસલમાન, પુરૂષો હોય કે સ્ત્રીઓ સૌને રહી રહીને એ જ ખયાલ આવે છે. મને આ મોક્ા પર એક કહાની યાદ આવે છે.

એક ગામડાવાસી એક શહેરમાં પહોંચ્યો. ત્યાં એક મેદાનમાં લોકોને ફૂટબોલ રમતા જોયા તો એને આશ્ચર્ય થયું કે છેવટે સર્વ લોકો આ બોલને લાતો કેમ મારી રહ્યા છે ? એ જ અસમંજશમાં હતો કે છેવટે આનું કારણ શું હોય શકે છે ? જ્યારે કાંઈ સમજમાં ન આવ્યું તો દૂર એક ઉમરવાળા માણસને બેઠેલા જોયા. તો તેમને પૂછ્યું કે હઝરત ! આ સૌ લોકો દડાને લાતો કેમ મારે છે ? દડાનો શો વાંક છે ? તે વડીલે એક ઠંડો શ્વાસ ખેંચ્યો અને ફર્માવ્યું, બેટા ! દડાનો એક જ વાંક છે ! કે તે અંદરથી ખાલી છે. જો તે અંદરથી ભરેલો હોત તો કોઈ તેને લાત મારવાની હિંમત ન કરતા !

આ કહાનીથી એ પરિણામ નીકળ્યું કે આજે મુસલમાન પૂરી દુનિયાની ઠોકરોમાં આવી રહ્યો છે, એનું કારણ એ છે કે તે અંદરથી પોલો થઈ ચૂક્યો છે. ઝબાન પર ઈસ્લામ છે પણ દિલો જિગરમાં કેવળ નામનો ઈસ્લામ રહી ગયો છે. જો આ જ ઈસ્લામ સંપૂર્ણપણે આપણા અસ્તિત્વમાં પ્રવેશી જાય અને આપણે માથાથી પગ સુધી મુસ્લિમ બની જઈએ તો જમાનાની ઠોકરોમાં કદી ન આવી શકીએ. અફસોસ ! **આપણે ઈસ્લામથી મહોબ્બતની વાત તો કરીએ છીએ પરંતું ઈસ્લામના પાબંદ બનવા નથી ઈચ્છતા !** આજે ગુનાહોની ચુંગાલમાં ફસાયેલી કૌમ પ્રગતિ કેવી રીતે હાંસલ કરી શકે છે ? આજે સોશિયલ મીડિયા પર ગીબત, આપસમાં મુનાઝરાની ચેલેંજો, કોઈની આબરૂથી ખેલ કરવું, હાલના દેશ તથા જગતના સંજોગોથી અભાનતા, અને એકબીજાની ઈજ્જતને પાયમાલ કરવું, આ બધું આપણને કેવી રીતે કામયાબ બનાવી શકે છે ?!

આજે આપણે ચાહીયે છીએ કે આપણી હાલતો બદલાય જાય, પરંતું શું આપણે પોતે પોતાને બદલ્યા ! શું આપણે પોતે પોતાને સંવાર્યા ? શું આપણે ગુનાહોથી દૂરી અપનાવી ? શું આપણે નેકીઓની તરફ ક્દમ વધાર્યા ? શું આપણે સૌના હક્ક અદા કર્યા ? આપણે ચાહીએ છીએ કે સંજોગો સુધરી જાય પરંતું આપણે પોતાને સુધારવા નથી ચાહતા ! યાદ રાખો ! રબનું ફર્માન હક્ છે : "બેશક ! અલ્લાહ કોઈ કૌમથી પોતાની નેઅમત નથી બદલતો જ્યાં સુધી તે પોતે હાલત ન બદલી નાખે, અને જ્યારે અલ્લાહ કોઈ કૌમથી બુરાઈ ચાહે તો તે ફરી નથી શકતી. અને એના સિવાય કોઈ હિમાયતી નથી." *(સૂ. રઅ્દ, આ.૧૧)*

એક બીજા ઠેકાણે આપણા સૌનો ખાલિક તથા માલિક અલ્લાહ ﷻ ઈર્શાદ ફર્માવે છે : "ચમકી ખરાબી ખુશ્કી તથા તરીમાં એ બુરાઈઓથી જે લોકોના હાથોએ કમાઈ જેથી તેમને તેમના અમુક કરતૂતોની મજા ચખાડે કે ક્યાંક તેઓ રોકાય જાય." *(સૂ. રૂમ, આ. ૪૧)*

આવો ! આ બંધારણ પર અમલ કરીને આપણે અલ્લાહની તરફ પરત થઈએ, કુર્આને કરીમને જીવન બંધારણ બનાવીએ, સાચા દિલથી તૌબા તથા ઈસ્તિગફાર કરીએ, ગુનાહોથી પરહેઝ કરીને નેકીઓ તરફ આગળ વધીએ. અલ્લાહ ﷻ પોતાના ફઝ્લો કરમ તથા હુઝૂર રહમતુલ્ લિલ્આલમીન ﷺના સદક્ામાં જરૂર સંજોગોને બદલી નાખશે.

*–(સુન્ની દા'વતે ઈસ્લામી મંથલી, મે–૨૦૧૭)*

# સુન્નીઓ જાગો !

## સંગઠિત થઈ કામે લાગો !

તંત્રી લેખ

પાટણ જિલ્લાના વડાવલી ગામે તા. ૨૫–૩–૨૦૧૭ શનિવારના રોજ સુણસર, ધારપુરા, રામપુરા, મેરવાડા સહિતના ગામોમાંથી ઠાકોર સમાજનાં હજારોનાં ટોળાં તલવારો, ભાલા, ખાનગી બંદૂકો, પેટ્રોલ કેરબા સહિતના ઘાતક હથિયારો સાથે તૂટી પડયાં હતાં. એમાં ધારપૂરીના **SRP**માં ફરજ બજાવતા ઠાકોર સમાજના બે જવાનો પણ સામેલ હતા તેમણે ખાનગી ગોળીબાર કર્યો હતો. ઈજાગ્રસ્ત યુવાનના જણાવ્યા પ્રમાણે અમને જ્યારે ઠાકોર લોકોનાં ટોળાંઓ મારી રહ્યાં હતાં ત્યારે પોલીસના માણસો ઉભા રહીને જોઈ રહ્યા હતા અને તેઓ અમને બચાવવા પણ આવ્યા ન હતા અને બીટ જમાદાર ગંભીરસિંહે મને બેભાન હાલતમાં જોઈને ટોળાને કહ્યું કે આ તો મરી ગયો છે, હવે કસ્બામાં બીજા લોકોને મારો ! જ્યારે ટોળુ અમારાં ઘરો લૂટીને બાળીને જતુ રહ્યું ત્યારે પોતાની કામગીરી બતાવવા માટે ટીયર ગેસના સેલ અને હવામાં ફાયરીંગ કર્યા હતાં. જો પોલીસે અમને બચાવ્યા હોત તો અમારું આટલુ બધુ નુકસાન ન થાત અને મારા કાકા ઈબ્રાહીમખાન અત્યારે હાલ જીવિત હોત. પેટ્રોલના કારબા સાથે આવેલ ટોળાએ ઘરો લૂટયાં પછી સળગાવ્યાં. કુલ ૧૪૨ મકાનો લૂંટી લેવામાં આવ્યાં અને ૧૦૦ કરતાં વધુ મકાનો સળગાવી દેવામાં આવ્યાં. એકનું ખૂન થયું અને અનેક લોકો ઘાયલ થયા. કુલ ૧૦ કરોડથી વધુ નુકસાનનો સર્વે ગામના તલાટીનો છે પણ એ ઓછો કહેવાય છે, નુકસાન અધિક છે. ૨૫થી વધારે ઘરોમાં આગલા મહિનામાં લગ્ન પ્રસંગો હોવાથી ઘરોમાં દાગીના અને રોકડ રકમ હતી તે લૂટી લીધી તેમજ ખેતરોમાં ઉગેલ પાક ખળાવાડમાં હતા તે પણ સળગાવી દેવામાં આવેલ છે. વડાવલી ગામના હિંદુ લોકોએ આ તોફાનોમાં કોઈ પણ જાતનો ભાગ નથી લીધો બલ્કે કેટલાક તો ઘાયલોની સારવારમાં મદદરૂપ થયા. વડાવલી ગામના સરપંચે મુસ્લિમો પર આચરવામાં આવેલ આ પાશવી આતંકને વખોડી કાઢયો. (જાણે બહારના લોકોનું આ સુનિયોજીત કાવત્રુ હતું કેમ કે ગામના મોટાભાગના યુવાનો હાજી પીર ગયા હતા) આટલુ મોટુ તોફાન મચાવવા પાછળ કારણ ફક્ત એક જ છે કે ટાકોદી ગામના મુસ્લિમ વિદ્યાર્થી અને સુણસરના ઠાકોર વિદ્યાર્થી વચ્ચે બોલાચાલી થઈ હતી જેની જાણ થતાં ગામના આગેવાનોએ ઘટના સ્થળે જઈ સમાધાન કરાવ્યું હતું અને વાત પતી ગઈ હતી.

મુસ્લિમ સમાજના સ્વેચ્છિક સંગઠનો, રાજકીય નેતાઓ તથા વિવિધ ધાર્મિક સંસ્થાના પ્રતિનિધિઓએ ગામની મુલાકાત લઈ સત્ય હકીકત જાણી અસરગ્રસ્તોની મદદ કરવા કાર્યવાહી કરી હતી. *(ગુજરાત ટુ ડે, ૨૭ તથા ૨૯ માર્ચ–૨૦૧૭ના રિપોર્ટ મુજબ : સાભાર)*

ઈસ્લામિક વેલ્ફેર મિશન–દયાદરા તરફથી પણ અમારા પ્રતિનિધિએ સ્થળની મુલાકાત લીધી ઉપર

મુજબની સ્થિતિને સમર્થન કર્યું તથા હાલ ત્યાં દેવબંદી "જમીઅતુલ ઉલમાએ હિંદ" તરફથી શરણાર્થી કેમ્પ લાગેલો હોવાનું અને તેમાં લોકો રહી રહ્યાનું જણાવ્યું, તેમજ આગળની કાર્યવાહીમાં આ નુકસાન ગવર્નમેન્ટ ભરપાઈ કરે અને મકાનો બનાવી આપે તે અંગે પાટણ જિલ્લા કલેકટરને આવેદન પત્ર પણ તેમણે આપ્યું છે તથા મદદ માટે ફંડ પણ એઓ એકઠુ કરી રહ્યા છે. હવે આ બનાવમાં વહિવટી તંત્ર શું પગલાં લેશે અને ગુનેહગારોને શું શિક્ષા કરશે કે પછી રાબેતા મુજબ ભીનું સંકેલાય જશે ! એ તો સમય બતાવશે. પણ અત્રે નોંધપાત્ર વાત એ છે કે ગામ આખુ સુન્ની મુસલમાનોનું છે અને આસપાસની સુન્ની લોકલ સંસ્થાના કાર્યકરો તેમજ વ્યક્તિગત રીતે આમ વ્યક્તિઓએ ત્યાં હાજરી આપી સહાય પણ કરી હશે, પણ એ સિવાય સુન્નીઓના ઉચ્ચ કક્ષાના રહબરો કે લીડરો તેમજ મામૂલી મામૂલી વાતમાં બૂમાબૂમ કરી મુકનારા મુકર્રિરો તથા હોદ્દેદારો તરફથી કાંઈ થયું હોય એવું જાણવા નથી મળ્યું.

કોઈ ધર્મમાં કોઈ નિર્દોષના જાન માલને નુકસાન પહોંચાડવાનો આદેશ હરગિઝ નથી, પણ આ તો અધર્મી ગુંડા તત્વોએ એક ખૂબ જ નીચ કૃત્ય આચર્યું છે જેને અમો સખત શબ્દોમાં વખોડી કાઢીએ છીએ અને આ અગ્નિકાંડ, ખૂન તથા લૂટકાંડના ગુનેહગારોને વીણી વીણીને જેલ ભેગા કરી કડક સજાઓ થવી જ જોઈએ. પણ સુન્ની નેતાગીરીની ખામોશી પર અમને ફરી એકવાર આશ્ચર્ય થઈ રહ્યું છે. ફરી એકવાર એટલા માટે કહીએ છીએ કે અમો જાન્યુ. ૨૬, ઈ.સ. ૨૦૦૦ના કચ્છ ભૂજના ધરતીકંપ વેળા પણ તૂટી ફૂટી મદદ લઈને એ તરફ નીકળ્યા હતા, તો ત્યાં અમે દેવબંદી જમીઅતુલ ઉલમાએ હિંદના તેમજ જમાઅતે ઈસ્લામીના તેમજ અહલે હદીષના રીલીફ કેમ્પો જોયા હતા, કોઈ સુન્ની તન્ઝીમનો કોઈ કેમ્પ જોવા નથી મળ્યો. નો ડાઉટ ! સુન્ની અવામે સહકાર ભરપુર કર્યો, પણ ક્યાંક નાની તન્ઝીમે વ્યક્તિગત રીતે કે પછી એ જ ગૈર ફિર્કાવાળાઓના હાથે મદદ પહોંચાડી. મદદનો ધોધ અધિકતર સુન્નીઓનો જ હતો પણ ગૈરોના હાથે તેમના એહસાન હેઠળ વહેંચાયો છે, જ્યારે કે સર્વ ઠેકાણે બહુમતિ સુન્નીઓની જ હતી. ત્યારે અમને સુન્ની નેતાગીરીની ખામોશી તથા અદ્રશ્યતાથી દુઃખ સાથે આશ્ચર્ય થયેલું. બીજીવાર ઈ.સ. ૨૦૦૨ ગોધરાકાંડ બાદ થયેલ કોમી તોફાનોમાં પણ અમે નીકળ્યા હતા તો આ જ હાલત જોવા મળી હતી. સુન્ની રહબરો લીડરો અદ્રશ્ય હતા ! આ સિવાય અન્ય પણ આવા જ સુન્ની મુસ્લિમો પર આફતના બનાવો બની ગયા ત્યારે પણ સન્નાટો હતો ! અને આજે આ વડાવલીના બનાવમાં પણ સન્નાટો જણાયો !

## આ ક્ષેત્રે આપણા પૂર્વજોનો કિરદાર કેવો હતો ?

ચાલો ! આપણે થોડા વરસો પાછળ ચાલ્યા જઈએ ! તે સમયમાં જ્યારે મુસલમાનો પર કોઈ અણધારી આપત્તિ આવી પડતી તો તે સમયના બુઝુર્ગો તથા અગ્રેસરો શું પગલાં લેતા. અત્યારની "ઘરવાપસી"ની હિંદુ સંગઠનોની ચળવળની જેમ ત્યારે પણ હિંદુસ્તાનમાં એક ચળવળ શુદ્ધિ સંગઠન નામથી મુસલમાનોને હિંદુ બનાવવાની શરૂ થઈ હતી. એના માટે પૂરા માલ દૌલત તથા ધામધૂમ સાથે વાજા ત્રાંસા સાથે આયોજનપૂર્વક એક ટોળી બનાવી એક લીડર નીકળી પડયો હતો. એવા નાઝુક સમયે જ્યારે ઘણા વિસ્તારોમાં

મુસલમાન ક્યાંક લાલચમાં તો ક્યાંક ડરના માર્યા ધર્મ બદલવા તૈયાર થઈ જતા હતા, ત્યારે મુફતીએ આ'ઝમે હિંદ رحمۃ اللہ علیہની ગૈરતની રગ ભડકી ઉઠી અને, એ ફિત્નાને દફેઅ કરવા માટે આપે તેનો પીછો કર્યો અને ગામે ગામ જઈને આપ મુસલમાનોને દીન પર અડગતાથી રહેવાની શીખામણ આપતા. એકવાર ખબર મળી કે આગ્રાથી થોડેક દૂર કોઈ ગામમાં આ ચળવળ ચાલી રહી છે. આપે આપની સાથે શેરબે શએ અહલે સુન્નત હઝરત હશ્મત અલીખાં પીલીભીતી તથા અન્ય એક સાથીને સાથે લીધા અને જ્યાં સુધી ટ્રેન જતી હતી ત્યાં સુધી ટ્રેન થકી પછી પગપાળા કેટલાયે કિલોમિટર ચાલીને તે ગામમાં પહોંચ્યા. ત્યાં મોટી મોટી કઢાઈઓમાં પૂરીઓ તળાઈ રહી હતી અને કેટલાયે નાઈ અસ્તરા તથા કાતરો લઈને બેઠા હતા અને તખ્ત પર ફિત્નો પેદા કરનાર બેઠો હતો. જોયું કે આખુ મુસ્લિમ ગામ દીનથી ફરી જવા તૈયાર છે. આપ તરત જ મજમાને ચીરતા સ્ટેજ પર પહોંચી ગયા અને તેને કહ્યું કે, ''આવો ! મુનાઝરો કરી લઈએ !'' પણ તેણે ઈન્કાર કર્યો અને બોલ્યો કે આ લોકો ધર્મ પરિવર્તન માટે તૈયાર છે જેથી મુનાઝરાની કોઈ જરૂરત નથી. તો શેરબે શએ અહલે સુન્નતે ઈસ્લામની સચ્ચાઈ રજૂ કરી અને બુત પરસ્તીની રદ કરી, પણ મજમા પર કોઈ અસર ન પડી. તો હઝરત મુફતીએ આ'ઝમની ગૈરત જોશમાં આવી અને પંડિતને કહ્યું કે જો તું સાચો છે તો મારી સાથે તારી આ સળગાવેલી આગમાં કૂદી પડ ! જે બચીને નીકળે તે સાચો ! પછી આગળ વધીને તેનો હાથ પકડયો અને કહ્યું કે ચાલ ! સત્યની પરખ કરી લઈએ ! તો સચ્ચાઈના ભયથી તે ધ્રુજવા લાગ્યો અને એકદમ ચુપ થઈ ગયો. આપે જોશભેર તેને ખેંચવાનું શરૂ કર્યુ પણ તે એટલો જાડો હતો કે ટસથી મસ ન થયો. છેવટે એ ખેંચતાણમાં કેટલાક લોકો સ્ટેજ પાસે આવી ગયા અને કહેવા લાગ્યા કે, મોલ્વી સાહબ ! તેનો હાથ છોડી દો ! અમારી સમજમાં આવી ગયું કે સત્ય શું છે ! જો એ સાચો હોત તો આગમાં કૂદવા તૈયાર થઈ જાત ! પછી હુઝૂર મુફતીએ આ'ઝમના હાથ પર સૌએ તૌબા કરી કલ્મો પઢયો અને સાચા પાકા મુસલમાન બની ગયા. *(અન્વારે મુફતીએ આ'ઝમ, પેજ : ૨૮૦, ૨૮૧)*

આ પ્રસંગની સચ્ચાઈમાં કોઈ શંકા નથી કેમ કે ખૂદ હુઝૂર મુફતીએ આ'ઝમે હઝરત મુફતી શરીફુલ હક્ક઼ સાહબને બયાન કર્યો હતો. (رحمۃ اللہ علیہما)

આ ચળવળ સામે મુસલમાનોને મુર્તદ થતા બચાવવા માટે હુઝૂર મુફતીએ આ'ઝમ હિંદ મુસ્તફા રઝાખાં رحمۃ اللہ علیہ ઉપરાંત હુઝૂર શેર બે શએ એહલે સુન્નત હઝરત હશ્મત અલીખાં, હુઝૂર મુહદ્દિષે આ'ઝમે હિંદ હઝરત સૈયદ મુહમ્મદ કછોછવી, સદરુલ અફાઝિલ હઝરત સૈયદ નઈમુદ્દીન મુરાદાબાદી તેમજ તે સમય તેમના સમકાલિન ઉલમાએ એ જ રીતે સંગઠિત થઈને કોશિશો કરી એ ફિત્નાની ટક્કર લીધી હતી.

## ઓલ ઈન્ડિયા સુન્ની જમીઅતુલ ઉલમાની કાર્યવાહી

હઝરત અલ્લામા અર્શદુલ ક઼ાદરી رحمۃ اللہ علیہના અસલ ''જામે નૂર'' મંથલીના ઓક્ટો.–નવે. ઈ.સ. ૧૯૬૮માં ''ઓલ ઈન્ડિયા સુન્ની જમીઅતુલ ઉલમા''ની તન્ઝીમી કોન્ફ્રન્સ–મુંબઈનો એક રિપોર્ટ છપાયો

છે જેમાં જે તે સમયના સુન્ની ઉલમા, રહબરોની કાર્યવાહીની ઝલક જોવા મળે છે. અલ્લામા અર્શદુલ કાદરી رحمۃ اللہ علیہ લખે છે :–

''આ મહાન નેઅમતને આપણે જમાઅતની ખુશકિસ્મતી ગણાવીશું કે પ્રથમ હરોળના અકાબિરની હવે મહામૂલી તવજ્જોહ હિંદુસ્તાનના ખૂણે ખૂણે ફેલાયેલા છ કરોડ અહલે સુન્નતની તન્ઝીમની પ્રતિ વળી ચૂકી છે. મુંબઈની તન્ઝીમી કોન્ફરન્સે નવા ઉમંગોનો જે ચિરાગ જલાવ્યો છે તે ખુદા કરે તોફાનના સામે પણ સળગતો રહે.

આ મુબારક ઈજતેમામાં મિલ્લતે તાહિરાના લગભગ સર્વ મોઅઝ્ઝઝ્ સરદારો હાજર હતા. અમુક હઝરાતનાં નામો આ પ્રમાણે છે : **(૧)** તાજદારે અહલે સુન્નત સરકાર મુફતીએ આ'ઝમે હિંદ દામત બરકાતુહુમ **(૨)** બુરહાને મિલ્લત હઝરત અલ્લામા અલ્હાજ શાહ મુફતી બુરહાનુલ હક્ક્ સાહબ રઝવી જબલપૂરી, સદર–કુલ હિંદ જમાઅતે રઝાએ મુસ્તફા **(૩)** સૈયદુલ ઉલમા હઝરત અલ્લામા સૈયદ શાહ આ'લે મુસ્તફા સાહબ બરકાતી કાદરી **(૪)** ઉસ્તાઝુલ ઉલમા હાફિઝે મિલ્લત હઝરત અલ્લામા અલ્હાજ હાફિઝ અબ્દુલ અઝીઝ સાહબ કિબ્લા, અશ્રફિયા–મુબારકપુર **(૫)** મુજાહિદે મિલ્લત હઝરત અલ્લામા અલ્હાજ મુહમ્મદ હબીબુર્રહમાન સાહબ કિ઼બ્લા, સદર–કુલ હિંદ તબ્લીગ સીરત **(૬)** સુલ્તાનુલ્ મુતકલ્લિમીન હઝરત અલ્હાજ મુફતી રિફાક઼ત હુસૈન કિ઼બ્લા, સદર ઈદારાએ શરઈય્યહ્–બિહાર **(૭)** ખતીબે મશ્રિક હઝરત મૌલાના મુશ્તાક અહમદ સાહબ નિઝામી **(૮)** નક઼ીબે કાદરિયત હઝરત મૌલાના અલ્હાજ ખ્વાજા નિઝામુદ્દીન બદાયૂની **(૯)** મહબૂબુલ ઉલમા હઝરત મૌલાના મહબૂબ સાહબ અશરફી **(૧૦)** હઝરત મૌલાના હકીમ યુનૂસ સાહબ નિઝામી **(૧૧)** ફાઝિલે મોહતરમ હઝરત મૌલાના ક઼ારી મુહમ્મદ યહ્યા સાહબ, નાઝિમે આ'લા દારુલ ઉલૂમ અશ્રફિયા મુબારકપુર **(૧૨)** જામિઉશ્શરીઅતો તરીક઼ત હઝરત મૌલાના હામિદ અશ્રફ સાહબ, ખતીબ–ઝકરિયા મસ્જિદ **(૧૩)** તૂતીએ હક્ક્ હઝરત મૌલાના મુફતી રજબઅલી સાહબ **(૧૪)** મુજાહિદે અહલે સુન્નત હઝરત મૌલાના અલ્હાજ અલી મુહમ્મદ સાહબ (ધોરાજવી) શેરે ગુજરાત **(૧૫)** હઝરત મોહતરમ મૌલાના ક઼ારી મોઈનુદ્દીન દાનિશ, ખતીબ–મીનારા મસ્જિદ **(૧૬)** હઝરત અલ્લામા અબ્દુશ્શકૂર સાહબ આઝમી.

સૈયદુલ ઉલમા હઝરત શાહ આલે મુસ્તફા સાહબ (વાલિદે નઝમી સાહબ મારહરવી), પ્રમુખ : ઓલ ઈન્ડિયા જમીઅતુલ ઉલમાના પ્રમુખ સ્થાનના બયાનની ઝલક :–

''હઝરાત ! અગ્યાર વરસોની ખિદમતોમાં અમે કેટલા અંશે કામયાબી હાંસલ કરી અને ક્યાં સુધી નાકામ રહ્યા ? તેનો ફેંસલો અમારા હાથમાં નથી, એ આપ હઝરાતનો સ્વહક્ક્ છે. હા ! અમે એ જરૂર જાણીએ છીએ કે જે અમારો ફરીઝો હતો તેને નિભાવવામાં જાણી જોઈને અમે કોઈ ઉણપ નથી વર્તી. મુસ્લિમ પર્સનલ લો, એકથી અધિક પત્નીઓ, વકફો તથા ઉર્દૂ ભાષાના સંબંધી સુન્ની જમીઅતુલ ઉલમાનો રેકોર્ડ અતિશય ચમકતો તથા જગમગતો છે. સમય પૂરતો નથી કે તેની વિગતો હું આપને રજુ કરું, પરંતુ એટલું

બતાવી દેવું જરૂરી જાણીએ છીએ કે જ્યારે જ્યારે પણ મસાઈલે અમને પોકાર્યા છે કોઈ ડર કે ખચકાટ અનુભવ્યા વિના અમે બેધડક અમલના મેદાનની તરફ દોડી ગયા છીએ." *(જામે નૂરમાંથી સાભાર)*

તેમજ બુરહાને મિલ્લત, હાફિઝે મિલ્લત, મુફતીએ આ'ઝમ કાનપૂર, મુજાહિદ મિલ્લત, હઝરત મૌલાના મુશ્તાક અહમદ નિઝામી رحمۃ اللہ علیہم اجمعین વગેરેએ કૌમો મિલ્લતના પ્રશ્નોને ઉકેલવા સંબંધે જરૂરી મંતવ્યો, ચર્ચાઓ રજૂ કરી હતી. ત્યારે પણ મુસ્લિમોની ધાર્મિક બાબતોમાં દખલની કોશિશમાં આવા જ પ્રશ્નો હતા અને આજે પણ એ પ્રશ્નો અધિક તેજીથી ગૈરો થકી ઉઠાવવામાં આવી રહ્યા છે બલ્કે એમાં અનેક નવા પ્રશ્નોરૂપી તેલ ઉમેરીને ભડકાને ઔર સળગાવવામાં આવી રહ્યો છે.

અમો કોઈ પણ હસ્તી કે તન્ઝીમને નિશાનો નથી બનાવી રહ્યા, કેમ કે દરેકની કોઈ ન કોઈ મજબૂરીઓ પણ હોય શકે છે. પણ જ્યારે સુન્નિયતની રક્ષા તથા બકા માટે તકરીરી તથા મુનાઝરાના મેદાનોને ગરમાવવામાં આવતાં રહે છે, તો મુસીબતના સમયે સુન્નીઓની રક્ષાના આ પાસા પર પણ ખાસ ધ્યાન કરવાની જરૂર છે, અને સોશિયલ મીડિયાને આપસી જંગની યુધ્ધ ભૂમિ બનાવવાનું છોડી એક થઈને આપણા પૂર્વજ બુઝુર્ગોના નકશે કદમ પર ચાલીને "સુન્ની એકતા" સલામત રાખીને આવા મુસીબતના સમયે જ્યારે દેવબંદી જમીઅતુલ ઉલમા હિંદ તથા અને ગૈર સુન્ની સંગઠનો સુન્નીઓ પર એહસાનો કરીને તેમજ તેમની સંસ્થાઓ તથા તેમના ઉલમાના નામથી કોલોનીઓ બનાવી તેમાં તેમને વસાવીને ત્યાંના સમગ્ર સુન્નીઓને આસાનીથી પોતાના તરફ કરી લે છે, એ સૌ જોઈ રહ્યા છે કે આ વરસોથી થતુ આવ્યું છે. તો આપણે આપસના ફુરૂઈ વિવાદોને ત્યજીને દેશ વ્યાપી કે કમસે કમ રાજ્ય વ્યાપી તન્ઝીમ આ જ રીલીફનાં કામો માટે ઉભી કરીને સુન્ની મુસ્લિમોને દુઃખના સમયે કામે લાગી તેમની સહાનુભૂતિ જીતીને તેમને સુન્નિયત પર જમેલા રાખીએ એ આપણી પાયાની ફરજ બને છે, નહીં તો આ ઉણપ અને તેના નુકસાનો વિશે આપણને કયામતમાં જરૂર સવાલ થશે. મુસ્લિમોનો વાત વાતમાં વિરોધ કરતી હિંદુ સંસ્થા RSSએ પોતે "મુસ્લિમ રાષ્ટ્રીય મંચ" તથા "મુસ્લિમ મહિલા મંચ" જેવા મંચો ઉભા કરી દીધા ! તો આપણે સુન્ની મુસ્લિમોએ ગંભીરતાથી વિચારવું ઘટે છે કે એનો ઉપયોગ એ આપણી તરફદારીમાં કરશે કે હાથા તરીકે આપણા વિરૂધ્ધમાં ફિત્ના ઉઠાવવા કરશે ? જેમ કે હાજી અલી તથા તલાકના મસ્અલામાં થયું. ઉમ્મીદ છે સુન્નિયતના હમદર્દો થોડામાં ઘણુ સમજી વિચારી લેશે અને આ ક્ષેત્રે આગળ આવવા કાંઈક કરશે, ઈન્શાઅલ્લાહ ! ❐ ❐ ❐

## દયાદરામાં જશ્ને વિલાદતે મૌલા અલી کرم اللہ وجہہ الکریم

**દયાદરા** : તા. ૧૦–૪–૨૦૧૭ શનિવારે રાત્રે ઈશાની નમાઝ મોટા ચકલા પર હઝરત સૈયદ ફરીદબાવા સાબરી અઝીઝીની સદારતમાં શાનો શૌકત સાથે જશ્ને વિલાદતે હઝરત મૌલા અલી کرم اللہ وجہہ الکریم મનાવાયો જેમાં નઅતો મન્કબત બાદ હઝરત મૌલાના મુબારક અશરફી (સદર મુદર્રિસ : દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદી–દયાદરા) તથા હઝરત મૌલાના સાદિક સાબરી સાહબે ફઝાઈલે હઝરતે અલી رضی اللہ عنہમાં ઈમાન અફરોઝ બયાન કર્યું હતું. દારુલ ઉલૂમ નૂરે મુહમ્મદીના તલ્બા તથા સુન્ની અવામે બહોળી સંખ્યામાં હાજરી આપી ફયઝ હાંસલ કર્યો હતો.

સૂરએ બક઼રહ મદીનામાં ઉતરેલી અને એમાં ૨૮૬ આયતો અને ૪૦ રૂકુઅ છે.

وَاِنْ كَانَ ذُوْ
عُسْرَةٍ فَنَظِرَةٌ اِلٰى مَيْسَرَةٍ ؕ وَاَنْ تَصَدَّقُوْا خَيْرٌ
لَّكُمْ اِنْ كُنْتُمْ تَعْلَمُوْنَ ﴿۲۸۰﴾ وَاتَّقُوْا يَوْمًا تُرْجَعُوْنَ
فِيْهِ اِلَى اللّٰهِ ۗ ثُمَّ تُوَفّٰى كُلُّ نَفْسٍ مَّا كَسَبَتْ
وَهُمْ لَا يُظْلَمُوْنَ ﴿۲۸۱﴾ يٰۤاَيُّهَا الَّذِيْنَ اٰمَنُوْۤا اِذَا
تَدَايَنْتُمْ بِدَيْنٍ اِلٰۤى اَجَلٍ مُّسَمًّى فَاكْتُبُوْهُ ؕ
وَلْيَكْتُبْ بَّيْنَكُمْ كَاتِبٌۢ بِالْعَدْلِ ۪ وَلَا يَاْبَ
كَاتِبٌ اَنْ يَّكْتُبَ كَمَا عَلَّمَهُ اللّٰهُ فَلْيَكْتُبْ ۚ وَلْيُمْلِلِ
الَّذِىْ عَلَيْهِ الْحَقُّ وَلْيَتَّقِ اللّٰهَ رَبَّهٗ وَلَا يَبْخَسْ
مِنْهُ شَيْــًٔا ؕ فَاِنْ كَانَ الَّذِىْ عَلَيْهِ الْحَقُّ سَفِيْهًا
اَوْ ضَعِيْفًا اَوْ لَا يَسْتَطِيْعُ اَنْ يُّمِلَّ هُوَ فَلْيُمْلِلْ
وَلِيُّهٗ بِالْعَدْلِ ؕ وَاسْتَشْهِدُوْا شَهِيْدَيْنِ مِنْ
رِّجَالِكُمْ ۚ فَاِنْ لَّمْ يَكُوْنَا رَجُلَيْنِ فَرَجُلٌ وَّامْرَاَتٰنِ
مِمَّنْ تَرْضَوْنَ مِنَ الشُّهَدَآءِ اَنْ تَضِلَّ اِحْدٰىهُمَا
فَتُذَكِّرَ اِحْدٰىهُمَا الْاُخْرٰى ؕ وَلَا يَاْبَ الشُّهَدَآءُ اِذَا

## સૂરએ બક઼રહની તફસીર

અને જો કરજદાર તંગીવાળો હોય તો તેને મોહલત આપો સરળતા સુધીની, અને જો જાણો તો કરજ તેના પર તદ્દન છોડી મૂકવું તમારા માટે એથી વધુ સારું છે[૮૩] (૨૮૦) અને તે દિવસથી ડરો જેમાં અલ્લાહ તરફ (પાછા) ફરશો, અને દરેક જીવને તેની કમાણી પૂરી ભરપાઈ કરવામાં આવશે અને તેમના પર જુલ્મ નહીં થાય[૮૪] (૨૮૧) હે ઈમાનવાળાઓ ! જ્યારે તમે એક નક્કી સમય સુધી (ના) **કોઈ કરજની લેણ દેણ કરો[૮૫] તો તેને લખી લો[૮૬]** અને તમારામાં લખનારે ઠીક ઠીક લખવું જોઈએ[૮૭] અને લખાણ કરનાર લખવાનો ઈન્કાર ન કરે જેવું કે તેને અલ્લાહે શીખવાડયું છે[૮૮] તો તેણે લખી દેવું જોઈએ, અને જેના પર હક઼ નીકળે છે તે લખાવતો ચાલે, અને અલ્લાહથી ડરે જે તેનો પાલનહાર છે અને હક઼માંથી કશું રાખી ન મૂકે, પછી જેના પર હક઼ નીકળે છે (તે) ગાંડો અથવા અશક્ત હોય અથવા લખાવી ન શકે[૮૯] તો તેના વાલી ઈન્સાફથી લખાવે. અને બે ગવાહ કરી લો પોતાનાં પુરુષોમાંથી[૯૦] પછી જો બે પુરુષો ન હોય[૯૧] તો એક પુરુષ અને બે સ્ત્રીઓ, એવા ગવાહ જેમને (તમે) પસંદ કરો[૯૨] કે ક્યાંક તેમનામાં એક સ્ત્રી ભૂલે તો તે એકને બીજી યાદ

مَا دُعُوْا ؕ وَلَا تَسْـَٔمُوْٓا اَنْ تَكْتُبُوْهُ صَغِيْرًا اَوْ كَبِيْرًا
اِلٰٓى اَجَلِهٖ ؕ ذٰلِكُمْ اَقْسَطُ عِنْدَ اللّٰهِ وَاَقْوَمُ لِلشَّهَادَةِ
وَاَدْنٰٓى اَلَّا تَرْتَابُوْٓا اِلَّآ اَنْ تَكُوْنَ تِجَارَةً
حَاضِرَةً تُدِيْرُوْنَهَا بَيْنَكُمْ فَلَيْسَ عَلَيْكُمْ
جُنَاحٌ اَلَّا تَكْتُبُوْهَا ؕ وَاَشْهِدُوْٓا اِذَا تَبَايَعْتُمْ ۪
وَلَا يُضَآرَّ كَاتِبٌ وَّلَا شَهِيْدٌ ؕ۬ وَاِنْ تَفْعَلُوْا
فَاِنَّهٗ فُسُوْقٌۢ بِكُمْ ؕ وَاتَّقُوا اللّٰهَ ؕ وَيُعَلِّمُكُمُ اللّٰهُ ؕ
وَاللّٰهُ بِكُلِّ شَىْءٍ عَلِيْمٌ ﴿۲۸۲﴾ وَاِنْ كُنْتُمْ عَلٰى سَفَرٍ
وَّلَمْ تَجِدُوْا كَاتِبًا فَرِهٰنٌ مَّقْبُوْضَةٌ ؕ فَاِنْ اَمِنَ
بَعْضُكُمْ بَعْضًا فَلْيُؤَدِّ الَّذِى اؤْتُمِنَ اَمَانَتَهٗ
وَلْيَتَّقِ اللّٰهَ رَبَّهٗ ؕ وَلَا تَكْتُمُوا الشَّهَادَةَ ؕ وَمَنْ يَّكْتُمْهَا
فَاِنَّهٗٓ اٰثِمٌ قَلْبُهٗ ؕ وَاللّٰهُ بِمَا تَعْمَلُوْنَ عَلِيْمٌ ﴿۲۸۳﴾

અપાવી દે, અને ગવાહોને જ્યારે બોલાવવામાં આવે ત્યારે આવવાનો ઈન્કાર ન કરે[૯૩] અને કરજ નાનું હોય કે મોટુ એની મુદ્દત સુધીનું લખાણ કરી લેવાને ભાર રૂપ ન જાણો. આ અલ્લાહ પાસે વધુ ન્યાયની વાત છે, આમાં ગવાહી સારી રહેશે. અને આ (લખાણ) એનાથી નજીક છે કે તમને શંકા ન થાય. પણ જો કોઈ હાથોહાથનો રોકડીયો સોદો હોય તો તેને ન લખવાનો તમારા પર ગુનોહ નથી[૯૪] અને જ્યારે ખરીદ વેચાણ કરો ત્યારે સાક્ષી બનાવી લો[૯૫] અને લખી આપનારને અને સાક્ષીને કષ્ટ આપવામાં ન આવે (અથવા) લખી આપનાર અને સાક્ષી કષ્ટ ન આપે[૯૬] અને જો તમે આવું કરો તો તમારું ઉલ્લંઘન કહેવાશે, અને અલ્લાહથી ડરો, અને અલ્લાહ તમને (લેણદેણના નિયમો) શિખવાડે છે, અને અલ્લાહ સર્વ કંઈ જાણે છે. (૨૮૨) અને જો તમે સફરમાં હોય[૯૭] અને (તમે) લખી આપનાર ન મેળવી શકો[૯૮] તો (કોઈ વસ્તુ) ગીરો મૂકો કબ્જો સોંપીને[૯૯] અને જો તમને એકબીજા પર ભરોસો હોય તો એ જે બીજાને અમીન સમજ્યો હતો[૧૦૦] (તે) પોતાની અમાનત આપી દે[૧૦૧] અને અલ્લાહથી ડરે તેનો પાલનહાર છે, અને ગવાહી ન છુપાવો[૧૦૨] અને જે ગવાહી છુપાવશે તો અંદરથી એનું દિલ ગુનેહગાર છે[૧૦૩] અને અલ્લાહ તમારાં કામોને જાણે છે (૨૮૩)

**સમજૂતી :** ૮૩. કરજદાર જે તંગદસ્ત હોય તો તેને મોહલત આપવી અથવા થોડુ કે બધુ કરજ માફ કરી દેવું એ મહાન નેકીનું કામ છે. હુઝૂર ﷺ એ ફર્માવ્યું, **જેણે કરજદાર ગરીબને મોહલત આપી અથવા તેનું કરજ માફ કરી દીધું, અલ્લાહ પાક તેને પોતાની રહમતના છાંયડામાં રાખશે તે દિવસે જ્યારે તેના છાંયડા સિવાય બીજો કોઈ છાંયડો નહીં હોય.**

**૮૪.** એટલે કે ન તો તેઓની નેકી ઓછી કરવામાં આવશે, ન તેઓના ગુનાહો વધારી દેવામાં આવશે. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما થી રિવાયત છે કે આ હુઝૂર ﷺ પર ઉતરેલી અંતિમ આયત છે, આના પછી હુઝૂર ﷺ ૨૧ દિવસ દુનિયામાં (જાહેર રીતે) રહ્યા. અને એક મંતવ્ય અનુસાર નવ રાત્રીઓ અને

એક મંતવ્ય મુજબ સાત રાત્રીઓ. પણ શુઅબીએ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત કરી છે કે બધાથી અંતિમ આયતે રિબા (વ્યાજની આયત) ઉતરી.

**૮૫.** ભલે પછી તે લેણદેણ, ખરીદ વેચાણનું હોય કે રોકડ રકમનું. હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہએ ફર્માવ્યું કે આનો મતલબ ''બયએ સલમ'' છે. બયએ સલમ તેને કહે છે કે અગાઉથી કિંમત લઈને કોઈ વસ્તુનો સોદો કરવામાં આવે, અને વેચનાર વેચેલી વસ્તુનો કબ્જો ખરીદનારને સોંપવા એક ચોક્કસ સમયે મર્યાદા નક્કી કરે, આવો વેપાર જાઈઝ હોવા માટે જે વસ્તુનો સોદો થયો હોય તે વસ્તુ, તેના પ્રકાર, તેના ગુણ, તેની માત્રા, મુદ્દત, કબ્જો સોંપવાનું સ્થળ, મૂડી વગેરે તમામ બાબતો ચોક્કસ રીતે નક્કી થયેલી હોવી જોઈએ.

**૮૬.** આવું લખાણ કરવું મુસ્તહબ છે. એનાથી ફાયદો એ છે કે ભૂલચૂક અને કરજદારના ઈન્કારનો ભય રહેશે નહીં.

**૮૭.** પોતાના તરફથી વધારો ઘટાડો ન કરે, અને બન્ને પક્ષોમાંથી કોઈની પણ તરફદારી ન કરે.

**૮૮.** મતલબ એ છે કે કોઈ પણ લખાણ કરનાર લખવાનો ઈન્કાર ન કરે, જેમ કે અલ્લાહ તઆલાએ તેને દસ્તાવેજો લખવાનું ઈલ્મ આપ્યું છે, સુધારો વધારો કર્યા વગર ઈમાનદારીથી લખે. એક મંતવ્ય મુજબ આવું લખાણ કરી આપવું ફર્ઝે કિફાયહ છે, અને એક મંતવ્ય પ્રમાણે ફર્ઝે ઐન છે, જ્યારે કે લખાણ લખનાર (સ્ટેમ્પ વેન્ડર) નવરો હોય, જ્યારે કે તેના સિવાય બીજો કોઈ લખનાર ન મળતો હોય. અને બીજા મંતવ્ય મુજબ આવું લખાણ કરી આપવું મુસ્તહબ છે, કારણ કે એમાં એક મુસલમાનની જરૂરત પૂરી કરી આપવાનો સવાબ અને ઈલ્મ મળ્યા બદલનો શુક્ર અદા કરવાનું જાહેર થાય છે. અને એક મંતવ્ય એવું છે કે આવું લખાણ લખવું ફર્ઝ હતું, પછી ''لَا يُضَآرَّ كَاتِبٌ''વાળી આયત ઉતર્યા પછી મન્સૂખ થઈ ગયું.

**૮૯.** એટલે કે કરજદાર ગાંડો કે અર્ધ ગાંડો અથવા બાળક યા ખૂબ વયોવૃદ્ધ હોય, અથવા ગુંગો હોવાથી કે ભાષા ન જાણવાના કારણે પોતાને જે કહેવાનું છે તે કહી શકતો ન હોય.

**૯૦.** સાક્ષી માટે આઝાદ હોવું અને મુસલમાન તેમજ પુખ્તવયનું હોવું જરૂરી છે, કાફિરોની ગવાહી ફક્ત કાફિરો માટે જ સ્વીકાર્ય છે,

**૯૧.** માત્ર સ્ત્રીઓની ગવાહી ચાલશે નહીં, ભલે પછી તેણીઓની સંખ્યા ચારની હોય, પણ જે બાબતોની ખબર પુરુષોને થઈ શકતી નથી જેમ કે બાળકને જન્મ આપવું, કુંવારી હોવું, અને સ્ત્રીઓની ખાસ ઐબો, બીમારીઓ વિગેરે, આવી બાબતોમાં ફક્ત એક સ્ત્રીની ગવાહી પણ સ્વીકાર્ય ગણાશે.

**મસ્અલો** : જે બાબતોમાં ગુનેહગારને શરીઅતે નક્કી કરેલી સજાઓ લાગુ પડતી હોય તેમાં અને ખૂન કેસમાં સ્ત્રીઓની ગવાહી કબૂલ થશે નહીં, ફક્ત પુરૂષોની ગવાહી જ જોઈએ, એ સિવાયની બાબતોમાં એક પુરૂષ સાથે બે સ્ત્રીઓની ગવાહી પણ કૃબૂલ કરાશે. *(મદારિક, અહમદી)*

**૯૨.** જેમનું ન્યાયી હોવું તમે જાણતા હોય, અને નેક હોવા પર તમને વિશ્વાસ હોય,

**૯૩. મસ્અલો** : આ આયતથી સાબિત થયું કે સાક્ષી આપવી ફર્ઝ છે, જ્યારે કે દાવો કરનાર સાક્ષીઓને બોલાવે ત્યારે તેમના માટે ગવાહી છુપાવવી જાઈઝ નથી. આ હુકમ સજા લાગુ પડતી હોય તેના સિવાયના કેસો માટે છે. અને સજા લાગુ પડે એવા કેસોમાં સાક્ષીને જાહેર કરવાનો કે

છુપાવવાનો અધિકાર છે, બલ્કે છુપાવવું અફઝલ છે.

હદીષ શરીફમાં હુઝૂર ﷺએ ફર્માવ્યું, **જે મુસલમાનની પર્દાપોશી કરશે અલ્લાહ તઆલા દુનિયા અને આખિરતમાં એની પર્દાપોશી કરશે.**

પરંતુ કોઈને ચોરી કરીને કાંઈ લેતાં જોયો હોય તો એની સાક્ષી આપવી **વાજિબ** છે, જેથી જેનો માલ ચોરાયો હોય તેનો હક્ મરાય નહીં. હા ! ગવાહ એટલી સાવચેતી વાપરી શકે છે, કે સાક્ષી આપતી વખતે ચોરીનો શબ્દ ન બોલે એવું કહે કે આ માલ ફલાણા માણસે લીધો હતો.

**૯૪.** કારણ કે આમાં લેણદેણ થયા પછી મામલો સમાપ્ત થઈ ગયો, એને કોઈ જાતની ચિંતા કે ભય રહ્યો નહીં. અને બીજું એ કે આ પ્રકારનું ખરીદ વેચાણ વધુ પ્રમાણમાં થાય છે, અને આમાં લખાણ અને ગવાહીની પાબંદી જાળવવી મુશ્કેલ બને છે.

**૯૫.** આ મુસ્તહબ છે, કારણ કે એમાં સાવચેતી છે.

**૯૬.** يُضَآرَّ "યુદાર્ર"ના બે અર્થ થઈ શકે છે, લખાણ લખનારને અને ગવાહને કષ્ટ ન આપો. અથવા એ લોકો લખાણ ન લખી આપીને અને ગવાહી ન આપીને કષ્ટ ન આપે. હઝરત અબ્બાસ رضی اللہ عنہماથી બન્ને કિ઼રઅતો સાબિત છે. જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہની કિ઼રઅત બીજા અર્થને સ્પષ્ટ કરે છે. લખનાર અને ગવાહને એ રીતે કષ્ટ પહોંચાડી શકાય કે તેઓને તેમનું કામકાજ છોડાવીને પોતાનું કામ કરી આપવા બળજબરી કરવામાં આવે. અથવા લખાણ લખનારને મેહનતાણુ આપવામાં ન આવે અથવા એ લોકો જો બીજી જગ્યાએથી હાજર થયા હોય તો તેમને ભાડુ ભથ્થુ આપવામાં ન આવે, વિગેરે. અને લખનાર અને સાક્ષી એ રીતે કષ્ટ આપી શકે છે કે ફુરસદ હોવા છતાં લખવાનો કે ગવાહી આપવાનો ઈન્કાર કરે, અથવા લખાણમાં કે ગવાહીમાં પોતાના તરફથી ઘટાડો વધારો કે સુધારો કરે.

**૯૭.** અને એ દરમ્યાન કરજ લેવાની જરૂરી ઉભી થાય.

**૯૮.** અને તેથી દસ્તાવેજ કે બીજું લખાણ કરવા અસમર્થ રહો, ત્યારે પોતાના મનના સમાધાન ખાતર.

**૯૯.** એટલે કે કોઈ વસ્તુ કરજ આપનારના કબ્જામાં ગીરો મૂકો.

**મસ્અલો** : આવું કરવું મુસ્તહબ છે. સફરની હાલતમાં ગીરો મૂકવું આયતથી અને બિન સફરની હાલતમાં ગીરો મૂકવું હદીષથી સાબિત છે. હુઝૂર ﷺએ મદીના શરીફમાં પોતાનું બખ્તર એક યહૂદી પાસે ગીરો મૂકયું હતું, અને તેના બદલે વીસ સાઅ (એક પ્રકારનું માપ) જવ લીધા હતા.

**મસ્અલો** : આ આયતથી ગીરો મૂકવું જાઈઝ અને એમાં કબ્જો સોંપી દેવાની શરત છે, એવું સાબિત થાય છે.

**૧૦૦.** એટલે કે કરજદાર જેને કરજ આપનારે અમીન સમજ્યો હતો.

**૧૦૧.** અમાનતથી કરજ મુરાદ છે.

**૧૦૨.** કારણ કે આવું કરવાથી હક્વાળાનો હક્ માર્યા જવાનો ભય છે. આ સંબોધન ગવાહોને છે કે જ્યારે તેઓને ગવાહી આપવા માટે બોલાવવામાં આવે ત્યારે હક્ક બાબતનો ન છુપાવે. અને એક મંતવ્ય અનુસાર આ સંબોધન કરજદારોને છે કે તેઓ પોતાની જાત પર (કરજ લીધા બાબત)ની ગવાહી આપવામાં પાછી પાની ન કરે.

**૧૦૩.** હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہماથી રિવાયત છે કે કબીરા ગુનાહોથી બધામાં મોટો ગુનોહ અલ્લાહ સાથે અન્યને શરીક કરવું, જૂઠી ગવાહી આપવી, તેમજ ગવાહી છુપાવવી છે.

# દર્સે હદીષે પાક એટલે

## મિર્અતુલ્ મનાજીહ તર્જુમએ મિશ્કાતુલ મસાબીહ

## મિર્આત (ઉર્દૂ) શરહે મિશ્કાત

અઝ : હકીમુલ ઉમ્મત હઝરત મુફ્તી અહમદ યારખાં નઈમી અશરફી બદાયૂની علیہ الرحمۃ والرضوان

કાર્યાલય

**હદીષ** :(ત્રીજો વિભાગ) : હઝરત અસ્મા બિન્તે અમીસ![૧] رضی اللہ عنہا થી રિવાયત છે. ફર્માવે છે કે મેં અર્ઝ કરી, યા રસૂલલ્લાહ ! صلی اللہ علیہ وسلم ફાતિમા બિન્તે અબી હુબૈશ رضی اللہ عنہا આટલી મુદ્દતથી ઈસ્તેહાઝામાં વ્યસ્ત છે કે નમાઝ ન પઢી શક્યાં[૨]. રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, સુબ્હાનલ્લાહ ![3] આ તો શૈતાનના તરફથી છે[૪] તેણી ટબમાં બેસી જયા કરે[૫]. જ્યારે પીળાશ પાણી પર જોઈ લે[૬] તો ઝોહર તથા અસ્રના માટે એક ગુસ્લ કરી લીધા કરે અને મગરિબ તથા ઈશાના માટે એક ગુસ્લ અને ફજરના માટે એક ગુસ્લ[૭] અને તેમના વચ્ચે વુઝૂ કરતી રહે[૮]. એને અબૂ દાઊદે રિવાયત કરી અને ફર્માવ્યું કે મુજાહિદ હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہما રિવાયત કરે છે કે જ્યારે એમના પર ગુસ્લ ભારે પડ્યું તો તેમને બે નમાઝો જમા કરવાનો હુકમ આપ્યો[૯].

**નમાઝનું વર્ણન** : (પ્રથમ વિભાગ)[૧૦] હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ થી રિવાયત છે. ફર્માવે છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું કે પાંચ નમાઝો અને જુમ્આથી જુમ્આ સુધી અને રમઝાનથી રમઝાન દરમ્યાનના ગુનાહ મિટાવનારી છે[૧૧] જ્યારે કબીરા ગુનાહોથી બચેલો રહે[૧૨]. *(મુસ્લિમ)*

**સમજૂતી : ૧.** મશહૂર સહાબિયા છે. ખૂબ જ આમિલા, સાલેહા, આબિદા હતાં. પ્રથમ હઝરત જઅફર ઈબ્ને અબી તાલિબના નિકાહમાં હતાં, તેમની સાથે આપે હબ્શાની તરફ હિજરત કરી. એમનાથી આપને ત્રણ પુત્રો થયા. અબ્દુલ્લાહ ઈબ્ને જઅફર, મુહમ્મદ, ઔન. હઝરત જઅફર رضی اللہ عنہ ની શહાદતના પછી હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ના નિકાહમાં આવ્યાં, જેમનાથી મુહમ્મદ ઈબ્ને અબૂબક્ર رضی اللہ عنہ પેદા થયા. હઝરત સિદ્દીક رضی اللہ عنہ ની વફાત પછી હઝરત અલી મુર્તઝા رضی اللہ عنہ ના નિકાહમાં આવ્યાં જેમનાથી યહ્યા ઈબ્ને અલી رضی اللہ عنہ પેદા થયા. આપનાથી હઝરત ઉમર, અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ, અબૂ મૂસા અશ્અરી જેવા જલીલુલકદર સહાબીઓએ હદીષો નકલ કરી.

**૨.** કેમ કે એ સમજ્યાં કે હૈઝની જેમ ઈસ્તેહાઝા પણ નમાઝ માટે આડ છે. પરંતુ ઈસ્તેહાઝા બંધ જ ન થયું તો ગભરાયાં કે ક્યાં સુધી નમાઝથી વંચિત રહું ?! ત્યારે મસ્અલો પૂછ્યો. યાદ રાખશો કે આ સ્થિતિમાં આપને ઈસ્તેહાઝાના જમાનાની નમાઝો કઝા કરવાનો હુકમ આપવામાં આવ્યો, પણ અહીં એનો ઉલ્લેખ નથી આવ્યો, કેમ કે મસ્અલાથી અજાણતામાં થયેલ કુસૂર ધમકી પાત્ર નથી.

**3.** આ સુબ્હનલ્લાહ આશ્ચર્યના માટે છે કે તમારાં જેવાં આકિલા, ગંભીરતાવાળાં બીબીએ પૂછયા વિના નમાઝ છોડી આપી ?! અમને કે ફકીહ સહાબીઓથી મસ્અલો પૂછવો જોઈએ.

**૪.** એટલે કે ઈસ્તેહાઝાની બીમારી શૈતાની અસરથી છે. એની તેહકીક પાછલી હદીષમાં વર્ણન થઈ ચૂકી કે જ્યારે હવા, પાણી તથા માટીમાં બીમાર કરી દેવાની અસર મૌજૂદ છે તો શૈતાન પણ અસર

કરીને બીમાર કરી શકે છે. અથવા તમારું વિના પૂછયે નમાઝ છોડેલા રહેવું શૈતાની અસર અને એના ધોકાથી છે. યાદ રાખશો કે અલ્લાહના મહબૂબ બંદાઓ ઉપર પણ શૈતાનનો દાવ ચાલી જાય છે. હઝરત આદમ علیہ السلامને ઘઉં ખાવાનું આકર્ષણ શૈતાને જ આપ્યુ હતું. فَأَزَلَّهُمَا الشَّيْطٰنُ હા ! એ મક્બૂલ બંદાઓને શૈતાન ગુમરાહ નથી કરી શકતો. ગુમરાહી અલગ ચીજ છે, અને ફિસ્ક્ અલગ ચીજ છે, અને ખતા તથા ગલતી અલગ ચીજ છે. રબ ફર્માવે છે : اِنَّ عِبَادِیْ لَیْسَ لَكَ عَلَیْهِمْ سُلْطٰنٌ "મારા બંદાઓ પર તને કોઈ ગલ્બો નથી." *(સૂરએ હિજર, આ. ૪૨)*

અને ખુદ શૈતાને કહ્યું હતું :–

وَ لَاُغْوِیَنَّهُمْ اَجْمَعِیْنَ ﴿۳۹﴾ اِلَّا عِبَادَكَ مِنْهُمُ الْمُخْلَصِیْنَ ﴿۴۰﴾

"અને એ સૌને બેહકાવીશ પણ સિવાય તારા તે બંદાઓના જે ચૂંટી કાઢવામાં આવેલા છે." *(સૂરએ હિજર, આ. ૩૯, ૪૦)*

**૫.** એટલે કે પાણીનું ટબ પૂરુ ભરીને બેસી જાય જેથી એનાથી ઝોહરના સમયની રવાનગી અને અસરનું આગમન માલૂમ કરી લે. (અશિઅતુલ લમ્આત, મિર્કાત વગેરે) અથવા ખુદ એ ભરેલા ટબમાં બેસ્યા કરે ઠંડકના માટે જેથી એ ઠંડકથી બીમારીનું જોર તૂટી જાય.

**૬.** એટલે કે પાણી પર સૂર્યનાં કિરણો પીળા થઈને પડવા લાગ્યાં, જેનાથી જાણવા મળ્યું કે હવે અસરનો સમય નજીક છે તો ગુસ્લ કરીને ઝોહર તથા અસર પઢે. (મિર્ક્ાત વગેરે) અથવા જ્યારે ઈસ્તેહાઝાના લોહીની અસર પાણી પર જાહેર થઈ જાય કે પાણીનો રંગ પીળો પડી જાય ત્યારે ટબમાંથી નીકળી આવે. પ્રથમ ખુલાસા પર આ ટબનો અમલ સમય માલૂમ કરવાના માટે છે. બીજા ખુલાસા પર આ અમલ ઈલાજના માટે છે. યાદ રાખશો કે તડકાનું પીળુ થવું અલગ ચીજ છે કે એ તો અસરના અંતિમ સમયે થાય છે. જ્યારે નમાઝ મકરૂહ થઈ જાય છે અને પાણી પર કિરણોનો પીળાશ કાંઈ ઔર છે અને આ ઝોહરના અંતિમ સમયે થાય છે. જેથી આ હદીષ બેગુબાર (સ્પષ્ટ સાફ) છે.

**૭.** એટલે કે દરરોજ ત્રણવાર ગુસ્લ કરી લીધા કરે જેથી અલ્લાહ એમને ઈસ્તેહાઝાની બીમારીથી શિફા આપે. જેમ કે અગાઉ વર્ણન આવી ગયું કે આ હુકમ ઈલાજના રૂપે છે, શરઈ હુકમ નથી, અને ન ઈસ્તેહાઝાવાળી પર આ ગુસ્લ શરીઅતની રૂએ વાજિબ છે.

**૮.** એટલે કે જો એમના સિવાય અન્ય સમયે નફ્લ અથવા તિલાવતે કુર્આન વગેરેના માટે વુઝૂ કરવાનુ હોય તો કેવળ વુઝૂ પૂરતુ છે, ગુસ્લ ન કરે. જેનાથી જણાવ્યું કે આ હુકમ કેવળ ઈલાજના માટે છે.

**૯.** એટલે કે હુઝૂર ﷺએ જે એમને કેવળ દિવસમાં ત્રણવાર ગુસ્લોનો હુકમ આપ્યો, એ એમની મજબૂરીના કારણે, નહીં તો પાંચવાર ગુસ્લ અધિક બેહતર હતું. જાણવા મળ્યું કે આ આ હુકમ ઈલાજના માટે છે, શરીઅતના હુકમથી નથી. બે નમાઝો ભેગી કરવાથી મુરાદ કેવળ જોવામાં ભેગુ કરવું છે કે ઝોહર અંતિમ સમયમાં પઢે અને અસર શરૂ સમયમાં પઢે, એવું નહીં કે હક્ીક્તમાં ભેગી કરવી કે ઈસ્તેહાઝાવાળી માટે નમાઝો ભેગી કરવાને માનવાવાળો કોઈ નથી. મુસાફિરમાં મતભેદ છે. આપણા ઈમામ સાહબને ત્યાં એ પણ ભેગી નથી કરી શકતો.

**૧૦.** સલાત (صلوٰۃ) એ સલ્લા (صلی)થી બન્યું, ગોશ્ત શેકવાના અર્થમાં, આગ પર પકાવવું. રબ ફર્માવે છે : سَیَصْلٰی نَارًا ذَاتَ لَهَبٍ ﴿۳﴾ "નજીકમાં જ ભડકનારી આગમાં જશે." *(સૂરએ લહબ, આ. ૩)* તેમજ આગથી લાકડી સીધી કરવાને તસ્લિયા કહેવામાં આવે છે. કેમ કે નમાઝ પોતાના નમાઝીના નફ્સને મુજાહિદા તથા કષ્ટની આગ પર સળગાવે છે, તેમજ

એને સીધો કરે છે એટલા માટે એને સલાત કહે છે. હવે સલાતનો અર્થ દુઆ, રહમત, રહમતનુ ઉતરવું, ઈસ્તિગફાર, સીટ હલાવવું છે. કેમ કે આ સર્વ ચીજો નમાઝમાં હોય છે, એટલા માટે નમાઝને સલાત કહે છે. ઈસ્લામમાં સર્વ અમલોથી પહેલાં નમાઝ ફર્ઝ થઈ. એટલે નબુવ્વતના અગ્યારમા વરસે હિજરતથી બે વરસ અમુક મહિના પહેલાં. તેમજ સર્વ ઈબાદતો અલ્લાહ તઆલાએ ફર્શ પર મોકલી, પણ નમાઝ પોતાના મહબૂબને અર્શ પર બોલાવીને આપી. એટલા માટે કલ્મએ શહાદત પછી સૌથી મહાન ઈબાદત નમાઝ છે. જે નમાઝ સીધી કરીને પઢે તો નમાઝ તેને પણ સીધો કરી આપે છે. નમાઝનાં રહસ્યો તથા મુદ્દાઓ મારી કિતાબ *અસ્રારુલ અહકામ* અને *તફસીરે નઈમી, પારા–૧* માં જુઓ. નમાઝો ચાર પ્રકારની છે : ફર્ઝ, વાજિબ, સુન્નતે મુઅક્કદા, નફ્લ.

**૧૧.** એટલે કે નમાઝે પંજગાના દરરોજના સગીરા ગુનાહોની માફીનો ઝરીયો છે. જો કોઈ એ નમાઝોના થકી ગુનાહ ન બખ્શાવશે તો નમાઝે જુમ્આ પૂરા અઠવાડિયાના ગુનાહોનો કફ્ફારો થશે, અને જો કોઈ જુમ્આ થકી પણ ગુનાહ ન બખ્શાવી શક્યો તો એટલે કે તેની સારી રીતે અદા ન કરી તો રમઝાન વરસ ભરના ગુનાહોનો કફ્ફારો છે. જેથી આ હદીષ પર એ વાંધો નથી કે જયારે દરરોજના ગુનાહો પંજગાના નમાઝોથી માફ થઈ ગયા તો જુમ્અહ અને રમઝાનથી કયા ગુનાહો માફ થશે. યાદ રાખશો કે કબીરા ગુનાહ જેમ કે કુફ્ર, શિર્ક, ઝિના, ચોરી... વગેરે એ જ પ્રમાણે બંદાઓના હક્કો તૌબા કર્યા વિના તથા અદા કર્યા વિના માફ થતા નથી.

**૧૨.** યાદ રાખશો કે જે અમલો ગુનેહગારોની માફીનો ઝરીયો છે તે નેકોકારોના દરજાઓની બુલંદીનો ઝરીયો છે. જેમ કે માસૂમો તથા ગુનાહોથી મહેફૂઝ લોકો નમાઝની બરકતથી બુલંદ દરજા પામે છે. જેથી હદીષ પર વાંધો નથી કે પછી જોઈએ કે નેક લોકો નમાઝો ન પઢે કે નમાઝો ગુનાહોની માફીના માટે છે અને તેઓ તો પહેલેથી બેગુનાહ છે !

પેજ નં. 24 નું ચાલુ...

ઝબાન મુબારકથી ફર્માવ્યું કે શયખુલ ઈસ્લામ કુત્બુદ્દીન દરરોજ રાત્રે ત્રણ હજારવાર દુરૂદ શરીફ પઢતા પછી સૂતા.

### ★ આપના મુજાહિદા તેમજ દુઆની બરકત ★

ત્યારબાદ શયખુલ ઈસ્લામ قدس سرہના મુજાહિદાની બાબતે ફર્માવ્યું કે **વીસ વરસ સુધી અલ્લાહની ઈબાદતમાં સૂતા નથી અને ન તો આડા પડયા !** પછી ફર્માવ્યું કે દુરવેશના માટે ખ્વાબ (ઊંઘ) હરામ છે, એટલા માટે કે જ્યારે દુરવેશ છે તો ખ્વાબ તથા આરામ હરામ થઈ જાય છે. એક દિવસ શમ્સ વબીરે મુતવ્વલ (કિતાબ) લાવીને પઢવાની ઈજાઝત માગી. આપે ફર્માવ્યું, બેસીને પઢો. જેમ જેમ તે પઢતો હતો તેમ તેમ આપ તેના અર્થ વર્ણવતા હતા અને અમુક જગાએ ઈસ્લાહ (સુધારણા) પણ કરતા હતા, જેનાથી શમ્સ દબીર ખૂબ જ ખુશ થયો. એ દરમ્યાન જ શયખુલ ઈસ્લામે પૂછયું કે તારી તમન્ના શું છે ? અર્ઝ કરી કે મારી મા વૃધ્ધ છે. હું તેમની પરવરિશમાં રહુ છું અને રોજીની તંગી છે. આપે ફર્માવ્યું, બજારથી ખાંડ લઈ આવ ! તો શમ્સ દબીર ગયો અને અમુક માત્રામાં લઈ આવ્યો. એમાં એક ચીતલ (વજનનું માપ શેર, કિલો જેમ) કમસે કમ પચાસ ચીતલના બરાબર હતો. શયખુલ ઈસ્લામે ફર્માવ્યું કે એને વહેંચી દો. દરેકને એક ચીતલના બરાબર મળ્યું, અને મને ચાર ચીતલના જેટલુ અર્પણ કર્યું.

શયખુલ ઈસ્લામે દુઆ ફર્માવી તો તેની રોજીમાં વૃધ્ધિ થઈ. જેથી થોડાક જ દિવસમાં સુલ્તાન ગ્યાસુદ્દીનને ત્યાં દબીર ગયો અને તેનું કામ બની ગયું. اَلْحَمْدُ لِلّٰهِ عَلٰی ذٰلِكَ

# હદાઈકે બખ્શિશ

અઝ : આ'લા હઝરત
ઈમામ અહમદ રઝા મુહદ્દિષે બરેલ્વી رحمۃ اللہ علیہ
:: શરહકર્તા ::
મૌલાના ગુલામહસન કાદરી (લાહોર)
:: અનુવાદક તથા સંપાદક ::
પટેલ શબ્બીર અલી રઝવી

**ચમક તુઝસે પાતે હૈં સબ પાનેવાલે-મેરા દિલ ભી ચમકા દે ચમકાને વાલે**

**અર્થાત** : હુઝૂર ﷺ ફર્માન છે : انامن نور الله وكل الخلائق من نورى او كماقال عليه الصلوة والسلام "હું અલ્લાહના નૂરથી છું અને સર્વ મખ્લૂક મારા નૂરથી છે." અને આ પ્રકારની અન્ય ઘણી બધી હદીષોથી જાણવા મળ્યું કે યા રસૂલલ્લાહ ! ﷺ જે પણ જમાનાભરમાં ચમકયુ છે તે આપના નૂરથી જ ચમકેલ છે. કેમ કે આપ જ કાઈનાતની અસ્લ અને કાઈનાતના અસ્તિત્વનો સબબ છો. તો પછી હે મારા નૂરવાળા આકા ! ﷺ મારું દિલ જે ગુનાહોથી કાળુ થઈ ચૂક્યું છે એના ઉપર પણ નૂરનું એક કિરણ નાખી દો કે જેથી એમાં પણ ચમક પેદા થઈ જાય.

*તૂ આયા તો હૂઈ કાફૂર દુન્યાસે શબે ઝુલ્મત-તૂ આયા તો હૂએ અર્ઝો સમાં કૌનો મકાં રોશન*
*સનદ માંગી નહીં અહલે નઝરસે આજ તકમેં-કરેગી મિદહતે સરકાર હી નામો નિશાં રોશન*

આ શેઅરની ઈમાન અફરોઝ શરહ "જબલે નૂર" માં આ પ્રમાણે છે. ઈમામ કસ્તલાની શારેહે બુખારી ફર્માવે છે : "હુઝૂર સરવરે આલમ ﷺ રાઝે ઈલાહીના ખજાના અને અમ્રે ઈલાહી લાગુ થવાની જગા (મઝહર) છે. કોઈ હુકમ લાગુ નથી થતો પણ હુઝૂર ﷺના દરબારથી, અને કોઈ નેઅમત કોઈને નથી મળતી પણ હુઝૂર ﷺની સરકારથી મળે છે."

આ જ બયાન મોહક્કિક ઉલમાનું છે અને એ જ જમહૂર (બહુમત) મુસ્લિમોનું ઈમાન છે કે **દુનિયામાં કોઈ પણ નેઅમત જે કોઈને પણ મળી હુઝૂર ﷺના જ દરબારથી મળી.** રસૂલોને રિસાલત તથા નબીઓને નબુવ્વત મળી તો અહીંથી જ મળી. વલીઓને વિલાયત, ઈમામોને ઈમામત, સખીઓને સખાવત, અને બહાદુરોને શુજાઅત (બહાદુરી) મળી તો અહીંથી જ મળી. સાચાઓને સદાકત, આદિલોને અદાલત અને સૈયદોને સિયાદત મળી તો અહીંથી જ મળી. જેમ કે આ'લા હઝરત ફર્માવે છે :

*لا وَرَبِّ الْعَرْش (લા વ રબ્બિલ અર્શ) જિસકો જો મિલા ઉનસે મિલા-બટતી હૈ કૌનેનમેં નેઅમત રસૂલુલ્લાહ ﷺ કી*

એના ઘણા દ્રષ્ટાંતો હદીષોની કિતાબોમાં ભરેલાં છે : જેમ કે જંગે બદરમાં હઝરત કતાદા رحمۃ اللہ علیہની બંનેવ આંખો તીર લાગવાથી ચહેરા પર વહી ગઈ. તો હુઝૂર ﷺએ તેમને તેમના ઠેકાણે મૂકી થૂક મુબારક લગાડી આપ્યું તો તે આંખો રોશન થઈ ગઈ ! જંગે ઓહદમાં હઝરત અબૂઝર رحمۃ اللہ علیہની આંખ ફૂટી ગઈ તો આપ ﷺએ ત્યાં થૂંક મુબારક રાખ્યું તો આંખ પહેલાં કરતાં રોશન થઈ ગઈ. આવા અનેક પ્રસંગો હુઝૂર ﷺની ઈનાયતોના સાક્ષી છે.

**બરસતા નહીં દેખ કર અબ્રે રહમત–બદોં પર ભી બરસા દે બરસાને વાલે**

*(અબ્રે રહમત = રહમતનું વાદળ, બદોં = ગુનેહગારો)*

**અર્થાત :** હે મારા આકા ! ﷺ અમારા અમલો ભલે ઘણા બુરા છે, કદાચ એને જોઈને જ રહમતનું વાદળ અમારા પર નથી વરસતુ. હે પ્યારા નબી ! ﷺ આપ મહેરબાની ફર્માવો અને રહમતના વાદળને હુકમ આપો કે અમ ગુનેહગારો ઉપર પણ રહમતના છાંટા નાખે જેથી ગુનાહોની ખરાબીઓ અમારાથી દૂર થઈ જાય અને દિલ આપના નૂરથી મુનવ્વર તથા રોશન થઈ જાય.

**મદીને કે ખિત્તે ખુદા તુઝકો રખ્ખે–ગરીબોં ફકીરોં કે ઠહરાને વાલે** *(ખિત્તે = ટૂકડા, ભૂમિ)*

**અર્થાત :** હે અમારા મદીનાવાળા આકા ! ﷺ ખુદા તઆલા તમને તાકયામત સલામત રાખે, કે અમારા જેવા ગરીબો, મિસ્કીનોને તમે પનાહ તથા ઠેકાણુ અતા કરવાવાળા છો.

**તૂ ઝિંદા હૈ વલ્લાહ ! તૂ ઝિંદા હૈ વલ્લાહ !–મેરે ચશ્મે આલમસે છુપ જાને વાલે**

**અર્થાત :** હે મારા આકા ! ﷺ કસમ ખુદાની ! આપ ઝિંદા છો ! હા ! હા ! (આપને મુર્દા કહેવાવાળા ખુદ મુર્દા છે !) મારા આકા ! અલ્લાહની કસમ ! આપ ઝિંદા છો ! (કેમ કે આપે ખુદ ફર્માવ્યું છે કે **નબી પોતાની કબરોમાં પણ જીવંત હોય છે.** ત્યારે જ તો મેઅરાજની રાતમાં તમામ નબીઓએ આપની પાછળ નમાઝ અદા કરી. મૂસા علیہ السلامને આપે કબ્રમાં ઉભા થઈને નમાઝ પઢતા જોયા.) *–(મુસ્લિમ, મિશ્કાત)* ભલા ! અમે આપની વાત માનીએ કે મુન્કિરોની બકવાસ માનીએ ?! બાકી રહ્યું એ કે તો પછી જોવામાં કેમ નથી આવતા ?! તો અમારો સવાલ છે કે શું બાકી રહેનારી સર્વ ચીજો બાકી રહેવા છતાં નજર આવે છે ? શું હવા, ઈમાન, બુધ્ધિ તેમજ નકીરૈન જેઓ દરેક માણસના ખભાઓ પર બેઠેલા છે તે દેખાય છે ?! તો જ્યારે ગુલામ નજર નથી આવતા તો આકા કેવી રીતે નજર આવે ?! મારા આકા ! ﷺ આપે કેવળ મારી જાહેરી આંખોથી જ પર્દો કર્યો છે, દિલ આપના નૂરથી જ આબાદ છે.

**મૈં મુજરિમ હૂં આકા મુઝે સાથ લે લો–કે રસ્તેમેં હૈં જા બજા થાને વાલે**

**અર્થાત :** હે મારા પ્યારા નબી ! ﷺ હું મુજરિમ તથા કુસૂરવાર છું. અને મુજરિમો પાછળ દરેક સમયે પોલીસવાળા લાગેલા રહે છે. એ જ પ્રમાણે મારી પાછળ પણ અલ્લાહના ફરિશ્તા લાગેલા છે, તો આપ મને આપની પનાહ (શરણ) અતા કરો, જેથી :

*ઢુંઢા હી કરેં સદરે કયામતકે સિપાહી–વો કિસકો મિલે જો તેરે દામનસે છુપા હો*

અથવા "થાના"વાળાથી મુરાદ દેવબંદી મોલ્વી અશરફ અલી થાનવીના અકીદાવાળા ગુસ્તાખો મુરાદ છ જેમણે હુઝૂર ﷺના ઈલ્મ મુબારકને બાળકો, પાગલો તથા જાનવરો સાથે મિલાવ્યો. *(હિફઝુલ ઈમાન)* જેથી બદઅકીદા લોકોથી બચવાના માટે હુઝૂરે અકદસ ﷺની પનાહ ઢુંઢવામાં આવી રહી છે કે યા રસૂલલ્લાહ ! ﷺ આવા બદઅકીદાઓથી બચવા આપની પનાહમાં આપના દરેક ઉમ્મતીને લઈ લો.

**હરમકી ઝમીં ઔર કદમ રખકે ચલના ?–અરે ! સરકા મૌકા હૈ ઓ જાને વાલે**

**અર્થાત :** હરમૈન શરીફૈન (મક્કા–મદીના શરીફૈન)ની ભૂમિ તો એટલી પવિત્ર તથા પાકીઝા છે કે આપણુ ચાલે તો એના પર કદમ રાખીને ચાલવાને બદલે માથાભેર ચાલીને જવું જોઈએ. અવલિયાએ કિરામ અને ઉલમાએ રબ્બાનીના ઘણીવારના બનાવો પેશ કરવામાં આવેલા છે કે તેઓ આ મુકદસ શહેરોનો કેટલો એહતેરામ

કરતા હતા અને આપણે પણ એ શહેરોનો અદબ જ અલ્લાહથી માગીએ છીએ. ઈમામ માલિક رضی اللہ عنہ મદીના પાકમાં કઝાએ હાજત કરતા ન હતા. હઝરત સઈદ અહમદ કાઝમી رحمۃ اللہ علیہએ મદીના પાકમાં વાગેલ કાંટો કાઢ વાને બદલે તેના પર કપડુ બાંધી તેને સલામત રહેવા દીધો ! સાચુ જ કહ્યું છે કોઈકે :

*ઉનકી ગલી કે ખાર કશીદા હૈં કિસ લિએ–આંખોંમેં આએં, સરપે રહેં, દિલમેં ઘર કરેં*

**ચલ ઉઠ જબિહા ફરસા હો સાકી કે દર પર–દરે જૂદ અય મેરે સસ્તાને વાલે**

*(જબિહા ફરસા = પેશાની રગડનાર, સસ્તાને વાલે = ઈશ્કે રસૂલમાં મસ્ત રહેનાર, જૂદ = સખાવત)*

**અર્થાત :** હે મારા આકા ﷺના ઈશ્કના દિલમાં સજાવનારા દીવાના ! ચાલ, જા ! સરકારે રહમત ﷺના દરબારમાં કે રહમતનો દરવાજો ખુલી ગયો છે, અને સાકીએ કૌષરનો ફયઝ સતત વહી રહ્યો છે. ત્યાં જઈને માથુ રગડ ! એટલે સર્વ અદબો બજાવી લાવ ! અથવા મતલબ એ છે કે પહેલા અલ્લાહની બારગાહમાં શુક્રાનાના નફલો અદા કર, કેમ કે એણે તને દરે મુસ્તફા ﷺની હાજરીથી નવાઝયો છે અને પછી હુઝૂર ﷺના કદમોમાં આવીને સરકાર ﷺથી ફયઝની ભીખ માગ !

*હૈ અન્વારે રહમત મદીને કી કલિયાં – દિલો જાંકી રાહત મદીને ગલિયાં*

*ફરિશ્તોંમેં કલ રાત યહ ગુફતગૂ થી – હૈ જન્નત હી જન્નત મદીનેકી ગલિયાં*

કોઈ એવું ન સમજે કે પહેલા અર્થના હિસાબે તો આ'લા હઝરત رضی اللہ عنہએ હુઝૂર ﷺને સિજદો કરવાની શીખ આપી છે. ઈલ્મવાળા જાણે છે કે આ'લા હઝરત رضی اللہ عنہએ "તાઝીમી સિજદો હરામ" હોવા પર આખી કિતાબ લખી છે જેનું નામ છે "અઝ્ઝુબ્તુઝ્ઝકિય્યહ ફી હુર્મતિસ્સિજદતિત્તહિય્યહ." અને એ પણ દરેક ઈલ્મવાળો જાણે છે કે હાજરીના આદાબ (નિયમો) આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رضی اللہ عنہની નજીક કેટલી સાવધાનીના તકાદાવાળા છે ! જેથી સવાલ જ નથી ઉઠતો કે આ'લા હઝરતનો કોઈ એવો મનસૂબો હોય.

**તેરા ખાએં તેરે ગુલામોંસે ઉલઝેં–હય મુન્કિર અજબ ખાને ગુર્રાને વાલે**

*(મુન્કિર = નકારાનારા, ગુર્રાના = વિના કારણે ગુસ્સામાં શોર મચાવવો)*

**અર્થાત :** હે મારા આકા ﷺ આ આપની અઝમત (મહાનતા)ના મુન્કિરો પણ અજીબ પ્રકારના લોકો છે કે આપનો સદકો ખાય છે અને આપના જ ગુલામો સાથે ઉલઝે છે. આપના દીનનું જ નામ લઈને લોકોથી પૈસા પડાવે છે અને આપની જ વિરૂધ્ધ લખી લખીને પોતાના નામાએ આમાલની જેમ કાગળો કાળા કરી રહ્યા છે. *શરમ ઉન્કો મગર નહીં આતી !*

**રહેગા યૂંહી ઉન્કા ચર્ચા રહેગા–પળે ખાક હો જાએં જલ જાનેવાલે**

**અર્થાત :** હે મુન્કિરો ! તમો સરકારે મદીના ﷺનો ઝિક્ર મુબારક સાંભળીને સળગી મર્યા કરો ! અથવા બળી બળીને મરી જાવ ! અને મરીને ધૂળમાં મળી જાવ ! હુઝૂર ﷺની અઝમતના ડંકા વાગતા જ રહેશે ! કેમ કે જ્યારે અલ્લાહ એમના ઝિક્રને બુલંદ કરવાની વાત કરે છે, તો કોનામાં હિંમત છે કે બંધ કરી શકે ?! અલ્લાહે તો જન્નતના દરવાજાઓ પર અને જન્નતની દરેક ચીજ પર પોતાના હબીબ ﷺનું નામ લખી દીધું છે ! ક્યાં ક્યાંથી મિટાવશો ?!

અને હે મારા પ્યારા નબી ! ﷺ :– *તેરે દુશ્મન જલતે રહેંગે – જલ જલ કે મરતે રહેંગે*

*હમ યહી પળ્હતે રહેંગે – સલવા તુલ્લા અલૈક* વધુ પેજ નં. 27 પર




❑ લેખક ❑
મૌલાના અખ્તરહુસૈન ફૈઝી મિસ્બાહી
❑ અનુવાદક ❑
હાફિઝ અબ્દુર્રહમાન દાઊદ નક્શબંદી પારખેતી
*(મુતઅલ્લિમ : જામિઆ અશ્રફિયા–મુબારકપુર)*

**(પ્રકરણ : ૧૩)**

## હબ્શાની હિજરત

દીનની રક્ષાના માટે પોતાનું વતન છોડી બીજી જગાએ આબાદ થઈ જવાને "હિજરત" કહે છે. જ્યારે મુસલમાનો પર દરરોજ નવી મુસીબત આવવા લાગી, અને જુલ્મ વધુ થવા લાગ્યો તો રહમતે આલમ ﷺએ ફર્માવ્યું, તમારામાંથી જે ઈચ્છે તે હબશા જતુ રહે. (અત્યારે હબ્શાને ઈથોપિયા કહે છે) આ ઈર્શાદે મુબારક સાંભળી એલાને નબુવ્વતના પાંચમાં વર્ષે રજબના મહિનામાં ૧૧ પુરૂષો અને ૦૪ સ્ત્રીઓએ પોતાના વતનને છોડી હબ્શાની તરફ હિજરત કરી. તે હિજરત કરનારાઓનાં મુકદ્દસ નામો આ પ્રમાણે છે :–

(૧) હઝરત ઉષ્માનગની رضی اللہ عنہ (૨) હઝરત અબૂ હુઝૈફા رضی اللہ عنہ (૩) હઝરત અબૂ સલ્મા رضی اللہ عنہ (૪) હઝરત આમિર બિન રબીઆ رضی اللہ عنہ (૫) હઝરત ઝુબેર બિન અવ્વામ رضی اللہ عنہ (૬) હઝરત મુસ્અબ બિન ઉમૈર رضی اللہ عنہ (૭) હઝરત ઉષ્માન બિન મઝઊન رضی اللہ عنہ (૮) હઝરત અબ્દુર્રહમાન બિન ઔફ رضی اللہ عنہ (૯) હઝરત અબૂ સબ્રા બિન અબી ઝહમ અથવા હાતિબ બિન અમ્ર رضی اللہ عنہ (૧૦) હઝરત સુહેલ બિન બૈઝાઅ્ رضی اللہ عنہ (૧૧) હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ (૧૨) હઝરત બીબી રૂકૈયા رضی اللہ عنہا હઝરત ઉષ્માને ગની رضی اللہ عنہનાં પત્ની, આ રસૂલે કરીમ ﷺના પુત્રી હતાં. (૧૩) હઝરત સુહૈલા બિન સુહેલ. હઝરત અબૂ હુઝૈફા رضی اللہ عنہاનાં પત્ની (૧૪) હઝરત ઉમ્મે સલ્મા, હઝરત અબૂ સલ્મા رضی اللہ عنہનાં પત્ની (૧૫) હઝરત લૈલા બિન્તે અબી હશ્મા. આમિર બિન રબિઆ رضی اللہ عنہاનાં પત્ની.

હબ્શાનો બાદશાહ જેનું નામ 'અઝહમા' અને લકબ 'નજાશી' હતો, ઈસાઈ ધર્મનો માનવાવાળો હતો. બહુ જ સારા સંસ્કારવાળો અને ઈન્સાફ પસંદ હતો. તેણે પોતાના મુલ્કમાં મુસલમાનોને બહુ સારી રીતે રાખ્યા. મક્કાના કાફિરોએ જ્યારે જોયું કે મુસલમાનોએ હબ્શામાં પનાહ મેળવી લીધી છે અને ચેન તથા સુકૂનથી જીવન વિતાવી રહ્યા છે તો તેમનાથી મુસલમાનોનો આરામ ન જોઈ શકાયો અને તેમનું એક પ્રતિનિધિમંડળ હબ્શાના બાદશાહના દરબારમાં પહોંચ્યું અને કહ્યું કે, હે બાદશાહ ! આ લોકો અમારા મુજરિમ છે. મક્કાથી નાસીને આવ્યા છે, અને આપના મુલ્કમાં પનાહ લીધેલ છે, તેમને અમારા હવાલે કરી દેવામાં આવે. બાદશાહ બુદ્ધિમાન હતો. તેણે મુસલમાનોને બોલાવ્યા અને પૂછયું, શું વાત છે ?! તેમનામાંથી હઝરત અલી رضی اللہ عنہના ભાઈ હઝરત જઅ્ફર તૈયાર رضی اللہ عنہ પ્રતિનિધિની હેસિયતથી આગળ વધ્યા, પરંતુ શાહી દરબારના દસ્તૂર પ્રમાણે

બાદશાહને સજદો ન કર્યો. દરબારીઓએ વાંધો ઉઠાવ્યો તો આપે કહ્યું કે અમારા નબી ﷺએ અમને તા'લીમ આપી છે કે અલ્લાહના સિવાય કોઈને પણ સજદો કરવો જાઈઝ નથી. ત્યાર બાદ આપે આ પ્રમાણે તક઼રીર ફર્માવી :–

હે બાદશાહ ! અમે જાહિલ હતા, મૂર્તિપૂજા કરતા હતા, બદ્‌કારી કરતા હતા, એકબીજાને સતાવતા હતા, અને કમજોરો પર જુલ્મ કરતા હતા, આવા માહોલમાં અલ્લાહ તઆલાએ અમારી હિદાયત માટે અમારામાંથી જ એક રસૂલ મોકલ્યા. જેમણે અમને સાચા ધર્મની તરફ દા'વત આપી. બુરાઈઓથી રોકયા, લોકો સાથે સારો વર્તાવ કરતાં શિખવ્યું, મૂર્તિપૂજાથી દૂર રાખ્યા અને દેખાડયું કે આ મૂર્તિઓ તમારો મઅબૂદ (ખુદા) નથી. તમારો મઅબૂદ ફક્ત અલ્લાહ છે ! તેને જ સજદો કરો. અમે તે નબીએ બરહક઼્ક઼ પર ઈમાન લાવ્યા તો અમારી ક઼ૌમ અમારી દુશ્મન બની ગઈ, એટલા માટે અમે તેમનાથી જાન છોડાવી આપની સલ્તનતમાં પનાહ લીધી છે. અને આ લોકો અમને ફરીથી તે જ રાજ્યમાં ગુમરાહીમાં લઈ જવા ઈચ્છા છે.

હઝરત જઅ્ફર رضی اللہ عنہ તૈયારની આ તક઼રીર સાંભળી બાદશાહ બહુ ખુશ થયો. મક્કાના પ્રતિનિધિમંડળે જ્યારે આ જોયું તો ઘણા પરેશાન થયા અને છેલ્લી ચાલ એ ચાલી કે તેઓ બાદશાહને કહેવા લાગ્યા, મુસલમાનો તમારા નબી ઈસા علیہ السلام વિશે ગલત વિચારો ધરાવે છે !

બાદશાહે હઝરત જઅ્ફર તૈયારને પૂછયું, સારું તો જણાવો કે તમે અમારા નબી ઈસા علیہ السلامના વિશે શું કહો છે ?! તો હઝરત જઅ્ફર رضی اللہ عنہએ સૂરએ મયરમની તિલાવત કરી. કલામે ઈલાહીના પ્રભાવથી બાદશાહ પર રિક્કત છવાઈ ગઈ, તેની આંખોમાંથી આંસૂ વહેવા લાગ્યાં. હઝરત જઅ્ફર તૈયાર رضی اللہ عنہએ ઈર્શાદ ફર્માવ્યો, અમારા નબી મુહમ્મદુર્રસૂલુલ્લાહ ﷺએ અમને જણાવ્યું કે ઈસા علیہ السلام કુંવારી મરયમના પેટથી વગર બાપે પેદા થયા, તે અલ્લાહના બંદા અને તેના રસૂલ છે. જ્યારે નજ્જાશી બાદશાહે આ વાત સાંભળી તો કહ્યું; બેશક ! ઈન્જીલ અને કુર્આન બંને એક જ વાતની તા'લીમ આપે છે. હું ગવાહી આપું છું કે મુહમ્મદ મુસ્તફા ﷺ તે જ રસૂલ છે જેમની બશારત (ખુશ ખબરી) અમારા નબીએ આપી. બાદશાહે કુરૈશના પ્રતિનિધિમંડળને રાજ્યથી કાઢી મૂક્યું અને મુસલમાનોને હુકમ આપ્યો કે તેઓ આ રાજ્યમાં જ્યાં ઈચ્છે ત્યાં સુકૂનથી રહે, તેમને કોઈ આંખ દેખાડી શક્તું નથી.

*(પ્રકરણ : ૧૪)*

## હઝરત હમ્ઝા رضی اللہ عنہ અને હઝરત ઉમર رضی اللہ عنہનો ઈસ્લામ

કાફિરોના જુલ્મો સિતમ છતાં ઈસ્લામ દિવસે દિવસે વિકસિત થતો રહ્યો. એલાને નબુવ્વતના છઠ્ઠા વર્ષે રસૂલે અકરમ ﷺના કાકા હઝરત હમ્ઝા رضی اللہ عنہ અને હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہએ ઈસ્લામ ક઼બૂલ કર્યો. પહેલાં હઝરત હમ્ઝા رضی اللہ عنہએ ઈસ્લામ સ્વીકાર્યો અને તેના ત્રણ દિવસ પછી હઝરત ઉમર ફારૂક઼ رضی اللہ عنہ ઈસ્લામના વર્તુળમાં દાખલ થયા.

આ બંને વ્યક્તિના ઈસ્લામ સ્વીકારથી ઈસ્લામને એક નવી તાક઼ત મળી ગઈ.

હઝરત હમ્ઝા رضی اللہ عنہ બહુ શક્તિશાળી અને અરબના જાણીતા બહાદુર હતા. શિકારના બહુ શોખીન હતા. એક દિવસ તેઓ શિકાર કરી પરત ફર્યા તો ઈબ્ને જદ્‌આનની લોંડી અને ખુદ એમનાં બહેન હઝરત બીબી સફિય્યા رضی اللہ عنہاએ તેમને

ખબર આપી કે આજે અબૂ જહલે તમારા ભત્રીજા મુહમ્મદ બિન અબ્દુલ્લાહ સાથે બહુ બદ્ઝબાની કરી અને એટલા જોરથી પથ્થર માર્યો કે તેમના કપાળળથી લોહી નીકળી પડયું. આપની બહાદુરી અને તાકૃત અરબમાં મશ્હૂર છે, પરંતુ આ કેવું કે કોઈ પણ વ્યક્તિ તમારા બેગુનાહ ભત્રીજાને જે ઈચ્છે છે કહી દે છે. આ સાંભળી હઝરત હમ્ઝાનો ચહેરો લાલ થઈ ગયો અને ગુસ્સે થઈ તીર અને કમાન લઈ નીકળી પડયા. અબૂ જહલ હરમે કા'બામાં બેઠેલો હતો. પોતાની કમાન તેના માથામાં એટલા જોરથી મારી કે તેનું માથુ ફૂટી ગયું, અને કહ્યું, સાંભળ્યું કે તેં મારા ભત્રીજાને ગાળો ભાંડી છે ?! તને ખબર નથી કે હું પણ તેના ધર્મ પર છું, ત્યાર બાદ ઘરે પાછા ફર્યા. રસૂલે અકરમ ﷺને બદલો લેવાની ખુશખબરી સંભળાવી, અને આપના હાથ પર બયઅત કરી લીધી. આપના ઈસ્લામ સ્વીકારથી રસૂલુલ્લાહ ﷺ બહુ ખુશ થયા.

હઝરત ઉમર એક ઈજ્જતદાર કુટુંબના વ્યક્તિ હતા. શૌર્ય અને વીરતામાં આપનો કોઈ જવાબ ન હતો. નૂરે મુજસ્સમ ﷺએ દુઆ કરી હતી; અય અલ્લાહ ! અમ્ર બિન હિશામ (અબૂ જહલ) અથવા ઉમર બિન ખત્તાબથી ઈસ્લામને ઈજ્જત અતા ફર્માવ. એટલે કે તેમાંથી એકને મુસલમાન બનાવી ઈસ્લામને ઈજ્જત અને તાકૃત અતા ફર્માવ. અબૂ જહલ તો ઈમાનની દોલતથી મહેરૂમ રહ્યો, પરંતુ હઝરત ઉમર رضی اللہ عنہએ આ અમૂલ્ય દોલત મેળવી લીધી. આપનો ઈસ્લામ કૃબૂલ કરવાનો મશ્હૂર પ્રસંગ આ પ્રમાણે છે :–

એક દિવસ હઝરત ઉમર رضی اللہ عنہ ખુલ્લી તલવાર લઈ નીકળ્યા કે આજે પયગંબરે ઈસ્લામ ﷺનો ખાત્મો કરી દઈશ. રસ્તામાં હઝરત નુઐમ બિન અબ્દુલ્લાહ رضی اللہ عنہથી મુલાકાત થઈ. (તે સમયે હઝરત નુઐમ મુસલમાન થઈ ગયા હતા પણ હઝરત ઉમર رضی اللہ عنہને તેમના ઈસ્લામની કૃબૂલ કરવાની ખબર ન હતી) તેમણે પૂછયું, ઉમર ક્યાં જઈ રહ્યા છો ? જવાબ આપ્યો કે, મુહમ્મદ બિન અબ્દુલ્લાહને કૃત્લ કરવા ! હઝરત નુઐમ رضی اللہ عنہએ કહ્યું; પહેલાં પોતાના ઘરની ખબર લો ! તમારાં બહેન અને બનેવી મુસલમાન થઈ ગયાં છે. ઉમર પાછા ફર્યા અને બહેનના ઘરે પહોંચ્યા. અંદર કુર્આનની તિલાવત થઈ રહી હતી, આ સાંભળીને તેમનું લોહી ઉકળવા લાગ્યું. બેકૃાબૂ થઈને બહેન અને બંનેવીને એટલો માર માર્યો કે બંને લોહી લુહાણ થઈ ગયાં. બહેન ફાતિમા બિન્તે ખત્તાબે ઈમાની જોશમાં કહ્યું, હે ભાઈ ! ચાહો તો તમે અમને જાનથી મારી નાખો પણ ઈસ્લામ દિલથી નથી નીકળી શક્તો ! આવું જ તેમના બનેવી સઅદ બિન ઝૈદે પણ કહ્યું. જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہએ જોયું કે તૌહીદનો નશો ઉતરવાને બદલે ચઢતો જ જાય છે ! તો કહ્યું, સારું તે કૃલામ દેખાડો જેને તમે પઢી રહ્યાં હતાં. બહેને કુર્આનના પેજ લાવી સામે મૂકી દીધાં. હઝરત ઉમર رضی اللہ عنہએ પઢવાનું શરૂ કર્યું, જેમ જેમ પઢતા જતા કુર્આનની સદાકૃતથી તેમનું દિલ કાંપતુ જતુ, ત્યાં સુધી કે આ આયતે કરીમા પર પહોંચ્યા : اٰمِنُوۡا بِاللّٰہِ وَرَسُوۡلِہٖ "અલ્લાહ અને તેના રસૂલ પર ઈમાન લાવો." તો એકદમ બેકાબૂ થઈ ગયા. અને કહ્યું કે મને રસૂલુલ્લાહ પાસે લઈ ચાલો, તે વખતે રસૂલે કરીમ ﷺ "દારે અરકમ" (હઝરત અરકમના ઘર)માં હતા, અને આપના સાથે મુસલમાનો પણ ત્યાં હતા. હઝરત ઉમર બહેનના ઘરેથી નીકળી સીધા દારે અરકમ પહોંચ્યા. જ્યારે લોકોએ જોયું કે ઉમર ખુલ્લી તલ્વાર લઈને આવી રહ્યા છે તો બહુ ગભરાયા ! પરંતુ હઝરત હમ્ઝા رضی اللہ عنہએ કહ્યું, ગભરાવ નહીં ! જો ઉમર સારી

નિય્યતે આવી રહ્યા છે તો ઠીક છો, નહીં તો તલ્વારથી તેમની ગરદન ઉડાડી દેવામાં આવશે. હઝરત ઉમર رضی اللہ عنہએ જ્યારે દારે અરકમમાં પગ મૂક્યો તો હુઝૂર ﷺ પોતે આગળ વધ્યા અને ઈર્શાદ ફર્માવ્યું, ઉમર ! હવે તો ઈસ્લામ કૃબૂલ કરી લો ! આખરે ક્યાં સુધી હક્કથી લડતા રહેશો ?! ઈસ્લામ તો પહેલાંથી જ દિલમાં ઘર કરી ગયો હતો, આ ઈર્શાદ સાંભળતાં જ હઝરત ઉમર ﷺએ બુલંદ અવાજે કહ્યું;

اَشْهَدُ اَنْ لَّا اِلٰهَ اِلَّا اللّٰهُ وَاَشْهَدُ اَنَّ مُحَمَّدًا رَّسُوْلُ اللّٰهِ

''હું ગવાહી આપું છું કે, બેશક ! અલ્લાહના સિવાય કોઈ મઅબૂદ નથી. અને ગવાહી આપું છું કે મુહમ્મદ ﷺના રસૂલ છે.''

હુઝૂરે અકૃદસ ﷺની ખુશીનો પાર ન રહ્યો. આપે નારએ તકબીર બુલંદ કર્યો. સહાબાએ તેના જવાબમાં એટલા જોરથી અલ્લાહુ અકબર ! કહ્યું કે મક્કાની પહાડીઓ ગુંજી ઉઠી. હઝરત ઉમર رضی اللہ عنہના ઈસ્લામ લાવવાથી મુસલમાનોની હિંમત ઘણી વધી ગઈ. પહેલાં મુસલમાનો સંતાઈને નમાઝ પઢતા હતા, પરંતુ હવે મુસલમાનોની હાલત બદલાઈ ગઈ. હઝરત હમ્ઝા અને હઝરત ઉમર رضی اللہ عنہماની રેહબરીમાં મુસલમાનો દારે અરકમથી નીકળી સીધા ખાનએ કા'બામાં દાખલ થયા અને કા'બાના સહેનમાં નમાઝ અદા કરી. કાફિરો એ જોઈને ગભરાઈ ગયા અને આ બંને વ્યક્તિઓને મુસલમાનોની સાથે જોઈને પોતાનામાં કમજોરી મહેસૂસ કરવા લાગ્યા.

***(પ્રકરણ : ૧૫)***

## બની હાશિમનો બહિષ્કાર

***(નબવી સન : ૭)***

કુરૈશને પોતાનો કોઈ પણ પ્રયાસ સફળ થતો ન દેખાયો અને જ્યારે તેમણે જોયું કે ઈસ્લામ દિવસે દિવસે ફેલાય રહ્યો છે, હમ્ઝા અને ઉમર જેવા કુરૈશના મોટા બહાદુરો પણ ઈસ્લામ કૃબૂલ કરી ચૂક્યા છે. અને હબ્શા તરફ સ્થળાંતર કરનાર મુસલમાનો પણ ચૈનથી જીવન વિતાવી રહ્યા છે. મુસલમાનોની આ તરક્કી જોઈને કાફિરો ગુસ્સે ભરાયા અને મશ્વરો કર્યો કે ખાનદાને બનૂ હાશિમનો સંપૂર્ણ રીતે બોયકોટ કરી દેવામાં આવે. અને તેમને કોઈ તંગ તથા સંકૂચિત સ્થળે કેદ કરી દેવામાં આવે. તેમનો ખોરાક બંધ કરી દેવામાં આવે જેથી તેઓ તબાહ તથા બર્બાદ થઈ જાય. આખરે એલાને નબુવ્વતના સાતમા વર્ષે બનૂ હાશિમનો બોયકોટ (બહિષ્કાર) કરી દેવામાં આવ્યો કે બનૂ હાશિમના ખાનદાનમાં શાદી સંબંધ ન કરવામાં આવે, તેમના સાથે કોઈપણ જાતનું ખરીદ વેચાણ ન કરવામાં આવે. તેમનાથી મેળ મેળાપ અને સલામ, કૃલામ બંધ કરી દેવામાં આવે અને ખાવા પીવાનો કોઈપણ સામાન તેમના સુધી ન પહોંચી શકે.

મન્સૂર બિન અકરમાએ કૃરાર લખ્યો અને કુરૈશના બધા સરદારોએ તેના પર હસ્તાક્ષર કર્યા. મજબૂરીથી અબૂ તાલિબ રસૂલે કરીમ ﷺની સાથે ખાનદાનના લોકોને લઈને પહાડની ઘાટીમાં ચાલ્યા ગયા. તે જ વખતથી તે ઘાટીને ''શિઅ્બે અબી તાલિબ'' એટલે કે અબૂ તાલિબની ઘાટી કહેવામાં આવે છે. ખાનદાનના કાફિરોએ પણ પક્ષપાતનો લિહાઝ રાખી રસૂલે કરીમ ﷺનો સાથ આપ્યો અને ઘાટીમાં જઈ કેદની જિંદગી વીતાવવા લાગ્યા. આ સમય એટલી મુસીબતો અને સખ્તીઓ સાથે પસાર થયો કે લોકો ઝાડોનાં પાંદડાં અને સૂકાયેલા ચામડાં રાંધીને ખાતા, અને બાળકો તો ભૂખ અને તરસના કારણે તડપી તડપીને રડતાં પરંતુ એ જાલિમ કાફિરોને એ બાળકો પર પણ જરાય દયા ન આવતી. ચો તરફ પહેરો લગાડી દેવામાં આવ્યો

કે કોઈપણ બાજુથી ખાવા પીવાનો સામાન તેમની પાસે ન પહોંચી શકે. કુરૈશના કાફિરોમાં કેટલાક લોકો દયાળુ અને રહમદિલ હતા, તે લોકોએ પોતાના સાથીઓને કહ્યું કે, હે ભાઈઓ ! જણાવો કે આ ક્યાંનો ઈન્સાફ છે કે તમે લોકો તો ચેન તથા સુકૂનથી જીવન વીતાવો અને બનૂ હાશિમના બાળકો ભૂખે મરે. ક઼સમ ખુદાની ! જ્યાં સુધી આ જંગલી ક઼રારને ફાડી નાખવામાં નહીં આવે ત્યાં સુધી અમે આરામથી નહીં બેસીએ. આ બાબતે મોટો મોટી કોશિશો થઈ પરંતુ બદમાશ કાફિરો માનવા તૈયાર ન હતા.

એક દિવસે અબૂ તાલિબે કહ્યું, હે લોકો ! મારા ભત્રીજાનું કહેવું છે કે તે ક઼રારને જંતુઓએ ચાટી લીધો છે, અને જ્યાં જ્યાં અલ્લાહનું નામ લખ્યું છે તેને છોડી દીધું છે. તમે લોકો એ ક઼રારને ઉતારીને જુઓ, જો ખરેખર એવું જ છે જેવું કે મારા ભત્રીજાનું કહેવું છે, તો આ ક઼રારને ફાડી નાખવો બેહતર છે, અને જો તેમનું કહેવું ગલત છે તો હું તેમને તમારા હવાલે કરી દઈશ. મુત્ઈમ બિન અદી તે ક઼રારને ઉતારી લાવ્યો, જોવામાં આવ્યો તો સાચે જ અલ્લાહના નામ સિવાય આખા ક઼રારને જંતુઓએ ચાટી નાખ્યો છે. મુત્ઈમ બિન અદીએ બધાની સામે ક઼રાર ફાડીને ફેંકી દીધો, અને બનૂ હાશિમનો બોયકોટ (બહિષ્કાર) ખતમ કરી દીધો.

કુરૈશના કેટલાક બહાદુરો તો ઘાટીમાં ગયા અને બધાને કાઢી લાવ્યા અને તેમને ઘરોમાં લાવી આબાદ કર્યા. આ બનાવ નબવી સન ૧૦નો છે. અને જેણે આ ક઼રાર લખ્યો હતો તેના પર અલ્લાહનો એવો અઝાબ નાઝિલ થયો કે તેનો હાથ ઠુંઠો (નકામો) થઈ ગયો.

રહ઼મતે આલમ ﷺ શિઅબે અબી તાલિબની કેદથી છૂટકારો મેળવી હજુ તશરીફ જ લાવ્યા હતા એવામાં આપના કૃપાળુ કાકા અબૂ તાલિબ બીમાર પડયા અને લગભગ આઠ મહિના બીમાર રહી મૃત્યુ પામ્યા. હજુ કાકાના મૃત્યુનો ગમ (દુઃખ) તાજો જ હતો કે ત્રણ અથવા પાંચ દિવસ પછી આપ ﷺની હમદર્દ પત્ની હઝરત ખદીજા رضی اللہ عنہا પણ દુનિયાથી કૂચ કરી ગયાં. આ બે લગાતાર પ્રસંગોના કારણે રસૂલે કરીમ ﷺને જબરદસ્ત આઘાત લાગ્યો અને આપે એ વર્ષનું નામ આમ્મુલ્ હુઝ્ન એટલે કે ગમનું વષ રાખ્યું.

**શબે બરાતમાં રૂહોનું આવવું :** ફતાવા ઈમામ નસફીના હવાલાથી ફતાવા રઝવિય્યહમાં છે કે મુસલમાનોની રૂહો દરેક જુમ્આની રાતે અને દિવસમાં પોતાના ઘરે આવે છે અને દરવાજા પાસે ઉભી થઈ કષ્ટદાયક તથા દર્દનાક અવાજથી પુકારે છે, "હે મારા ઘરવાળાઓ ! હે મારા બાળકો ! હે મારા પ્યારાઓ ! અમારા પર સદક઼ાથી મહેરબાની કરો ! અમોને યાદ કરો ! ભૂલી ન જાવ ! અમારી ગરીબીમાં અમારા પર ધ્યાન કરો !" અને ખઝાનતુર્રિવાયતમાં હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہથી રિવાયત છે કે જ્યારે ઈદ અથવા જુમ્આ અથવા આશૂરા અથવા શબે બરાત આવે છે ત્યારે મુડદાંઓની રૂહો પોતાના ઘરોના દરવાજાઓ પર ઊભી થઈ કહે છે, "છે કોઈ અમોને યાદ કરનાર કે અમારા પર દયા ખાય ! છે કોઈ જે અમારી ગરીબીને યાદ અપાવે !....." આજ પ્રમાણે કન્ઝુલ ઉબ્બાદમાં પણ કિતાબુર્રવઝહ ઈમામ જિન્દવેસ્તીથી નકલ થયેલ છે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ-૪, પેજ-૨૩૧, મુબારકપુર)*

આ હદીષથી જાણવા મળ્યું કે આ મુબારક રાતો તથા દિવસો અને ખાસ કરી શબેબરાતમાં પોતાના મર્હૂમોના તરફથી સદક઼ો, ઈસાલે સવાબ અને ફાતિહા બિલ્કુલ જાઈઝ છે અને મુસલમાનોમાં શબે બરાતના અવસર પર સદક઼ો, ખૈરાત અને ફાતિહાનો રિવાજ છે એ માત્ર રિવાજ જ નથી બલ્કે દલીલોથી એની સાબિતી પણ છે, એને બિદઅત કહેવુ સરાસર ખોટુ છે.

## રાહતુલ કુલૂબ



# હશ્ત બહિશ્ત

## મલ્ફૂઝાતે ખ્વાજગાને ચિશ્ત

રહમતુલ્લાહિ તઆલા અલૈહિમ અજમઈન

અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી** –*તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

**મલ્ફૂઝાતે હઝરત ખ્વાજા ફરીદુદ્દીન ગંજ શકર** رحمۃ اللہ علیہ

**સંપાદક : મહબૂબે ઈલાહી**

**હઝરત નિઝામુદ્દીન અવલિયા** رحمۃ اللہ علیہ

૨૫ શાબાન હિ.સ. ૬૫૫ સોમવારના રોજ કદમબોસીનો શરફ હાંસલ થયો. શયખ જલાલુદ્દીન હાંસવી, શયખ બદરૂદ્દીન ગઝનવી, મૌલાના બદરૂદ્દીન ઈસ્હાક તથા અન્ય અઝીઝો ખિદમતમાં હાજર હતા. એક જોગી શયખુલ ઈસ્લામની ખિદમતમાં હાજર થયો. એ દિવસે એને મેં પૂછ્યું કે તમો ક્યા માર્ગે ચાલો છો ? અને તમારા કામનો ઉસૂલ શું છે ? કહ્યું કે મને એટલો ઈલ્મ છે કે આદમીના નફસના માટે બે આલમ છે, એક આલમે ઉલૂવી બીજો આલમે સિફ્લી. ચોટલીથી ડૂંટી સુધી આલમે ઉલૂવી છે અને ડૂંટીથી પગો સુધી આલમે સિફ્લી છે.

### ★ દિલમાં દુનિયાથી મહોબ્બત અને દાવો ખુદાથી દોસ્તીનો ?! ★

બાદમાં શયખુલ ઈસ્લામ قدس سرہ એ ફર્માવ્યું કે ખરેખર એવું છે જેવું કે તે વર્ણવે છે. પરંતું આલમે ઉલૂવીમાં સિદ્કો સફા (સચ્ચાઈ, સફાઈ), અખ્લાકે હમીદા (સદ્‌વર્તાવ) અને નેક મામલો (વહેવાર) છે. અને આલમે સિફ્લીમાં તમામ સાવચેતી, પાકીઝગી, પવિત્રતા તથા ઝુહદ છે. પછી અશ્રુમય આંખે ફર્માવ્યું કે એની એ વાત મને ઘણી જ પસંદ આવી.

પછી ફર્માવ્યું, જે આ રાહમાં અલ્લાહ તઆલાની દોસ્તીનો દાવો કરે, અને દુનિયાની મહોબ્બત તેના દિલમાં હોય, તો તે જૂઠો દાવેદાર છે.

ત્યારબાદ ફર્માવ્યું કે કાઝી હમીદુદ્દીન નાગોરી رحمۃ اللہ علیہ તવારીખમાં લખે છે કે ત્રણ વખત રહમતનો નુઝૂલ થાય છે : **૧.** સમઅ વખતે **૨.** ફર્માંબરદારીની નિય્યતે ખાવા ખાતી વખતે **૩.** દુરવેશોના હાલાત પૂછતી વખતે. આ તકરીર કરી ચૂક્યા પછી આપની ખિદમતમાં છ સાત દુરવેશો જેઓ સૌ મોટી ઉમરના, સાહિબે નેઅમત અને ખ્વાજગાને ચિશ્તના ખાનવાદાથી હતા, તેઓ હાજર થયા. અર્ઝ કરી કે અમારામાંથી દરેકની હકીકત છે, તે અલ્લાહને ખાતર સાંભળી લો. મને તથા મૌલાના બદરૂદ્દીનને ફર્માવ્યું કે તેમની વાત સાંભળી લો. તેમણે વર્ણન કરતી વખતે તાઝીમના એવા શબ્દો રજૂ કર્યા કે તેમની ખુશ તકરીરીથી અમો બંનેવ અશ્રુમય થઈ ગયા, અને આપસમાં કહ્યું કે કદાચ એઓ ફરિશ્તા છે જેઓ આપણી તાલીમના માટે આવેલા છે. જેથી આપસમાં ફૈંસલો આ રીતે કરવામાં આવે. ત્યારબાદ શૈખુલ ઈસ્લામે એ હિકાયત (વાત) સાંભળી તો અશ્રુમય આંખે ફર્માવ્યું, મુર્દાથી કાંઈ જાહેર નથી થતું. એટલે કે નારાજગીની અસર જાહેર નથી થતી.

**★ ખુદાની ફર્માંબરદારીની નિય્યતે ખાવું પણ ઈબાદત ★**

ત્યારબાદ ફર્માવ્યું કે જ્યારે લોકો ખાણુ ખાય તો જોઈએ કે તાઅત (આજ્ઞાપાલન)ને સાબિત કરે, કેમ કે ખુદાના આજ્ઞાપાલન માટે ખાણુ ખાવું પણ તાઅત (ઈબાદત) છે, અને નફસની ઈચ્છાના માટે ખાવા ખાવું ન જોઈએ.

પછી ફર્માવ્યું કે રાહતુલ અરવાહમાં કાઝી હમીદુદ્દીન નાગોરી قدس سرہ લખે છે કે એકવાર એક દુરવેશની ઝુપડી દજલા નદીના કિનારે હતી. કેટલાક વરસો ત્યાં રહ્યો. એક દુરવેશ તેમની પાસે આવ્યો. પહેલા દુરવેશે ખાણુ તૈયાર કરીને પોતાના બીવી બચ્ચાંને બોલાવ્યાં અને કહ્યું કે આ ખાણુ તે દુરવેશને પહોંચાડો. તે સ્ત્રીએ કહ્યું, માર્ગમાં નાવડી તો છે નથી ! તો હું પેલે પાર કેવી રીતે જઈશ ? દુરવેશે કહ્યું કે કિનારે પહોંચીને એવું કહેજે કે એ દુરવેશની હુર્મતથી જેણે આ ત્રીસ વરસોમાં સોહબત નથી કરી, મને માર્ગ આપી દે ! તો તે રસ્તો આપી દેશે. તે સ્ત્રી આ સાંભળીને આશ્ચર્યચકિત થઈ ગઈ કે આટલાં બધાં બાળકો પેદા થયાં છે છતાં આપ આવી વાત શાથી કહી રહ્યા છે ?! છેવટે ખાવા બાંધીને રવાના થઈ અને નદી કિનારે પહોંચીને એવું જ કહ્યું તો પાણી હટી ગયું અને નદીને પેલે પાર જઈને ખાવા તે દુરવેશની સામે રાખ્યું. દુરશેવે ખાવા ખાઈને કહ્યું, જાવ ! તો સ્ત્રી આશ્ચર્યમાં પડી ગઈ કે હવે પરત કેવી રીતે જાઉં ! દુરવેશે પૂછ્યું કે કઈ રીતે આવી હતી ? તે સ્ત્રીએ આખો બનાવ રજૂ કર્યો. દુરવેશે કહ્યું, હવે નદીના કિનારે જઈને આ પ્રમાણે કહેજે કે એ દુરવેશની હુર્મતથી જેણે આ ૩૦ વરસોમાં નથી ખાધુ, મને માર્ગ આપી દે ! તે સ્ત્રીએ નદી કિનારે જઈને એવું જ કહ્યું તો રસ્તો મળી ગયો અને પરત પોતાના પતિ પાસે આવીને કહ્યું કે આ બંનેવ જૂઠી વાતનું કારણ દર્શાવો. તેણે કહ્યું કે અમે બંનેવે સાચુ જ કહ્યું છે ! એટલા માટે કે **મેં નફસની ખ્વાહિશના ખાતર સોહબત નથી કરી, બલ્કે હક્ક અદા કરવા ખાતર કરી છે. અને તે દુરવેશે પણ નફસની ઈચ્છાના તાબે થઈને ખાવા નથી ખાધુ બલ્કે તાઅત (ઈબાદત માટે)ની શક્તિ મેળવવા ખાધુ છે.**

ત્યારબાદ વાત એના બારામાં શરૂ થઈ કે ખ્વાજા અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ નીચા કદના (ઠિંગણા) હતા અને પયગંબરે આ'ઝમ صلی اللہ علیہ وسلم એ આપના બારામાં ફર્માવ્યું છે : **كنيفت العلم** ''ઈલ્મનો થેલો !'' એના પરથી જણાય છે કે ઠિંગણા કદના હતા.

**★ બારગાહે નબવીમાં બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ નો મકામ ★**

પછી ફર્માવ્યું કે એકવાર શયખુલ ઈસ્લામ (ફરીદુદ્દીન ગંજશકર), બખ્તિયાર કાકી અવશી رحمۃ اللہ علیہا ની ખિદમતમાં હાજર થયા. મારો એક હમખિર્કા સાથી આવ્યો અને આદાબ બજાવી લાવ્યો, અને અર્ઝ કરી, અમે આજે ખ્વાબમાં જોયું છે કે એક ગુંબદ છે જેની આસપાસ લોકો જમા છે. મેં પૂછયું કે ગુંબદમાં કોણ છે ? કહ્યું, રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم, અને જે આવજા કરે છે તે ખ્વાજા અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ છે. મેં આગળ વધીને કહ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ની ખિદમતે બાબરકતમાં અર્ઝ કરજો કે હું પાબોસીની સઆદત હાંસલ કરવા ચાહું છું. અબ્દુલ્લાહ ઈબ્ને મસઊદ رضی اللہ عنہ અંદર જઈને બહાર આવ્યા અને ફર્માવ્યું કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ફર્માવે છે, ''તું એ પાત્ર નથી કે મારી ઝિયારત કરી શકે. પરંતુ હા ! **બખ્તિયાર કાકી (رحمۃ اللہ علیہ)ને મારા સલામ કહેજે અને કહેજે કે દરરોજ રાત્રે જે તોહફો તમે મોકલ્યા કરતા હતા તે પહોંચતો હતો, પરંતુ આજે રાત્રે નથી પહોંચ્યો !** ખુદા ખૈર કરે.'' પછી શયખુલ ઈસ્લામે વધુ પેજ નં. 14 પર

# તઝકેરતુલ અવલિયા
# ખ્વાજા ઈમામ હસન બસરી رحمۃ اللہ علیہ ના હાલાત તથા ખૂબીઓ (હપ્તો : 03)

***અઝ** : હઝરત શયખ ફરીદુદ્દન અત્તાર رحمۃ اللہ علیہ // **અનુવાદક** : પટેલ શબ્બીર અલી રઝવી–દયાદરવી*

**ઓળખ** : આપ બાઅમલ આલિમ પણ હતા અને ઝાહિદ તથા મુત્તક઼ી પણ હતા. સુન્નતે નબવી ﷺ પર સખ્તીથી અમલ કરતા અને સદા ખુદાના ખૌફમાં ડૂબેલા રહેતા હતા. આપનાં વાલિદા ઉમ્મુલ મો'મિનીન ઉમ્મે સલમા رضی اللہ عنہا નાં લોંડી હતાં. અને જ્યારે બચપનમાં આપનાં વાલિદા કોઈ કામમાં વ્યસ્ત હોતાં અને આપ રડવા લાગતા તો ઉમ્મુલ મો'મિનીન આપને ગોદમાં ઉઠાવીને પોતાના પિસ્તાન મુબારક આપના મોમાં દેતાં, અને અતિ ઉમંગમાં આપના પિસ્તાનથી દૂધ પણ નીકળવા લાગતું ! અંદાઝો કરો કે જેણે ઉમ્મુલ મો'મિનીનનું દૂધ પીધુ હોય તેના મર્તબાનો કોણ મુન્કિર (નકારનારો) હોય શકે છે ?

**બચપનમાં સદ્ભાગ્ય** : બચપનમાં આપે એક દિવસ હુઝૂર ﷺના પ્યાલાનું પાણી પી લીધું. અને જ્યારે હુઝૂર ﷺએ પૂછયું કે મારા પ્યાલાનુ પાણી કોણે પીધું છે ? તો હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاએ કહ્યું કે હસને. આ સાંભળીને હુઝૂર ﷺએ ફર્માવ્યું કે, **તેણે જેટલા પ્રમાણમાં પાણી મારા પ્યાલામાંથી પીધુ છે એટલા પ્રમાણમાં મારો ઈલ્મ એનામાં પ્રવેશી ચૂક્યો.**

**હુઝૂર ﷺની દુઆ** : એક દિવસે હુઝૂરે અક્દસ ﷺ ઉમ્મે સલમાના મકાન પર તશરીફ લાવ્યા તો તેમણે હસન બસરી رضی اللہ عنہને આપની આગોશ મુબારકમાં રાખી દીધા. એ વખતે હુઝૂર ﷺએ આપના માટે ભલાઈની દુઆ ફર્માવી, અને એ દુઆની બરકતથી આપને અગણિત મર્તબા હાંસલ થયા.

**નામ "હસન" રાખવાનું કારણ** : જન્મ બાદ આપને જ્યારે હઝરત ઉમર رضی اللہ عنہની ખિદમતમાં રજૂ કરવામાં આવ્યા તો આપે ફર્માવ્યું કે એનું નામ "હસન" રાખો, કેમ કે તે ખૂબ જ ખૂબસૂરત છે. હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہا એ આપની તર્બિયત (કેળવણી) કરી અને હમેશાં એ જ દુઆ કર્યા કરતાં હતાં કે હે અલ્લાહ ! હસનને મખ્લૂક઼નો રહનુમા (માર્ગદર્શક) બનાવી દે. જથી આપ સમયના અજોડ બુઝુર્ગોમાંથી થયા, અને એકસો વીસ સહાબીઓથી મુલાકાતનો શરફ પામ્યા, એમાં સિત્તેર બદરના શહીદો પણ સામેલ છે. આપને હઝરત હસન બિન અલી رضی اللہ عنہماથી બયઅતનો શરફ હાંસલ થયો અને એમનાથી તાલીમ પણ મેળવી. પરંતું તોહફાના લેખક લખે છે કે આપ હઝરત અલી رضی اللہ عنہથી બયઅત હતા અને એમના જ ખલીફાઓમાંથી થયા. શરૂ શરૂમાં આપ જવાહિરાતનો વ્યાપાર કરતા હતા જેના કારણે આપનુ નામ હસન લૂલૂવી પડી ગયું.

એકવાર વેપારની નિય્યતથી રોમ ગયા અને જ્યારે ત્યાંના વઝીરની પાસે મુલાકાતના હેતુથી પહોંચ્યા તો તે ક્યાંક જવાની તૈયારી કરી રહ્યો હતો. તેણે પૂછયું કે શું તમો પણ મારી સાથે ચાલશો ? ફર્માવ્યું, હા ! જેથી બંનેવ ઘોડાઓ પર સવાર થઈને જંગલમાં જઈ પહોંચ્યા. ત્યાં આપે જોયું કે રોમી રેશમના કપડાનો ખૂબ જ સજાવેલ તંબૂ તાણેલો હતો, અને એની ચારેવ બાજુએ સશસ્ત્ર સિપાહીઓ તવાફ કરીને પરત જઈ રહ્યા છે. પછી ઉલમા તથા હિકમતવાળા લોકો ત્યાં પહોંચ્યા અને તંબૂ પાસે કાંઈક કહીને વિદાય થઈ ગયા. પછી હાકિમો,

અમીરો, મુન્શીઓ વગેરે પહોંચ્યા અને કાંઈક કહીને ચાલ્યા ગયા. પછી ખૂબ જ સુંદર કનીઝો ઝર જવાહિરાતના થાળો માથા પર રાખીને આવી અને તેણીઓ પણ એ જ પ્રમાણે કાંઈક કહીને ચાલી ગઈ. પછી બાદશાહ તથા વઝીર પણ કાંઈક કહીને પરત થઈ ગયા. મેં આશ્ચર્યમાં પડીને વઝીરથી જ્યારે બનાવ વિશે માલૂમ કર્યું તો તેણે જણાવ્યું કે બાદશાહનો એક ખૂબસૂરત, બહાદુર, નવયુવાન પુત્ર મરી ગયો હતો અને તે જ આ તંબૂમાં દફન થયેલો છે. જેથી આજની જેમ દર વરસે સર્વ લોકો અહીં આવે છે. સૌ પ્રથમ ફોજ આવીને કહે છે કે જો યુધ્ધ થકી તારું મૃત્યુ ટળી શકત તો અમે યુધ્ધ કરીને તને બચાવી લેતા. પરંતું અલ્લાહ તઆલા સાથે જંગ કરવી શક્ય નથી. ત્યાર બાદ હિકમતવાળા (હકીમો) આવીને કહે છે કે જો બુધ્ધિ તથા હિકમત વડે મૌતને રોકી શકાતુ હોત તો અમે યક઼ીનન ! રોકી આપત. પછી ઉલમા તથા મશાઈખ આવીને કહે છે, જો દુઆઓ વડે મૌતને દૂર કરી શકાતુ હોત તો અમો દૂર કરી આપત. પછી હસીન લોંડીઓ આવીને કહે છે કે જો હુસ્નો જમાલ વડે મૌતને ટાળી શકાતુ હોત તો અમો ટાળી દેત. પછી બાદશાહ વઝીર સાથે આવીને કહે છે, હે મારા પુત્ર ! મેં હકીમો તથા તબીબો થકી ખૂબ જ કોશિશ કરી, પરંતું તક઼દીરે ઈલાહીને કોણ મિટાવી શકે છે. અને હવે આવતા વરસ સુધી તારા પર અમારા સલામ થજો. આવુ કહીને પરત થઈ જાય છે. હઝરત હસન رضی اللہ عنہએ આ બનાવ સાંભળીને ક઼સમ ખાધી કે જિંદગીભર કદી હસીશ નહીં ! અને દુનિયાથી બેઝાર થઈને આખેરતની ફિક્રમાં ગોશાનશીની અપનાવી લીધી. **મશહૂર છે કે સિત્તેર વરસ સુધી આપ દરેક સમયે બાવુઝૂ રહ્યા.** કોઈ શખ્સે એક બુઝુર્ગને પૂછયું કે હસન બસરી رضی اللہ عنہ આપણાથી વધુ અફઝલ શા માટે છે ? તેમણ જવાબ આપ્યો કે હસનના ઈલ્મની દરેક વ્યક્તિને જરૂરત છે અને તેને ખુદા સિવાય કોઈની હાજત નથી, એટલા માટે તે અમારા સૌના સરદાર છે.

**હઝરત રાબિયા બસરિય્યહ رضی اللہ عنہ નો મક઼ામ** : અઠવાડિયામાં એકવાર આપ વઅઝ કર્યા કરતા હતા, પણ જ્યાં સુધી હઝરત રાબિઆ બસરી رحمۃ اللہ علیہا શરીક ન થતાં ત્યાં સુધી વઅઝ ન કહેતા. લોકોએ અર્ઝ કરી કે આપના વઅઝમાં તો મોટા મોટા બુઝુર્ગો હાજર થાય છે, છતાં આપ એક વૃધ્ધ સ્ત્રીના ન હોવાને કારણે વઅઝ કેમ ત્યજી દો છો ? ફર્માવ્યું કે હાથીના વાસણનું શરબત કીડીઓના વાસણમાં કેવી રીતે સમાય શકે છે ! અને જ્યારે આપને વઅઝ દરમ્યાન જોશ આવી જતો તો રાબિઆ બસરીથી ફર્માવતા કે આ તમારા જ જોશ તથા ગરમીની અસર છે.

**બોધપાત્ર જવાબો** : એકવાર લોકોએ સવાલ કર્યો કે શું આપ આપના વઅઝમાં ખૂબ અધિક પ્રમાણમાં હાજર લોકોથી ખુશ થાવ છો ? ફર્માવ્યું કે હું તો એ વખતે ખુશ થાઉં છું જ્યારે કોઈ ઈશ્કે઼ ઈલાહીમાં દિલજલો આવી જાય છે.

★ કોઈએ સવાલ કર્યો કે ઈસ્લામ શું છે ? અને મુસલમાન કોને કહે છે ? ફર્માવ્યું કે ઈસ્લામ કિતાબમાં છે અને મુસલમાન ક઼બ્રમાં.

★ જ્યારે આપને દીનના પાયા વિશે સવાલ કરવામાં આવ્યો, તો ફર્માવ્યુ કે તક઼વો દીનનો પાયો છે અને લાલચ તક઼વાને નષ્ટ કરી નાખે છે.

★ પૂછવામાં આવ્યું કે જન્નતે અદનનો શો ભાવાર્થ છે ? અને એમાં કોણ દાખલ થશે ? ફર્માવ્યું કે એમાં સોનાના મહોલ્લાઓ છે અને નબી કરીમ صلی اللہ علیہ وسلم, સિદ્દીક઼ો, શહીદો, આદિલ બાદશાહો અને અન્ય અંબિયાએ કિરામ સિવાય કોઈ દાખલ નથી થઈ શકતુ.

★ સવાલ કરવામાં આવ્યો કે શું રૂહાની તબીબ કોઈ અન્યનો ઈલાજ કરી શકે છે ? ફર્માવ્યું, તે સમય સુધી નહીં જ્યાં સુધી પોતાનો ઈલાજ ન કરી લે. કેમ કે જે પોતે જ રાહથી ભટકેલો હોય તે

અન્યની રહબરી કેવી રીતે કરી શકે છે ?! ફર્માવ્યું કે મારો વઅઝ સાંભળતા રહો તમને ફાયદો પહોંચશે. પરંતું મારી બેઅમલી તમારા માટે નુકસાન કર્તા છે. લોકોએ અર્ઝ કરી કે અમારાં દિલો તો સૂઈ ગયેલાં છે, એના પર આપનો વઅઝ શું અસર પહોંચાડશે ?! ફર્માવ્યું કે સૂતેલાં દિલોને તો જગાડી શકાય છે, અલ્બત્ત મુર્દા દિલોને જાગૃત કરવાં શક્ય નથી.

★ લોકોએ અર્ઝ કરી કે અમુક જમાઅતોનાં કથનો અમારાં દિલોમાં ખૌફ તથા ડર ખડો કરી આપે છે. ફર્માવ્યું કે તમો દુનિયામાં ડરનાઓની જ સોહબત અપનાવો, જેથી કયામતના દિવસે રહમતે ખુદાવંદી તમારાથી અધિક નજીક હોય.

★ લોકોએ અર્ઝ કરી કે અમુક લોકો તમારો વઅઝ કેવળ એટલા માટે યાદ કરે છે કે જેથી નુકતાચીની (ટીકા ટીપ્પણ) કરી શકે ! ફર્માવ્યું કે હું કેવળ ખુદાનો કુર્બ (નિકટતા) અને જન્નતનો મુતમન્ની (તમન્નાવાળો) રહું છું. કેમ કે નુકતાચીની કરવાવાળાઓથી તો અલ્લાહની ઝાત પણ અલિપ્ત નથી. એટલા માટે હું લોકોથી હરગિઝ એ અપેક્ષા નથી રાખતો કે તેઓ મને બુરુ ભલુ ન કહેશે.

★ અર્ઝ કરવામાં આવી કે અમુક વ્યક્તિઓનો ખયાલ એ છે કે અન્યોને નસીહત એ સમયે કરવી જોઈએ જ્યારે પોતે પણ તમામ બુરાઈઓથી પાક થઈ જઈએ. ફર્માવ્યું કે ઈબ્લીસ તો એ જ ચાહે છે કે અવામીર તથા નવાહી (સારી વાતોનો હુકમ આપવું અને બુરી વાતોથી રોકવું)ને બ્રેક લાગી જાય.

★ લોકોએ પૂછયું કે શું મુસલમાને કીનો તથા હસદ કરવું જાઈઝ છે ? ફર્માવ્યું કે યૂસુફ علیہ السلامના ભાઈઓનો બનાવ શું તમારી જાણમાં નથી ? કે કીનો તથા હસદના કારણે જ તેમને શું શું મુસીબતો પહોંચી ?! અલ્બત્ત, હસદમાં રંજો ગમનું પાસુ હોય તો કોઈ વાંધો નથી. (અહીં રશ્ક મુરાદ હશે કે કાશ ! અમને પણ તે નેઅમત મળે જે બીજાને મળી છે. તેની નેઅમતથી નારાજગી ન હોય.) ..........(ક્રમશઃ)

પેજ નં. 17 નું ચાલુ...

**અબ આઈ શફાઅતકી સાઅત અબ આઈ-ઝરા ચૈન લે મેરે ગભરાને વાલે**

**અર્થાત** : હે મારા દિલ ! અથવા હે મારા જેવા ગુનેહગારો ! જરાદિલોને થામી લો ! શા માટે ગભરાવ છો ?! હમણા તમારી શફાઅતની વારી બસ આવવાની તૈયારીમાં જ છે ! કોઈ પણ મેહરૂમ રહેશે નહીં, હુઝૂર صلی اللہ علیہ وسلمના કરમની ભીખ સૌને મળશે.

**'રઝા' નફસ દુશ્મન હૈ દમમેં ન આના-કહાં તુમને દેખે હૈં ચંદરાને વાલે**

*(ચંદરાના = જૂઠલાવવું)*

**અર્થાત** : હે (મારા આકા صلی اللہ علیہ وسلمના ભોળા ભાળા ઉમ્મતી ! ) અહમદ રઝા ! પોતાના ભોળપણના કારણે ક્યાંક નફસના ધોકા તથા પ્રપંચમાં ન આવી જતો ! તેં હજી બેહકાવનારા, તથા ફોસલાવનારા જોયા જ ક્યાં છે ?! અને તું શું જાણે કે તેઓ કેવી કેવી રીતે તારા ઈમાન પર હુમ્લો કરીને તારૂં કેટલું નુકસાન કરી જાય છે ?!

સુબ્હાનલ્લાહ ! ઈમામ તથા પેશવા હોય તો આવો જ હોય, જે દરેક ક્ષેત્રે પોતાના અનુયાયીઓની રહનુમાઈ કરે. ઈશ્કે રસૂલ صلی اللہ علیہ وسلمની દૌલતની વહેંચણી કરે છે, ગુસ્તાખાને રસૂલ صلی اللہ علیہ وسلمના હુમ્લાઓથી બચવાની શીખ પણ આપે, અને નફસ તથા શૈતાનના ધોકાઓ અને પ્રપંચોથી પણ માહિતગાર કરે.



# પાણીનું
## ખરીદ વેચાણ જાઈઝ કે નાજાઈઝ ?

:: રજૂકર્તા ::
**મૌલાના મુહમ્મદતૌફીક઼ રઝવી (વોરા) પેટલાદી**
*(મુતઅલ્લિમ : જામિઆ અશરફિયા–મુબારકપુર)*

અત્યારે ઉનાળાની ગરમી શબાબ પર છે, તેજ ધુપમાં નીકળવું મુશ્કેલ થઈ ગયું છે. આવી ગરમીમાં દરેક વ્યક્તિ ઠંડા પીણા અને કોલ્ડ્રિંક વગેરેનો ઉપયોગ કરી આવી સખત ગરમીમાં શરીરને ઠંડક પૂરી પાડે છે. જાતજાતના ઠંડા પીણાં અને કોલ્ડ્રિંક દુકાનોમાં જોવા મળે છે. બસ સ્ટેશન, રેલ્વે સ્ટેશન વગેરે દરેક જગાએ ઠંડા પાણીના પાઉચ અને મિનરલ વોટર બોટલ વગેરેનું વેચાણ આ દિવસોમાં ખૂબ થાય છે. નાના બાળકો માટે અલગ અલગ ફલેવરના ચસ્કાઓ બનાવીને વેચવામાં આવે છે. આ બધી જ વસ્તુઓ ક્યાં તો પાણી જ છે કે પછી પાણીના મિશ્રણથી બનેલી હોય છે. જેથી માલિકોનો આ વેપાર ખૂબ ધામધોકારથી ચાલે છે અને ઓછી મૂડીના બદલામાં ખૂબ આવક થાય છે. જેથી કરીને કેટલાક મુસલમાન ભાઈઓમાં આ શંકા થઈ કે શું પાણીનું વેચાણ જાઈઝ છે ? પાણી તો આકાશમાંથી અલ્લાહ તઆલા તરફથી મનુષ્યને મળેલ અનોમલ તોહફો છે, તેનું વેચાણ કઈ રીતે થઈ શકે ?! કેટલાક ભોલા લોકોએ નાસમજીમાં અને ઈર્ષાળુઓએ ઈર્ષામાં આ વિશે ફેંસલો પણ કરી દીધો કે પાણીનું વેચાણ બિલકુલ જાઈઝ નથી. આ રીતની નાસમજીને દૂર કરવા આ લેખ પ્રસ્તૂત કરવામાં આવે છે. સર્વ પ્રથમ આ વાત સ્પષ્ટ કરી દઈએ કે પાણીનું વેચાણ જાઈઝ છે અને તેનાથી બનતા બીજા ઠંડા પીણાનું પણ વેચાણ જાઈઝ છે. આ સંક્ષિપ્ત લખાણમાં આ મસ્અલાને સ્પષ્ટ વર્ણન કરીશું. (اِنْ شَاءَ اللّٰهُ وَبِاللّٰهِ التَّوْفِيْق)

ઈન્સાનની બનાવટ કાંઈક આ રીતે થઈ છે કે દરેક વ્યક્તિ પોતાની જિંદગીની જરૂરિયાતોમાં બીજી વ્યક્તિની મોહતાજ છે, એવું ઘણુ મુશ્કેલ છે કે એક વ્યક્તિ પાસે પોતાની જરૂરિયાતની બધી જ વસ્તુઓ મૌજૂદ હોય, એટલા માટે એક વ્યક્તિ બીજી વ્યક્તિથી પોતાની જરૂરિયાતની વસ્તુ કે માલ લે છે અને તેના બદલામાં ક્યાં તો તે રૂપિયા પૈસા ચૂકવે છે અથવા તો પછી તેને તેની જરૂરત પ્રમાણેની વસ્તુ અને માલ પૂરો પાડે છે.

આ પ્રકારના લેવડ દેવડને શરીઅતની ભાષામાં "બૈઅ" અને સાદી અને સરળ બોલીમાં " ખરીદ વેચાણ" કહેવામાં આવે છે. આવા ખરીદ વેચાણ વિશે અલ્લાહ તબારક વ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

وَاَحَلَّ اللّٰهُ الْبَيْعَ وَحَرَّمَ الرِّبٰوا "અલ્લાહ તઆલાએ ખરીદ વેચાણને હલાલ (જાઈઝ) કર્યું અને વ્યાજને હરામ ઠરાવ્યું."

*(પારા : ૩, સૂરએ બક઼રહ, આ. ૨૭૫)*

**માલની વ્યાખ્યા** : જે માલ પર શરીઅતની મોહર છે તેવા દરેક માલને વેચવું જાઈઝ અને હલાલ છે. જે વસ્તુ પર માલની વ્યાખ્યા ફિટ થાય તે વસ્તુ માલ છે અને તેનું વેચાણ જાઈઝ અને દુરુસ્ત છે. માલની વ્યાખ્યા બહારે શરીઅતમાં આ પ્રમાણે છે :–

"માલ તે વસ્તુ છે જેની તરફ તબીઅ઼તનો ઝુકાવ (આકર્ષણ) હોય, જેને આપવામાં આવે, જેને લેવામાં આવે, જેનાથી બીજાઓને રોકતા હોય, જેને જરૂરતના સમય સુધી સંગ્રહ કરવામાં આવે."

*(બહારે શરીઅત, ભાગ : ૧૧, પેજ : ૮૦)*

માલની આ વ્યાખ્યા છે. માલની આ વ્યાખ્યા એક પ્રમાણે છે જેમાં દરેક વસ્તુ વિશે ફૅંસલો કરી શકાય કે તે માલ છે કે નહીં ? તો શું માલની આ વ્યાખ્યામાં પાણીનો સમાવેશ થાય છે ? શું પાણી માલ છે ? વાંચક મિત્રો ! તમારા સમક્ષ તેના વિશે નીચે મુજબનું વર્ણન પૂરતુ છે.

કયું પાણી માલ છે ? : ઉર્દૂ ભાષામાં મસાઈલની મશ્હૂર કિતાબ ''બહારે શરીઅત''માં પાણીના ચાર પ્રકારનું વર્ણન છે, જે નીચે મુજબ છે :–

(૧) **દરિયાનું પાણી** : આ પાણીથી દરેક વ્યક્તિ લાભ ઉઠાવી શકે છે, પોતે પણ પીએ, પોતાના જાનવરોને પીવડાવે, ખેતરની સિંચાઈ કરે, નહેર બનાવી પોતાના ખેતરો સુધી લઈ જાય. જે રીત બને તે રીતે તેને કામમાં લાવી શકાય જે રીત કોઈ રોકી શકતું નથી.

(૨) **મોટી નદીનું પાણી** : જેમ કે હિંદુસ્તાનમાં ગંગા, ધાધરનું પાણી. આ પાણીને દરેક પી શકે છે, પોતાના જાનવરોને પીવડાવી શકે છે, પણ તેમાંથી નહેર કાઢી પોતાની જમીનને સિંચાઈ કરવામાં એ શર્ત છે કે આમ પ્રજાને તકલીફ ન પહોંચે.

(3) **નદી નાળાનું પાણી** : જે કોઈ ખાસ જમાઅતની પ્રાઈવેટ મિલ્કત હોય, પીવા પીવડાવવાની ઈજાઝત છે તેમાં પણ છે પણ બીજા પોતાના ખેતરોની સિંચાઈ આ પાણીથી નથી કરી શકતા.

(૪) **ચોથા પ્રકારનું પાણી** : તે છે જેને માટલાં અને વાસણોમાં (પાણીની ટાંકી, પીપળાં વગેરે) ભરી લેવામાં આવે. માલિકની પરવાનગી વગર કોઈપણ વ્યક્તિ આ પાણીનો ઉપયોગ નથી કરી શકતો. *(બહારે શરીઅત, ભાગ : ૧૭, પેજ : ૭)*

ઉપર વર્ણન થયેલ પાણીના ચાર પ્રકારોમાંથી પ્રથમ ત્રણ પ્રકારનું પાણી આમ છે, સૌ લોકો માટે છે. તેનાથી કોઈને રોકી શકાય તેમ નથી, અને ચોથા પ્રકારનું પાણી માલ છે જે વાસણો, માટલા, ટાંકી, પીપળા, ડ્રમ વગેરેમાં ભરી લેવામાં આવે. આ પ્રકારના પાણીના વિશે વર્ણન છે કે આ પાણીને તેનો માલિક (જેણે આ પાણીનું સંગ્રહ કર્યું છે) વેચી પણ શકે છે, કારણ કે તે માલ છે અને દરેક માલને વેચવું જાઈઝ અને હલાલ છે. *(બહારે શરીઅત, ભાગ : ૧૭, પેજ : ૭)*

પાણીના ખરીદ વેચાણ વિશે ફતાવા રઝવિય્યહની આ ઈબારત પણ શાહિદ (સાક્ષી) છે, જેમાં તયમ્મુમ વાજિબ થવાની કેટલીક સ્થિતિઓ વર્ણન કરવામાં આવે છે. આ'લા હઝરત ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ લખે છે :–

પાણી મુનાસિબ ભાવમાં વેચાઈ રહ્યું છે પણ આ વ્યક્તિ ગરીબ છે એટલે કે જરૂરતથી વધારે રૂપિયા નથી કે તેનાથી પાણી ખરીદે.

રૂપિયા તો છે પણ અહીંયાં (પાસે) નથી અને વેચનાર વ્યક્તિ ઉધાર આપવા રાજી નથી (તો તયમ્મુમ કરી શકાય) અને જો ઉધાર આપવા રાજી હોય તો (પાણીને) ખરીદવું વાજિબ છે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ : ૩, પેજ : ૪૧૪)*

એવી જ રીતે ફિક્હની મશ્હૂર કિતાબ ''બહારે શરીઅત''માં છે, ''પાણીનું મોંઘુ હોવું એટલે કે ત્યાંના મુજબ જે કિંમત હોવી જોઈએ એનાથી (ડબલ) વધારે માગે છે તો તયમ્મુમ જાઈઝ છે, અને જો કિંમતમાં ફર્ક નથી તો તયમ્મુમ જાઈઝ નથી.'' *(બહારે શરીઅત, ભાગ : ૨, પેજ : ૬૩)*

ઉપર વર્ણન થયેલ તયમ્મુમની બધી સ્થિતિઓમાં એ છે કે જો પાણીના ખરીદવાના રૂપિયા હોય અને પાણી પોતાના વાજબી ભાવમાં વેચાતું હોય તો પાણીને ખરીદવું વાજિબ છે, તેના વગર જો

તયમ્મુમ કરશે તો તયમ્મુમ જાઈઝ નહીં થાય. અને જો પાણી મોંઘુ વેચાતું હોય તો તયમ્મુમ જાઈઝ છે, તયમ્મુમ કરે અને નમાઝ અદા કરે. આ બધી જ સૂરતોમાં પાણીના ખરીદ વેચાણ વિશેનું વર્ણન કરવામાં આવ્યું છે.

**પાણીનું ખરીદ વેચાણ રસૂલુલ્લાહ ﷺના જમાનામાં** : ઉપર બયાન કરવામાં આવેલી ઈબારતોમાં ઉલમાએ ઈઝામ અને મુફિતયાને કિરામે સ્પષ્ટ વર્ણન કરી દીધું કે પાણીનું વેચાણ જાઈઝ અને સહીહ છે. હુઝૂર علیہ الصلوٰۃ والسلامના મુબારક જમાનામાં પણ પાણીનું ખરીદ વેચાણ થતું હતું, જેનું વર્ણન હદીષ શરીફની અલગ અલગ કિતાબોમાં થયેલ છે. અહીંયાં વાંચક મિત્રો સમક્ષ એક હદીષ રજૂ કરવામાં આવે છે, જેમાં પાણીનું ખરીદ વેચાણનું વર્ણન કરવામાં આવ્યું છે. હદીષ શરીફની કિતાબ મિશ્કાત શરીફ અને ઈમામ હાકિમ رحمۃ اللہ علیہની કિતાબ "મુસ્તદરક"માં છે, હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ રસૂલે ખુદા علیہ الصلوٰۃ والسلامના હાથોથી બે વખત જન્નત ખરીદી, એક વખત તંગી (માલની કમી)ના સમયે ઈસ્લામી જેહાદ માટે પોતાની માલ મિલ્કતમાંથી માલ સામાન (રૂપિયા, ઘોડા, ઊંટ વગેરે) રસૂલે ખુદાની બારગાહમાં અર્પણ કરીને. અને બીજી વખત "બિ'રે રુમા" (એક કૂવાનું નામ) જેને વર્તમાનકાળમાં "બિ'રે ઉષ્માન" કહેવામાં આવે છે, તેને મુસલમાનો માટે વકફ કરીને. *(મિશ્કાત શરીફ, પેજ : ૫૬૧, મુસ્તદરકે હાકિમ, ભાગ : ૩, પેજ ૩૨૧)*

ઉપર વર્ણન થયેલ હદીષ શરીફનું બયાન તારીખ (ઈતિહાસ)ની કિતાબોમાં આ રીતે છે કે જ્યારે રસૂલુલ્લાહ علیہ الصلوٰۃ والسلام મક્કા શરીફથી હિજરત કરી મદીના શરીફ તશરીફ લાવ્યા, તે સમયે મદીના શરીફમાં મીઠા પાણીનો ફકત એક જ કૂવો હતો, જેનો માલિક યહૂદી હતો. મુસલમાનો તે સમયે ઘણા જ ગરીબ હતા અને યહૂદી તે કૂવાનું પાણી બહુ મોંઘુ વેચતો હોવાથી મુસલમાનોને મોંઘા ભાવે પાણી ખરીદવાથી ઘણી જ તકલીફ વેઠવી પડતી. જેનું વર્ણન મુસલમાનોએ રસૂલુલ્લાહ ﷺની બારગાહમાં કર્યું. આપ علیہ الصلوٰۃ والسلامએ એલાન કર્યું, કોણ છે જે મુસલમાનોની તકલીફ દૂર કરે અને મારા હાથોથી આ કૂવાના બદલામાં જન્નત ખરીદે ? હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ અડધો કૂવો ખરીદી લીધો અને મુસલમાનો માટે વકફ કરી દીધો. એક દિવસ મુસલમાનો પાણી ભરતા અને એક દિવસ યહૂદી પાણી ભરતો. થોડા દિવસો પછી હઝરત ઉષ્માન ગની رضی اللہ عنہએ કૂવાનો બીજો ભાગ પણ ખરીદી પૂરો કૂવો મુસલમાનો માટે વક્ફ કરી રસૂલુલ્લાહ ﷺના મુબારક હાથોથી જન્નત મેળવી. *(મિર્અતુલ મનાજિહ, તારીખુલ ખોલફા, ખુત્બાતે મુહર્રમ વગેરેમાંથી સંક્ષિપ્તમાં)*

**मालिके कौनेन हैं गो पास कुछ रखते नहीं**
**दोनों जहां की नेअमतें हैं उन्के खाली हाथमें**

–*(ઈમામ અહમદ રઝા رحمۃ اللہ علیہ)*

ઉપર વર્ણન થયેલ લખાણો અને રસૂલુલ્લાહ ﷺના મુબારક જમાનામાં પાણીના વેચાણથી આ વાત સ્પષ્ટ થઈ ગઈ કે પાણીનું વેચાણ જાઈઝ છે અને દુરુસ્ત છે. જેની પર મુસલમાનોનો અમલ હુઝૂર علیہ الصلوٰۃ والسلامના સમયમાં પણ હતો અને આજથી પચાસ સો વર્ષ પૂર્વ પણ અમલ હતો. જેનું બહારે શરીઅતમાં હુઝૂર સદરુશ્શરીઅહ્ મુફ્તી અમજદ અલી رحمۃ اللہ علیہએ વર્ણન કર્યું છે. જેથી આજના યુગમાં પાણીને શુદ્ધ કરી બરફથી અથવા ફ્રિજ વગેરેથી ઠંડુ કરી તેનું વેચાણ જાઈઝ છે અને મિનરલ વોટર, વોટર કુલર વગેરેની ડિલિવરી પણ કરવી જાઈઝ છે. જેના જાઈઝ હોવામાં કોઈ શંકા નથી.

અલ્લાહ તબારક વ તઆલાની બારગાહમાં દુઆ છે કે સાચી વાત બોલવા, લખવા અને મસ્અલાને સમજવાની તૌફીક્ અતા ફર્માવે. (આમીન)

બરકતો તથા નેકીઓનું સુંદર સંગમ એટલે....

# શબે બરાત


❂ અઝ ❂
હઝરત મૌલાના અબ્દુલમુબીન
નોઅમાની (મુબારકપુર)

❂ અનુવાદક ❂
મૌલાના અલ્તાફ મિસ્બાહી કુરચનવી
(મુદર્રિસ : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)


**જો માંગને કા તરીક઼ા હૈ ઈસ તરહ માંગો**
**દરે કરીમ સે બંદે કો ક્યા નહીં મિલતા !**

વર્ષના દિવસો અને રાતોમાં શાબાનની પંદરમી પવિત્ર રાત "શબે બરાત" અને પંદરમો દિવસ બરકતવાળો છે. ઉમ્મતે મુહમ્મદિયહ પર અલ્લાહ તઆલાનો ખાસ કરમ છે કે એણે શબે બરાત જેવી નૂરાની રાતથી સરફરાઝ ફર્માવ્યા. આ રાત દર વર્ષે આવે છે અને પસાર થઈ જાય છે પણ કેટલાક આળસુ તથા સુસ્ત એવા છે જે આ રાતની ક઼દર નથી કરતા અને સૂઈને આખી રાત વીતાવી નાખે છે અને એમનાથી પણ દુષ્ટ તથા બદતર એ લોકો છે જેઓ આ રાતને ખેલકૂદ તથા વ્યર્થ કામોમાં ગુજારી દે છે. હા ! ઘણા ખુશકિસ્મત તથા નસીબદાર અલ્લાહના તે ફર્માંબરદાર બંદાઓ છે જેઓ રહમતભરી તથા નૂરમાં ડૂબેલી આ રાતને ઈજ્જતની દ્રષ્ટિથી જુએ છે અને પોતાના રબને યાદ કરે છે. તેની પવિત્ર અને રહમતભરી બારગાહથી બરકત તથા નૂરની ખૈરાત માંગે છે અને પોતાના ગુનાહોથી તૌબા તથા ઈસ્તિગફાર કરતાં વીતાવે છે, મિસ્કીનો ગરીબો પર સદક઼ો તથા ખૈરાત પણ કરતા હોય છે, સગા સંબંધીઓને ભેટ તથા તોહફાઓ પણ આપતા હોય છે અને સાથોસાથ કબ્રસ્તાનમાં આરામ કરવાવાળાં મર્હૂમોને પણ નથી ભૂલતા, એમના માટે ફાતિહા તથા ઈસાલે સવાબનો બંદોબસ્ત કરે છે. ખરેખર જીવિત લોકોની સાથે આ નાશવંત દુનિયાથી કૂચ કરવાવાળા આપણા મર્હૂમ ભાઈઓ પણ આપણા એહસાન તથા મદદના હક઼દાર છે, માટે મુબારક રાતો અને પવિત્ર દિવસોમાં એમને પણ જરૂર યાદ કરવા જોઈએ. હદીષ શરીફમાં આવ્યું છે કે, "જો તમારામાંથી કોઈ પોતાના ભાઈને ફાયદો પહોંચાડી શક્તો હોય તો પહોંચાડે. *(મુસ્લિમ શરીફ, ૨/૨૨૩, હદીષ–૫૬૯૧, મુસ્નદે ઈમામ અહમદ, ૩/૩૧૫)*

સદક઼ો, કુર્આનની તિલાવત અને ઝિક્રે ખૈરનો સવાબ જો કોઈ મર્હૂમને પહોંચાડવામાં આવે તો ખરેખર પહોંચે છે અને મર્હૂમને એનાથી ફાયદો થાય છે. આ વિશે અગણિત હદીષો મૌજૂદ છે. મુસલમાનોમાં કોઈ પણ આનો મુન્કિર નથી અને જે મુન્કિર છે તે ખરેખર ગુમરાહ અને મુસલમાનોનો દુશ્મન છે.

હદીષથી સાબિત છે કે આ મુબારક રાતમાં 'બની કલ્બ'ની બકરીઓના વાળથી વધુ ગુનેહગારોની અલ્લાહ તઆલા બખ્શિશ ફર્માવે છે.

યાદ રહે કે બની કલ્બ અરબનો એક કબીલો હતો જેમાં બકરીઓ વધારે પ્રમાણમાં હતી. પણ ઘણી રિવાયતોથી એવું જણાય છે કે મગફિરત તથા રહમતની આ પવિત્ર રાતમાં અમુક એવા પણ બદબખ્ત છે જેઓને વિના તૌબાએ માફ નથી કરવામાં આવતા અને તેઓ અલ્લાહની રહમતથી વંચિત રહે છે. તેઓ આ મુજબ છે : (૧) મુશ્રિક એટલે કે ખુદાની સાથે એની જાત તથા સિફતોમાં બીજાને ભાગીદાર બનાવનાર (૨) માં નો નાફર્માન (૩) બાપનો નાફર્માન (૪) કાહિન (અંદાજે ભવિષ્યની વાતો બતાવનાર) (૫) નજૂમી (તારાઓ જોઈને ભવિષ્યની ખબરો બતાવનાર અને એના પર યકીન કરનાર) (૬) જાદૂગર (૭) ફાલ ખોલનાર (૮) બદમઝહબ (૯) ખૂની (૧૦) સંબંધ કાપવાવાળો (૧૧) કિના પરવર (૧૨) હમેશાં વ્યાજ ખાનાર (૧૩) વ્યાજ આપવાવાળો (૧૪) વ્યભિચારી (૧૫) શરાબી (૧૬) વાજિંત્રો વગાડનાર (૧૭) ગવય્યો (ખરાબ ગાયનો ગાવાવાળો) (૧૮) કપડુ, લુંગી, લેંગો વગેરે ઘૂંટીથી નીચે લટકાવી ઘમંડથી ચાલનાર (૧૯) નાજાઈઝ કર વસૂલ કરવાવાળો (૨૦) ફાંસી પર ચઢાવનાર (જલ્લાદ).

આ મોટા મોટા ગુનેહગારોએ આ મુબારક રાતના આવતા પહેલાં અથવા એ જ રાતમાં ખુદાની બારગાહમાં સાચી તૌબા કરી લેવી જોઈએ અને ત્યાર પછી ગુનાહોથી બચવાનો પાકો ઈરાદો પણ કરી લેવો જોઈએ જેથી આ નૂરાની રાતમાં અલ્લાહ તઆલાની તરફથી થવાવાળી રહમતોની વર્ષામાં પોતાના ગુનાહોથી પાક સાફ થઈ અલ્લાહની રહમતથી માલામાલ થઈ જાય. બલ્કે આ વર્ણન કરેલ ગુનાહો સિવાય પણ જે ગુનાહો કર્યા હોય એનાથી તૌબા કરે. જે બેનમાઝી છે તે તૌબા કરે છે કે હવે આગામી નમાઝો નહીં છોડશે અને જે કઝા થઈ ગઈ છે એને જલ્દી અદા કરવાનો વાયદો કરે. બલ્કે આ બાબરકત રાતમાં નફલોની જગ્યાએ પોતાની કઝા નમાઝો પઢે, કેમ કે જ્યાં સુધી કઝા નમાઝો અદા કરવામાં નથી આવતી ત્યાં સુધી નફલ કબૂલ નથી થતા. રોઝા છોડનારો તૌબા કરે કે હવે આગામી રોઝા નહીં છોડશે અને જે છૂટી ગયા છે એને જલ્દી અદા કરવાનો વાયદો કરે. પોતાના માલની ઝકાત ન દેવાવાળો તૌબા કરે કે હવે પૂરેપૂરો હિસાબ કરી ઝકાત અદા કરશું અને જે ખુદા તથા બંદાઓના હક્કો છે એને પણ જલ્દી અદા કરવાનો નિર્ણય કરે. અને જે બંદાઓના હક્કો પોતાના ઉપર છે એને હકવાળાથી મળી માફ કરાવી લે, કેમ કે બંદાઓના હક્કોને અલ્લાહ તઆલા ત્યાં સુધી માફ નથી ફર્માવતો જ્યાં સુધી કે એ વ્યક્તિ પોતે માફ ન કરી આપે. બંદાઓના અમુક હક્કો આ પ્રમાણે છે : જેમ કે કોઈનો માલ આપવા પ્રોપર્ટી લઈ લેવી, કરજ લીધુ હોય, કોઈને ગાળો આપવી, કોઈની બેઈજ્જતી કરવી, કોઈની ગીબત કરવી, કોઈની ચુગલી કરવી, કોઈને નાહક મારવો, કોઈની મઝાક ઉડાવવી હોય, ઉસ્તાદ તથા મા બાપની નાફર્માની કરી હોય અને પડોસીઓનો હક અદા કરવામાં સુસ્તી કરી હોય તો જરૂર માફ કરાવી લે જેથી આખેરતની પૂછતાછથી બચી જાય અને શબેબરાતની બરકતોથી પણ માલામાલ થાય.

## શબે બરાતમાં ગુસ્લ કરવું

શબે બરાતમાં ગુસ્લ કરવુ મુસ્તહબ છે જેથી રાત જાગવામાં મદદ મળે અને ગુસ્લ કરવાથી શબે બરાતની ફઝીલત પણ જાહેર થાય છે કેમ કે આ રાતમાં લોકોને રોજી વહેંચવામાં આવે છે અને મૌત પણ નક્કી કરી દેવામાં આવે છે.

## શબે બરાતમાં દુઓઓ ક઼બૂલ થાય છે

શબે બરાતને એક વિશિષ્ટતા એ પણ પ્રાપ્ત છે કે એમાં દુઆઓ ક઼બૂલ થાય છે માટે સર્વ દીની તથા દુનિયવી કામોની દુઆઓ આ મુબારક રાતમાં માગવી જોઈએ. એટલા માટે જ આલિમોએ દુઆના ક઼બૂલ થવાના સમયોમાં શબે બરાતની પણ ગણના કરી છે. જેમ કે આ'લા હઝરત ઈમામ અહમદ રઝા મુહદ્દિષ બરેલ્વી رحمۃ اللہ علیہએ "અહસનુલ વિઆ લિઆદાબિદ્ દુઆ"માં લખે છે કે "રજબની ચાંદ રાત, શબે બરાત, ઈદુલ ફ઼િત્રની રાત અને ઈદુલ અદહાની રાત. એટલે કે આ રાતોમાં પણ દુઆ ખાસ ક઼બૂલ થાય છે અને ત્યાર પછી ઈબ્ને અસાકિરની આ હદીષ નકલ કરી.

હઝરત અબૂ ઉમામા બાહિલી رضی اللہ عنہથી રિવાયત છે કે હુઝૂરે અકરમ ﷺ ઈર્શાદ ફર્માવે છે : પાંચ રાતો છે જેમાં દુઆ રદ નથી કરવામાં આવતી. રજબની પહેલી રાત, શાબાનની પંદરમી રાત, જુમ્આની રાત, ઈદુલ ફ઼િત્રની રાત અને નહ઼્ર એટલે કે બકરા ઈદની રાત. *(અહસનુલ વિસા લિલ આદાબિદ્ દુઆ, પેજ-૧૫, પ્રકાશક : અશ્રફ઼િયા મુબારકપુર)*

આ હદીષ જામિઉસ્સગીર ઈમામ જલાલુદ્દીન સિયૂતીમાં પણ ઈબ્ને અસાકિરના હવાલાથી નક઼લ છે. *(જામિઅ સગીર, પેજ-૨૪૧, હદીષ : ૩૭૫૨)*

માટે આ મુબારક રાતમાં પુષ્કળ દુઆઓ માંગવી જોઈએ, ખુદાએ કરીમની બારગાહમાં પોતાની હાજતો રજૂ કરે, પોતાના ગુનાહોથી સાચી તૌબા કરે અને સૌથી મહત્વપૂર્ણ એ કે ઈમાન પર ખાત્માની દુઆ કરે અને શક્ય હોય તો અલ્લામા ઈમામ મુહમ્મદ જઝરી رحمۃ اللہ علیہની મુબારક કિતાબ "હિસ્ને હસીન" ને સંપૂર્ણ એક વખત પઢી લેવી જોઈએ કે એ સરકાર ﷺની દુઆઓનો મજમૂઓ છે અને એમાં દરેક મૌક઼ાની દુઆઓ છે.

## શાબાનના મહિનાની ફઝીલત તથા મહત્વ

શાબાનનો મહિનો અને ખાસ કરીને એની પંદરમી રાત એટલે કે શબેબરાતનું મહત્વ મુસલમાનોના નજદીક મુસલ્લમ છે. પણ અફસોસ કે નામ માત્રના મુસલમાન એક તરફ આની ફઝીલતનો બિલકુલ ઈન્કાર કરે છે તો બીજી તરફ શબે બરાતને મનાવવાવાળાઓની એક મોટી સંખ્યા એ જાહિલો, બદઅમલોની છે, જેઓ આ બાઅઝમત અને ખૈરો બરકતથી ભરપૂર રાતને ભાત ભાતની રમતો, આતિશબાઝી તથા શૈતાની કાર્યોથી નાપાક કરી એની ફઝીલત તથા નૂરાનિયતનો ખુલ્લે આમ મઝાક ઉડાવે છે. જેને જોઈને ખરેખર કહી શકાય કે આવા લોકો શબે બરાતની અહમિયત તથા ફઝીલતને ક઼બૂલ નથી કરતા બલ્કે માત્ર ઢોંગ રચે છે. ખુદા તઆલા આવા મુસલમાનોને પોતાના ખોટા કામોની ચકાસણી કરી સુધારણા કરવાની તૌફીક આપે. (આમીન)

આમ તો શાબાનના મહિનાની ફઝીલત શબે બરાત અને પંદરમી શાબાનના રોઝાની ફઝીલતથી જાહેર છે પરંતુ આ મુબારક મહિનાનું મહત્વ આનાથી વધી જાય છે કે આ મહિનો રમઝાન શરીફનો પડોસી છે અને આ મુબારક મહિનાનો ચાંદ હુઝૂરે અનવર ﷺ ખાસ જોતા હતા. જેથી આ સિલસિલાની અમુક હદીષો નીચે વર્ણન કરવામાં આવે છે :

**(૧)** અબ્દુલ્લાહ ઈબ્ને અબી ક઼ૈસ કહે છે કે મેં ઉમ્મુલ મુઅમિનીન હઝરત સિદ્દીક઼ા رضی اللہ عنہاથી સાંભળ્યુ કે રસૂલુલ્લાહ ﷺ શાબાનનું એટલી હદે આયોજન કરતા કે બીજા કોઈ (મહિના)નું ન કરતા,

પછી રમઝાનનો ચાંદ જોઈ રોઝો રાખતા અને જો વાદળ હોતુ તો ત્રીસ દિવસ પૂરા કરી રોઝો રાખતા! *(અબૂ દાઊદ, ૧/૩૧૮, કુતુબખાના રશીદિયા-દિલ્હી)*

**(૨)** હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا થી રિવાયત છે કે સરકારે દો આલમ صلی اللہ علیہ وسلم એ ફર્માવ્યું, શાબાન મારો મહિનો છે અને રમઝાન અલ્લાહનો મહિનો છે. *(મુસ્નદુલ ફિરદૌસ લિદદૈલમી જામિએ સગીરઉસ્સગીર, સિયૂતી, પેજ-૩૦૧, હદીષ નં.-૪૮૮૯)*

અને બીજી રિવાયત હઝરત આઈશા رضی اللہ عنہا થી આ પ્રમાણે છે : રમઝાનનો મહિનો અલ્લાહનો છે અને શાબાનનો મહિનો મારો છે, શાબાન પાક કરવાવાળો છે અને રમઝાન ગુનાહ મિટાવવાવાળો છે. *(ઈબ્ને અસાકિર, જામિએ સગીર, સિયૂતી, હદીષ નં-૪૯૦૩)*

શાબાનને હુઝૂર પોતાનો મહિનો બતાવ્યો, એની ઘણી સ્પષ્ટતાઓ છે. એક એ કે એમાં કયામ અને રોઝાઓનો હુકમ મેં આપ્યો છે. બીજી એ કે આજ મહિનામાં દુરૂદની આયત નાઝિલ થઈ એટલે કે اِنَّ اللّٰهَ وَمَلٰٓئِكَتَهٗ يُصَلُّوْنَ عَلَى النَّبِيِّ *(અહઝાબ-૩૩/૫૬)*

આવુ જ મવાહિબે લદુન્નિયા ઈમામ કસ્તલાની (૩/૩૨૨)માં છે, હે અલ્લાહ! અમારા માટે રજબ અને શાબાનમાં બરકત દે અને રમઝાન સુધી પહોંચાડી દે. *(બયહકી દઅવાતે કબીર, બહવાલા મિશ્કાત, પેજ-૧૨૧, બાબુલ જુમુઅહ, શુઅબુલ ઈમાન બયહકી, ૩/૩૭૩, હદીષ-૩૮૧૫)*

હકીમુલ ઉમ્મત મુફતી અહમદ યારખાં નઈમી عَلَيْهِ الرَّحْمَةُ وَالرِّضْوَان ફર્માવે છે કે સૂફિયાએ કિરામ ફર્માવે છે : 'રજબ' બીજ રોપવાનો મહિનો છે, શાબાન પાણી આપવાનો અને રમઝાન કાપવાના માટે. રજબમાં નફ્લ નમાઝોમાં ખૂબ પ્રયત્ન કરો, શાબાનમાં પોતાના ગુનાહો પર રડો, અને રમઝાનમાં રોઝા રાખી રબની ખુશી પ્રાપ્ત કરી આ ખેતરને સારી રીતે કાપો. *(મિરઆત શરહે મિશ્કાત, ૨/૩૩૦)*

**મસ્અલો** : પાંચ મહિનાનો ચાંદ જોવો વાજિબે કિફાયા છે : શાબાન, રમઝાન, શવ્વાલ, ઝી કઅદા અને ઝિલ હિજ્જા. શાબાનનો એટલા માટે કે રમઝાનનો ચાંદ જોતી વખતે વાદળ હોય તો શાબાનના ત્રીસ પૂરા કરી રમઝાન શરૂ કરે, અને રમઝાનનો રોઝા રાખવા માટે અને શાબાનનો રોઝા ખત્મ કરવા માટે. અને ઝી કઅદાનો ઝિલ હિજ્જા માટે અને ઝિલ હિજ્જાનો બકરા ઈદ માટે. *(બહારે શરીઅત, ૫/૧૯૬)*

**મસ્અલો** : જો શાબાનની ત્રીસમી તારીખના દિવસમાં (ચાંદ) જોયો તો આ દિવસ શાબાનનો છે, રમઝાનનો નથી. માટે આજનો રોઝો ફર્ઝ નથી. *(દુર્રે મુખ્તાર, રદ્દુલ મુહતાર, બહારે શરીઅત, ૫-૧૧૦)*

**તહવીલે કિબ્લા** : શાબાન મહિનાની યાદગારોમાં એક યાદગાર એ છે કે પંદરમી શાબાન મંગળવારના દિવસે બૈતુલ મુકદ્દસની જગ્યાએ ખાનએ કા'બા કિબ્લો કરાર દેવામાં આવ્યો.

*(તફસીરે કુર્તબી, ૨/૧૪૬)*

## શાબાનના રોઝાની ફઝીલત

શાબાન મહિનાના રોઝાની ફઝીલતમાં અગણિત હદીષો મરવી છે. અહિયાં એને રજૂ કરીએ છીએ. આ'લા હઝરત ઈમામ અહમદ રઝાખાં رحمۃ اللہ علیہ આ હદીષ નકલ ફર્માવે છે :

**(૧)** રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ઈર્શાદ ફર્માવ્યો, "રમઝાન પછી સૌથી અફઝલ શાબાનના રોઝા છે, રમઝાનની તાઝીમ માટે. *(ફતાવા રઝવિય્યહ, ભાગ-૪, પેજ-૬૫૯)*

**(૨)** સહીહૈનમાં છે : ઉમ્મુલ મુઅમિનીન

હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہا ફર્માવે છે : "હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلم રમઝાન સિવાય કોઈ પણ મહિનાના પૂરા રોઝા રાખતા ન હતા અને એના પછી આપ صلی اللہ علیہ وسلمને શાબાનથી વધુ કોઈ પણ મહિનામાં રોઝા રાખતા મેં નથી જોયા. એક રિવાયતમાં છે : સંપૂર્ણ શાબાનના રોઝા રાખતા અને ક્યારેક વધારે પડતા દિવસોના. *(બુખારી, ૧/૨૬૪, ઈબ્ને માજહ–૧૨૨, મિશ્કાત, પેજ–૧૮૯)*

**(૩)** અબૂ સલ્મા رضی اللہ عنہا હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاથી રિવાયત કરે છે કે રસૂલે પાક صلی اللہ علیہ وسلم શાબાનને રમઝાનથી મિલાવી દેતા હતા.

**(૪)** ઉમ્મે સલમા رضی اللہ عنہاથી રિવાયત છે, એમણે કહ્યું કે મેં સતત બે મહિના સુધી સરકાર صلی اللہ علیہ وسلمને રોઝા રાખતા નથી જોયા સિવાય શાબાન અને રમઝાનના. *(તિર્મિઝી, ૧/૯૨, અબવાબુસ્સિયામ)*

**(૫)** હઝરત રબીઆ ઈબ્નુલ ગાઝ رضی اللہ عنہاથી રિવાયત છે કે એમણે આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી હુઝૂરે અક્દસ صلی اللہ علیہ وسلمના રોઝાઓ વિશે સવાલ કર્યો તો ફર્માવ્યું કે હુઝૂર સંપૂર્ણ શાબાનના રોઝા રાખતા હતા ત્યાં સુધી કે એને (શાબાનને) રમઝાનથી મિલાવી દેતા હતા. *(ઈબ્ને માજહ–૧૯૯)*

સંપૂર્ણ શાબાનથી વધારે પડતા દિવસો મુરાદ છે જેવી રીતે કે હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاની બીજી રિવાયતથી માલૂમ થાય કે જે આગળ આવી રહી છે.

**(૬)** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી મરવી છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ફર્માવ્યું, રમઝાનના રોઝાઓથી એક દિવસ અથવા બે દિવસ પહેલાં રોઝા ન રાખો. હા ! જો કોઈ વ્યક્તિ રોઝો પહેલાથી રાખતો ચાલ્યો આવે છે તો તે રાખી શકે છે. *(અબૂ દાઊદ, ૧/૩૧૯, તિર્મિઝી–૧/૮૨, ઈબ્ને માજહ, ૧૧૯)*

અર્થાત કે કોઈ સોમવારનો રોઝો રાખે છે, સંજોગો વસાત તે શાબાનના અંતમાં પડી ગયો તો રાખી શકે છે. હા ! શાબાનના અંતમાં ખાસ રમઝાનની તાઝીમ માટે રોઝો ન રાખવો બેહતર છે, જેથી રમઝાનની અજોડતા અને નિરાલાપણુ બાકી રહે.

**(૭)** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہથી રિવાયત છે કે રસૂલુલ્લાહ صلی اللہ علیہ وسلم ફર્માવ્યું, જ્યારે અર્ધ શાબાન થઈ જાય તો રમઝાનના આગમન સુધી કોઈ રોઝો નથી. *(અબૂ દાઊદ, ૧/૩૧૯, ઈબ્ને માજહ, ૧૧૯, તિર્મિઝી, ૧/૯૨)*

હુઝૂરનો અમલ તો એ જ હતો જે ઉપર હઝરત આઈશા رضی اللہ عنہا અને હઝરત ઉમ્મે સલમા رضی اللہ عنہاની રિવાયતોમાં છે. અને આ હદીષમાં જે હુકમ છે એ લગભગ ઉમ્મત માટે તખફીફી અને શફકત (નરમી) માટે હતો કે લોકો તકલીફમાં ન પડી જાય કે જ્યારે પહેલેથી રોઝા રાખવાનું કોઈ શરૂ કરી દેશે તો રમઝાનમાં કમજોર થઈ જવાનો ખતરો રહેશે.

**(૮)** અબૂ સલમાએ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી હુઝૂર صلی اللہ علیہ وسلمના રોઝાઓની કૈફિયત પૂછી તો ફર્માવ્યું, હુઝૂર صلی اللہ علیہ وسلم એટલા સતત રોઝા રાખતા કે ક્યારેક ખયાલ આવતો કે હવે આપ صلی اللہ علیہ وسلم કદાપિ ઈફતાર નહીં કરે. અને જ્યારે ઈફતાર ફર્માવતા તો અમને ગુમાન ન થતુ કે આપ صلی اللہ علیہ وسلم હવે રોઝા ન રાખશે. અને મેં આપ صلی اللہ علیہ وسلمને શાબાનથી વધુ કોઈ મહિનામાં રોઝા રાખતા નથી જોયા. આપ અમુક દિવસો સિવાય પૂરા મહિનાના રોઝા રાખતા. *(બુખારી, ૧/૨૬૪, ઈબ્ને માજહ, ૧૨૩)*

**(૯)** હઝરત અબ્દુલ્લાહ બિન અબી કૈસ હઝરત આઈશા સિદ્દીકા رضی اللہ عنہاથી રિવાયત કરે

છે કે તેમણે કહ્યું કે હુઝૂર ﷺને શાબાનના રોઝા બધા મહિનાઓના રોઝાઓથી વધારે પસંદ હતા, પછી હુઝૂરે એને (શાબાનના રોઝાઓને) રમઝાનથી મિલાવી દેતા. *(અબૂ દાઊદ, ૧/૩૩૦)*

**(૧૦)** હઝરત ઉસામા બિન ઝૈદ رضی اللہ عنہથી રિવાયત છે એમણે કહ્યું કે મેં અર્ઝ કરી યા રસૂલલ્લાહ ! ﷺ હું હુઝૂરને શાબાનમાં બધા મહિનાઓથી વધારે રોઝા રાખતા જોઉં છું. તો આપે ﷺએ ફર્માવ્યું, આ એક એવો મહિનો છે કે લોકો આનાથી ગફલત વર્તે છે, જે રજબ તથા રમઝાનના દરમ્યાન છે. અને આ એવો મહિનો છે જેમાં આમાલ રબ્બુલ આલમીન અલ્લાહ તઆલાની બારગાહમાં રજૂ કરવામાં આવે છે, અને મને પસંદ છે કે મારો અમલ અલ્લાહની બારગાહમાં એ સ્થિતિમાં રજૂ થાય જ્યારે કે હું રોઝાથી હોઉં. *(નિસાઈ શરીફ, ૧/૨૫૧)*

**(૧૧)** હઝરત અનસ બિન માલિક رضی اللہ عنہથી રિવાયત છે. એમણે કહ્યું, રસૂલુલ્લાહ ﷺ રોઝા રાખતા અને ઈફતાર ન કરતા ત્યાં સુધી કે અમે લોકો કહેતા કે હુઝૂરનો વિચાર છે કે આપ સંપૂર્ણ વર્ષ ઈફતાર નહીં ફર્માવશે. પછી એવું થતું કે સતત ઈફતાર કરતા એટલે કે રોઝા ન રાખતા ત્યાં સુધી કે અમે લોકો કહેતા કે હુઝૂરનો ખયાલ છે કે હવે આખુ વર્ષ રોઝા ન રાખશે. અને હુઝૂરને સૌથી વધારે શાબાનના રોઝા પ્રિય હતા. *(અત્તરગીબ, ૨/૪૯)*

**(૧૨)** હઝરત અબૂ હુરૈરહ رضی اللہ عنہ રિવાયત કરે છે કે રસૂલુલ્લાહ ﷺ ફર્માવ્યું, રમઝાન માટે શાબાનના ચાંદની ગણતરી કરો.

*(તિર્મિઝી, ૧/૮૭)*

અર્થાત કે શાબાનના ચાંદને જોવાની તાકીદ ફર્માવી જેથી રમઝાનનો હિસાબ બરાબર થઈ શકે. ❒❒❒

## શબે બરાતમાં
## આ'લા હઝરત رحمۃ اللہ علیہનો દસ્તૂર

શબે બરાત નજદીક છે. આ રાત્રે દરેક બંદાઓના અમલો અલ્લાહ તઆલાની બારગાહમાં રજૂ કરવામાં આવે છે. અલ્લાહ તઆલા હુઝૂર ﷺના સદકાથી મુસલમાનોના ગુનાહોને માફ કરી દે છે પણ અમુક. એ બે મુસલમાનો જે એકબીજા સાથે દુશ્મની રાખે છે એમના વિશે અલ્લાહ તઆલા ફર્માવે છે : એમને રહેવા દો જ્યાં સુધી એકબીજા સાથે સમાધાન ન કરી લે. માટે અહલે સુન્નતના સર્વ લોકોએ ૧૪ શાબાને સૂરજ ડૂબતા પહેલાં એકબીજાથી સફાઈ કરી લેવી જોઈએ. એકબીજાના હક્કો અદા કરે અથવા માફ કરાવી લે કે અલ્લાહના હુકમથી હુકૂકુલ ઈબાદ (બંદાઓના હક્કો)થી નામએ આમાલ ખાલી થઈ અલ્લાહની બારગાહમાં પેશ કરવામાં આવે.

હુકૂકુલ્લાહ એટલે કે અલ્લાહના હક્કો માટે સાચી તૌબા પૂરતી છે. જેમ કે હદીષ પાકમાં છે, "ગુનાહોથી તૌબા કરવાવાળો બેગુનાહ સમાન છે." હુકૂકુલ્લાહના મામલામાં અલ્લાહના હુકમથી જરૂર આ રાતમાં મગફિરતની ઉમ્મીદ છે, પણ અકીદો બરાબર હોવો શરત છે. અલ્લાહ બખ્શવાવળો છે.

આ સર્વ સુલેહ સમાધાન એકબીજા સાથે અલ્લાહના કરમથી વર્ષોથી અહીંયાં પ્રચલિત છે. ઉમ્મીદ છે કે તમે પણ મુસલમાનોમાં ત્યાં શરૂ કરશો. કેમ કે જેણે ઈસ્લામમાં સારો તરીકો પ્રચલિત કર્યો એના માટે એનો સવાબ છે અને કયામત સુધી જે કોઈ પણ એ તરીકા ઉપર અમલ કરશે એનો સવાબ પણ એના નામએ અમાલમાં રાખવામાં આવશે અને એમના સવાબોમાં કોઈ કમી નહીં કરવામાં આવે.

આ નકામા ફકીર માટે બંનેવ જહાંનમાં માફીથી દુઆ કરજો, ફકીર તમારા માટે દુઆ કરશે અને કરે છે. બધા મુસલમાનોને સમજાવી દેવામાં આવે કે ત્યાં (અલ્લાહની બારગાહમાં) ન ખાલી ઝબાન જોવામાં આવે છે, ન નિફાક પસંદ છે. સુલેહ તથા માફી સાચા દિલથી હોવી જોઈએ.

*–ફકીર અહમદ રઝા કાદરી ગુફિરલહુ*

# શબે બરાતની ઈબાદતો

—કાર્યાલય

શાબાનના પૂરા મહિનાની ઘણી જ ફઝીલત છે. પણ ખાસ કરીને ૧૫ મી શાબાન અતિ ફઝીલતવાળી રાત છે. હદીષ શરીફમાં છે કે શાબાનની ૧૫ મી રાતમાં ખુદાએ ઝુલ જલાલ રહમત નાઝિલ ફર્માવે છે અને ફરિશ્તાઓ અલ્લાહ તઆલા સમક્ષ વર્ષભરનાં આમાલનામાં રજુ કરે છે. ત્યારબાદ અહકમુલ હાકિમીન પોતાની રહમતથી બંદાઓને પ્યારુ સંબોધન કરે છે : "ખબરદાર ! છે કોઈ **મગફેરત** માંગનાર કે હું તેના ગુનાહોને બખ્શી દઉં. ખબરદાર ! છે કોઈ **રોજી માંગનાર** કે હું તેને રોજી આપુ. ખબરદાર ! છે કોઈ **મુસીબતમાં સપડાયેલો** કે હું તેને રાહત બખ્શું. ખબરદાર ! છે કોઈ આવો આવો.............(છેવટ સુધી).

**હે પ્યારા દીની ભાઈઓ તથા બહેનો !** શું તમે મગફેરત નથી ચાહતા ? શું રોજીની તમને તલબ નથી ? શું તમારે મુસીબતો નથી દૂર કરવી ? તો આવો ! અને આજે આ રાતને હરવા ફરવા, ટોળે મળી ગપ્પાં હાંકવા કરતાં અલ્લાહની ઈબાદતમાં રાત ગુજારો.

## ::: શબે બરાતના નફ્લ :::

હુઝૂરે અકરમ ﷺએ ફર્માવ્યું છે કે, "જ્યારે શાબાનની ૧૫ મી રાત્રી હોય ત્યારે નવાફિલ પઢો અને ૧૫ મીના દિવસે રોઝો રાખો નિઃશંક ! તે રાત બરકતવાળી છે.

❒ ૧૪ મી શાબાનના ગુરૂબ આફતાબ (સૂર્યાસ્ત)ના સમયે ૪૦ વાર **"લા હૌલ વલા કુવ્વત ઈલ્લા બિલ્લા હિલ અલીય્યીલ અઝીમ"** પઢે અને ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે.

❒ **મગરિબની નમાઝ બાદ** છ રકાત નફ્લ નમાઝ બે બે રકાતની નિય્યતથી પઢે.

❒ પ્રથમ બે રકાત ઉમર દરાજીની નિય્યતથી, બીજી બે રકાત રોઝીની કુશાદગીની નિય્યતથી અને ત્રીજીવખતની બે રકાત દર્દો મુસીબતો બલાઓ, દૂર થવાની નિય્યતથી પઢે તેમ જ યાસીન શરીફની તિલાવત કરે.

❒ આ મુબારક રાત્રીએ ગુસલ કરે અને બે રકાત નમાઝ પઢે ઘણો જ સવાબ મળશે.

❒ **ઈશાની નમાઝ બાદ** આઠ રકાત નફ્લ નમાઝ બે—બે રકાતની નિય્યતથી અદા કરે. દરેક રકાતમાં અલ્હમ્દુ પછી સૂરએ કુલ્હુવલ્લાહુ અહદ પાંચ વખત પઢે.આ નમાઝ પઢનાર ગુનાહોથી પાક સાફ થશે અને તેની દુઆઓ કબૂલ થશે તેમ જ ઘણો મોટો સવાબ પ્રાપ્ત થશે.

❒ ચાર રકાત એક સલામથી પઢે. દરેક રકાતમાં અલહમ્દુ પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૫૦ વાર પઢે.

❒ બે રકાત નમાઝ પઢે દરેક રકાતમાં અલ્હમ્દુ પછી આયતુલ કુર્સી એકવાર અને સૂરએ ઈખ્લાસ ૧૫ વાર પઢે સલામ ફેરવ્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે. આ નમાઝ પઢવાવાળાની રોઝીમાં બરકત થશે તેમજ દુઃખ દર્દથી રક્ષણ મળશે અને ગુનાહોથી બખ્શિશ થશે.

❒ ૧૪ રકાત નમાઝ બે—બે રકાતની નિય્યતથી પઢે નમાઝ પૂરી કર્યા પછી ૧૦૦ વાર દુરૂદ શરીફ પઢે અને દુઆ માંગે. ઈન્શાઅલ્લાહ કબૂલ થશે.

❒ આ મુબારક રાત્રીએ બે—બે રકાતની નિય્યતથી ૧૦૦ રકાત નફિલ નમાઝ પઢે જેમાં સૂરએ ફાતેહા (અલહમ્દુ) પછી સૂરએ ઈખ્લાસ (કુલ્હુવલ્લાહ) ૧૦ વાર પઢે. આ નમાઝને "સલાતુલ ખૈર" કહે છે.

આ નમાઝ બાબત ખ્વાજા હસન બસરી رحمۃ اللہ علیہ એ રિવાયત કરી છે કે, ત્રીસ સહાબીઓએ મને કહ્યું કે, "જે વ્યક્તિ આ નમાઝને આ રાતમાં પઢશે અલ્લાહ તઆલા તેની તરફ ૭૦ વખત નિહાળશે અને દરેક નઝરના બદલામાં તેની ૭૦ હાજતો પૂરી કરશે જેમાં બધાથી ઉત્તમ મગફેરત છે. (ઈન્શાઅલ્લાહ ! સુબ્હાનલ્લાહ !)

# ઈસ્લામમાં આમ લોકોની ખિદમત (સેવા)નું મહત્વ

રજૂકર્તા : મૌલાના ઈમરાન રઝા મિસ્બાહી *(મુદર્રિસ : દારૂલ ઉલૂમ બરકાતે ખ્વાજા-આમોદ)*

''ખિદમત અરબી ભાષાનો શબ્દ છે, ''ખલ્ક઼''નો અર્થ છે મખ્લૂક઼ (પેદા કરવામાં આવેલ), હવે બંન્નેવનો અર્થ થયો ''મખ્લૂક઼ની ખિદમત કરવી. ઈસ્લામની પરિભાષામાં ''ખિદમતે ખલ્ક઼નો મતલબ એ છે કે અલ્લાહની રઝામંદી પ્રાપ્ત કરવા સર્વ મખ્લૂક઼ વિશેષ રીતે ઈન્સાનોની જાઈઝ કામોમાં મદદ કરવી. આ તે ખિદમત છે જેનાથી ઈન્સાન ન કેવળ લોકોના દિલોમાં સ્થાન બનાવી લે છે બલ્કે અલ્લાહ તઆલા તરફથી રહમત અને મગફેરતનો મુસ્તહિક઼ પણ થઈ જાય છે. દુનિયાની જિંદગીમાં બંદએ મો'મિનના મૂળ હેતુઓમાં અલ્લાહ તઆલાની રઝામંદીને પ્રાપ્ત કરવું સૌથી અગત્યનો હેતુ હોય છે, અને ખિદમતે ખલ્કથી અલ્લાહ તઆલાની ખુશી અને નિકટતા પ્રાપ્ત થાય છે અને તે માણસ લોકોમાં પણ પ્રિય થઈ જાય છે.

ફારસી ભાષામાં પ્રસિધ્ધ કિતાબો ગુલિસ્તાં અને બોસ્તાંના લેખક હઝરત શૈખ સઅ્દી શીરાઝી رحمۃ اللہ علیہએ આ જ વાત પોતાની એક પંક્તિમાં કહી છે :- *''હર કે ખિદમત કર્દ ઊ મખ્દૂમ શુદ''*

''જે વ્યક્તિ બીજા લોકોની ખિદમત કરે છે તે પોતે મખ્દૂમ થઈ જાય છે.''

## ઈસ્લામનો ખિદમતે ખલ્ક઼ વિશે દષ્ટિકોણ

ઈસ્લામ પોતાના માનવાવાળાઓને જે બાબતો પર અમલ કરીને એક બેહતર ઈન્સાન બનવાની ઝમાનત આપે છે, તે સદકાર્યોમાં ખિદમતે ખલ્ક઼ પણ છે. ઈસ્લામે બંદએ મો'મિનને બે હક્ક઼ો, એક હુકૂકુલ્લાહ (અલ્લાહના હક્ક઼ો) અને બીજા હુકૂકુલ ઈબાદ (બંદાઓના હક્ક઼ો) અદા કરવાનો હુકમ આપ્યો છે, જેની પાબંદી તેમના સમય પર કરવાને અત્યંત જરૂરી ઠરાવવામાં આવી છે. પૈગમ્બરે ઈસ્લામ રહમતે આલમ નૂરે મુજસ્સમ ﷺ ઈન્સાનો માટે આદર્શ (આઈડિયલ) બનીને તશરીફ લાવ્યા. હુઝૂર ﷺ એ પોતાના અમલ અને કથનથી એ સાબિત કરી દીધું છે કે આપ ﷺકેવળ રૂકૂઅ અને સજદાના હુકમો બંદાઓ સુધી પહોંચાડવા નથી આવ્યા, બલ્કે ઈન્સાની પવિત્રતાને સારા અમલો થકી ઉચ્ચતાની હદ સુધી પહોંચાડવાના માર્ગો પણ બતાવવા આવ્યા. આપ ﷺએ જેવી રીતે એક અલ્લાહની ઈબાદતનો હુકમ આપી બાતિલ મા'બૂદોથી છૂટકારો અપાવવાની સંપૂર્ણ કોશિશો કરી છે તેવી જ રીતે દરેક મનુષ્યની ઈજ્જતની પણ રક્ષા ફર્માવી છે.

ઈસ્લામ ખિદમતે ખલ્ક઼ના સંબંધે કેટલો સર્તકતાવાળો છે તેનું અનુમાન આનાથી સારી રીતે લગાડી શકાય છે કે ઈબાદતોમાં સૌથી અગત્યની ઈબાદત નમાઝની દરેક રકાતમાં સૂરએ ફાતિહાની તિલાવત કરવાનો હુકમ છે. અલ્હમ્દુ લિલ્લાહિ રબ્બિલ આલમીન જેનો અર્થ છે : સર્વ ખૂબીઓ અલ્લાહ માટે છે જે પાલનહાર સર્વ જહાનવાળાઓનો. અને પૈગમ્બરે ઈસ્લામ હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺના સિફતી નામોમાં એક નામ ''રહમતુલ્લિલ આલમીન'' છે એટલે કે હઝરત મુહમ્મદ મુસ્તફા ﷺ સમગ્ર બ્રહમાંડ માટે રહમત છે. આ બન્ને સ્થળોએ અલ્લાહ તઆલાએ પોતાને બ્રહમાંડનો પાલનહાર અને મુસ્તફા ﷺને સમસ્ત બ્રહમાંડ માટે રહમત ઠરાવ્યા છે. જેનાથી સ્પષ્ટ થાય છે કે બંદએ મો'મિનના દિલો દિમાગમાં એ વાત હમેશાં રહે કે અલ્લાહ જ્યારે બંદાઓનો પાલનહાર છે તો આપણે

કોઈ કામ એવું ન કરવું જોઈએ જેનાથી કોઈ બંદાના જીવનમાં કોઈ પરેશાની આવી જાય અને આપણા નબી ﷺ જ્યારે પૂરી કાએનાત માટે રહમત છે તો આપણે કોઈના માટે ઝેહમત (તકલીફ) ન બનવુ જોઈએ.

કુર્આને મજીદ ફુર્કાને હમીદમાં જ્યાં જ્યાં અલ્લાહ તઆલાએ પોતાની ઈબાદત નમાઝનો હુકમ આપ્યો છે, સામાન્યતઃ ત્યાં ત્યાં ઝકાતનો પણ હુકમ આપ્યો છે. ઝકાત એક માલી ઈબાદત છે. જાહેર છે કે તે ખિદમતે ખલ્ક છે. જાણ હોવી જોઈએ કે અલ્લાહ તઆલા માત્ર એક જ સ્થળે કુર્આનમાં ઈર્શાદ ફર્માવી આપતો કે "નમાઝ કાયમ કરો અને ઝકાત આપો." તો પણ દરેક બંદા પર તેના ઉપર અમલ કરવો અનિવાર્ય થઈ જાત, પરંતુ વિવિધ સ્થળોએ તેનો વાંરવાર ઈર્શાદ તાકીદ પર તાકીદ માટે છે કે નમાઝ અને ઝકાત ઈસ્લામી તાલીમાતના મહત્વના ભાગ છે, પછી ઝકાતના પાત્રોમાં સૌ પ્રથમ ગરીબ બંદાઓનું વર્ણન તેના મહત્વને અધિક પ્રકાશિત કરે છે. ત્યાર પછી કુર્આન અને હદીષમાં વિવિધ સ્થળોએ સદ્કા અને ખૈરાતનો હુકમ આપ્યો છે, અને તેના માટે વારંવાર પ્રેરિત પણ કરવામાં આવ્યા છે. ઈદુલ અદ્હામાં ગોશ્ત વહેંચવો અને ઈદુલ ફિત્રમાં નમાઝ પહેલાં સદ્કાએ ફિત્ર અદા કરવા, પોતાના મર્હૂમોના ઈસાલે ષવાબ માટે સદકએ જારીયા કરવા, રોઝાદારોને ઈફતાર અને સેહરી કરાવવા, મુસાફરોની સહાય કરવા, આફત અને મુસીબતોમાં સપડાએલા લોકોને શક્ય તેટલી મદદ પહોંચાડવા માર્ગો અને વેરાન સ્થળોઓએ કૂવા ખોદાવવા, નાદાર અને બેઘર લોકો માટે વસાહતોનું નિર્માણ, બીમારોની ખબરગીરી અને તેમને તસલ્લી આપવું, યતીમો અને બેસહારાઓનું ભરણ પોષણ, વિના તફાવત ઈન્સાની ખિદમતોના જઝબાઓને વધારવા અને આસ્માની તથા જમીની દુર્ઘટનાઓથી પીડિત લોકોની ખૈર ખબર લેવાના આદેશો કુર્આન તથા હદીષમાં ધોળા દિવસની જેમ જાહેર છે.

રસપ્રદ વાત એ છે કે દીને ઈસ્લામે ઈન્સાની ખિદમતોની કલ્પના તે જમાનામાં દીધી હતી જે જમાનામાં આજની જેમ ઈન્સાની ખિદમતોની જરૂરત ઘણી બધી રીતે ઓછી હતી. પરંતુ એવી કલ્પના આપી જે આજના જમાનામાં પણ સંપૂર્ણતઃ કામની છે, જેના સારા પ્રભાવ પડી રહ્યા છે અને દુનિયા તેને સ્વીકારવા પર મજબૂર છે. ઉપરોક્ત લખાણમાં ખિદમતે ખલ્કથી સંબંધિત કુર્આની હુકમો, નબવી ફર્માનો તથા ખિદમતો વગેરે ટૂંકમાં રજૂ કરવામાં આવેલ છે અને એ પણ સ્પષ્ટ કરવાની કોશિશ કરવામાં આવી છે કે વિશ્વમાં ઈસ્લામ જ તે એક માત્ર ધર્મ છે જેણે પોતાના તથા પારકા સૌની સાથે કોઈ અત્યાચાર વિના જીવન પસાર કરવાના માર્ગો ઉઘાડવાની આગેવાની કરી છે.

અલ્લાહ તઆલા ઈર્શાદ ફર્માવે છે :–

- "નમાઝ કાયમ કરો અને ઝકાત દો."
  *(સૂ. બકરહ, આ. ૪૨)*
- "સદકાઓ ફકીરો ગરીબો અને મિસ્કીનો માટે છે." *(સૂ. તૌબા, આ. ૬૦)*
- "તેઓ મુજરિમોથી પૂછશે કે તમને કોઈ ચીજો દોઝખમાં લઈ ગઈ ? તેઓ કહેશે, અમે નમાઝ પઢવાવાળાઓમાંથી ન હતા. અને મિસ્કીનોને ખાવા ખવડાવતા ન હતા."
  *(સૂ. મુદ્દષ્ષિર, આ. ૪૧, ૪૨)*
- "હે ઈમાનવાળાઓ ! રૂકૂઅ અને સજદા કરો, પોતાના રબની ઈબાદત કરો, ભલાઈનાં કામો કરો, જેથી તમે સફળતા પામો."
  *(સૂ. હજ, આ. ૭૭)*
- અલ્લાહની મહોબ્બતમાં તેઓ મિસ્કીન, યતીમ, અને કેદીને ખાવા ખવડાવે છે (અને કહે છે) અમે કેવળ અલ્લાહને રાજી કરવા ખવડાવીએ છીએ, અમે તમારાથી કોઈ બદલો કે આભાર નથી ઈચ્છતા, અમને તો અમારા રબથી તે દિવસનો ભય છે જે સખત અને લાંબો હશે."
  *(સૂ. દહ્ર, આ. ૮,૯,૧૦)*

- હે ઈમાનવાળાઓ ! પોતાના સદકા બાતિલ (બેકાર) ન કરો, એહસાન રાખીને અને ઈજા આપીને." *(સૂ. બકરહ, આ. ૨૪૬)*
- "(બેશક ! મુરાદે પહોંચ્યા તેઓ) જેઓ ઝકાત આપવાનું કાર્ય કરે છે." *(સૂ. મુઅમિનૂન, ૪)*
- "સબ્રથી બેસવાવાળા અને ભીખ માંગનારને ખવડાવો." *(સૂ. હજ, આ. ૩૬)*

## રહમતે આલમ ﷺનો અમુક ફર્માનો

આપ ﷺએ ફર્માવ્યું :–

**خير الناس من ينفع الناس** "મનુષ્યોમાં ઉત્તમ મનુષ્ય તે છે જે (અન્ય) મનુષ્યોને લાભ પહોંચાડે." *(સુનને તિર્મિઝી)*

હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે એક વ્યક્તિએ નબી ﷺથી સવાલ કર્યો કે ઈસ્લામનો કયો અમલ બેહતર છે ? આપ ﷺએ ફર્માવ્યું : "ખાવા ખવડાવવું અને દરેક મુસલમાનને સલામ કરવું ભલે તેને ઓળખતા હોવ કે ન ઓળખતા હોવ. *(સહીહ બુખારી શરીફ, કિતાબુલ ઈમાન)*

શરહે બુખારી હઝરત અલ્લામા મુફ્તી શરીફુલ હક્ક અમજદી رضی اللہ عنہ આની સમજૂતીમાં લખે છે કે, "મખ્લૂકને ખાવા ખવડાવાનો મતલબ એ છે કે સર્વ મખ્લૂકને ખાવા ખવડાવો ભલે તે માલદાર હોય કે તે ગરીબ હોય, ભલે પરિચિત હોય, કે અપરિચિત હોય, ઈન્સાન હોય કે પશુ પક્ષી સૌને ખવડાવો." *(નુઝહતુલ કારી શરહે સહીહ બુખારી, ભાગ–૧, પેજ–૨૫૬)*

હઝરત જરીર رضی اللہ عنہની રિવાયત છે કે રસૂલુલ્લાહ ﷺ એ ફર્માવ્યું : "અલ્લાહ તઆલા તે વ્યક્તિ પર રહમ નથી ફર્માવતો જે ઈન્સાનો પર રહમ નથી કરતો. *(સહીહ બુખારી, કિતાબુત્તૌહિદ, મુસ્લિમ, કિતાબુલ ફઝાઈલ)*

હઝરત અબ્દુલ્લાહ બિન ઉમર رضی اللہ عنہ રિવાયત કરે છે કે, "રહમ કરવાવાળાઓ પર રહમાન રહમ ફર્માવે છે, માટે જમીનવાળાઓ પર રહમ કરો, આસ્માનને પેદા કરનાર તમારા પર રહમ કરશે.

હઝરત અબ્દુલ્લાહ બિન મસ્ઊદ رضی اللہ عنہ બયાન કરે છે કે રસૂલુલ્લાહ ﷺ એ ઈર્શાદ ફર્માવ્યું : "તમે સંપૂર્ણપણે ઈમાનવાળા નહીં થાવ જ્યાં સુધી તમે રહમ ન કરો. (હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને મસ્ઊદ) ફર્માવે છે કે અમે અરજ કરી, હે અલ્લાહના રસૂલ ! ﷺ અમારામાંથી દરેક રહમ કરે છે ! આપ ﷺ એ ફર્માવ્યું, એનાથી તે રહમ તથા હમદર્દી મુરાદ નથી જે તમારામાંથી કોઈ પોતાના નજીકના સાથે કરે છે, અહિયાં તે આમ રહમતની વાત છે જે સર્વ ઈન્સાનો સાથે હોય છે. *(તબરાની, ફત્હુલ બારી, ૩૩૯)*

હઝરત ઉમર رضی اللہ عنہથી રિવાયત છે કે નબીએ કરીમ ﷺ પાસે અમુક કેદી લાવવામાં આવ્યા. કેદીઓમાં એક સ્ત્રી હતી જેની છાતી દૂધથી ભરેલ હતી અને તે દોડી રહી હતી. એવામાં એક બાળક તેને કેદીઓમાં મળ્યું. તેણીએ તે બાળકને પોતાના પેટથી લગાડી લીધું અને તેને દૂધ પીવડાવા લાગી. એમને નબીએ કરીમ ﷺ એ ફર્માવ્યું : શું તમે વિચારી શકો છો કે આ સ્ત્રી પોતાના બાળકને આગમાં નાખી શકે છે ? અમે અર્ઝ કર્યું કે નહીં ! જ્યાં સુધી તેના વશમાં હશે તે પોતાના બાળકને આગમાં નથી નાખી શકતી. નબીએ કરીમ ﷺએ ફર્માવ્યું કે અલ્લાહ તઆલા પોતાના બંદાઓ પર તેનાથી પણ અધિક રહમ કરવાવાળો છે જેટલી આ સ્ત્રી પોતાના બાળક પર મહેરબાન છે. *(સહીહ બુખારી શરીફ)*

હઝરત ઈબ્ને અબ્બાસ رضی اللہ عنہ ફર્માવે છે કે હું એક મહિનો અથવા એક અઠવાડિયુ અથવા જેટલું અલ્લાહે ચાહે ત્યાં સુધી મુસલમાનોના કોઈ એક ઘરની જીવન જરૂરિયાત પૂરી કરૂં એમને એનાથી વધુ પસંદ છે કે હું હજ પર હજ કરૂં. *(હયાતુસ્સહાબા, ૨/૨૪૦)*

સીરત અને ઈતિહાસની કિતાબોથી સ્પષ્ટ છે કે પોતે અલ્લાહના રસૂલ ﷺ તેમજ આપના એહલે બૈત અને સહાબાએ કિરામ હમેશાં ખિદમતે ખલ્કમાં

આગળ રહેતા. આપ ﷺ પાસે સવારના સમયે લાખો દિરહમ આવી જતા તો સાંજ થતાં થતાં તેને વહેંચી દેતા, જરૂરતમંદોની લાઈન લાગેલી હોતી અને આપ સૌની જરૂરતો પૂરી ફર્માવતા હતા.

વર્ણન થયેલ છે કે ઉમ્મુલ મુઅમિનીન હઝરત આઈશા સિદીક઼ા رضی اللہ عنہا નો પણ આ જ તરીક઼ો હતો. એકવાર આપની પાસે બહુ મોટી રકમ આવી એને સાંજ સુધી સર્વ સદક઼ો કરી દીધી. ઈફતાર માટે કાંઈ પણ બાકી ન રહ્યું. ખાદિમાએ કહ્યું કે થોડુ ઈફતાર માટે બચાવી લેતાં તો સારું હતું ! આપે ફર્માવ્યું કે પહેલાં યાદ અપાવ્યું હોત તો એવું જ કરત.

મદીના મુનવ્વરામાં દુકાળ પડયો તો દામાદે રસૂલ હઝરત ઉષ્માન બિન અ઼ફફાન رضی اللہ عنہ એ કેટલાય ઊંટો ઉપર લાવવામાં આવેલો વેપારનો માલ ખૈરાત કરી દીધો.

એકવાર હઝરત ઉમર رضی اللہ عنہ એ પોતાના ઘરના સંપૂર્ણ માલ સામાનનો અડધો હિસ્સો બારગાહે રસૂલ ﷺ માં હાજર કરી દીધો અને હઝરત અબૂ બક્ર સિદીક઼ رضی اللہ عنہ એ પોતાની સર્વ સંપત્તિ લાવીને રજૂ કરી દીધી. જ્યારે રસૂલે અકરમ ﷺ એ પૂછયું કે પોતાના ઘરવાળાઓ માટે શું રાખ્યું છે ?! તો જવાબ આપ્યો કે એમના માટે અલ્લાહ અને રસૂલ પૂરતા છે. હઝરત હસન رضی اللہ عنہ વિશે પણ સવાનેહ (જીવન ચરિત્ર)ની કિતાબોમાં આવે છે કે આપ ઘણા જ સખી હતા.

ઈસ્લામી ઈતિહાસનો અભ્યાસ કરવાવાળા સારી રીતે જાણે છે કે ઈસ્લામે ખિદમતે ખલ્ક઼ માટે કોઈ કમી ન રાખી. ખિદમતે ખલ્ક઼ માટે આક઼ાએ દો જહાં ﷺ અને આપના સહાબાએ કિરામ رضوان اللہ تعالیٰ علیہم اجمعین એ પોતાના જમાનામાં કૂવા ખોદાવી વકફ કરી દીધા, યતીમોની પરવરિશ અને જરૂરતમંદોની ખબરગીરી, મુસાફરોની ખિદમત અને રાહદારીઓની જરૂરતો પૂરી કરવા માટે દરેક શક્ય કોશિશ કરતા. સીરતે મુસ્તફા ﷺ પર લખવામાં આવેલી કિતાબો આવા વાકે઼આતથી ભરેલી છે. હુઝૂર ﷺ ની ખિદમતે ખલ્ક઼ના અમુક અંશો અત્રે રજૂ કરવામાં આવે છે.

હઝરત તલ્હ઼ા બિન અમ્ર رضی اللہ عنہ ફર્માવે છે, જ્યારે પણ કોઈ આદમી મદીના મુનવ્વરા હુઝૂર સૈયદે આલમ ﷺ ની ખિદમતમાં આવતો અને મદીનામાં કોઈ તેનું પરિચિત હોતું તો તે તેનો મહેમાન બનતો, જો કોઈ પરિચિત ન હોતું તો એહલે સુફ્ફાની સાથે રોકાય જતો. હું પણ સુફ્ફામાં રોકાએલ હતો. મેં ત્યાં આદમી સાથે જોડી બનાવી લીધી. હુઝૂર સૈયદે આલમ ﷺ તરફથી રોજ બે માણસો વચ્ચે એક મુદ એટલે ૧૪ છટાંક ખજૂરો મળતી હતી. *(હયાતુસ્સહાબા, ૨/૨૫૭)*

હઝરત જાબિર رضی اللہ عنہ બયાન ફર્માવે છે, હું એકવાર ઘરમાં બેઠો હતો, તો હુઝૂર સૈયદે આલમ ﷺ મારી પાસેથી પસાર થયા. આપે મને ઈશારો ફર્માવ્યો. હું ઊઠીને આપની પાસે ચાલ્યો ગયો. આપે મારો હાથ પકડી લીધો પછી અમે બંને ચાલવા લાગ્યા, ત્યાં સુધી કે આપ પોતાના જવઝએ મોહતરમાના હુજૂરા સુધી પહોંચી ગયા અને ખુદ હુજરામાં તશરીફ લઈ ગયા અને પછી મને અંદર આવવાની ઈજાજત આપી. હું અંદર પર્દાવાળા ભાગમાં દાખલ થયો. પછી આપે ફર્માવ્યું, બપોરનું ખાવા છે ? ઘરવાળાઓએ કહ્યું, હા છે ! રોટીની ત્રણ ટીકડીઓ આપની પાસે લાવવામાં આવી જેને ખજૂરના પાંદડાના દસ્તરખ્વાન પર રાખી દેવામાં આવી. હુઝૂર સૈયદે આલમ ﷺ એ એક ટીકડીઓ ઉઠાવી પોતાની સામે રાખી લીધી અને બીજી ટીકડી ઉઠાવી મારી સામે રાખી દીધી. ત્રીજી ટીકડી ઉઠાવી તેના બે ટુકડા કર્યા અને અડધી ટીકડી પોતાની સામે રાખી અને અડધી મારી સામે. *(હયાતુસ્સહાબા, ૨/૨૪૨)*

આ ઈસ્લામી તાલીમ છે. રસૂલે પાક ﷺ તથા સહાબા رضوان اللہ تعالیٰ علیہم اجمعین ની જિંદગી ખિદમતે ખલ્ક઼ના કામો તથા દષ્ટાંતોથી ભરપુર છે રબ્બે કરીમ સૌને એ જ તૌફીક઼ અતા ફર્માવે. (આમીન) *(કન્ઝુલ ઈમાન મંથલી, મે-૨૦૧૭)*




**રજૂકર્તા : સલીમ ઈબ્રાહીમ ખત્રી-ઉમલ્લા**
*(મુતઅલ્લિમ : દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ)*

આપણા દેશ હિંદુસ્તાનની આદર્શ ગંગા જમની (મિશ્ર) સંસ્કૃતિ ઉપર આધારિત લોકશાહી પદ્ધતિ કોઈ જૂના પુસ્તકની જૂની વાર્તા માલૂમ પડે છે. સ્થિતિનો ખૂબ જ ધ્યાનપૂર્વક અભ્યાસ આપણને ઘણુ બધુ વિચારવા અને કડવી સ્થિતિથી ભરપૂર પરિણામ તારવવા માટે મજબૂર કરી રહ્યો છે. હમણા દરેક ન્યાયી હિંદુસ્તાનીના દિમાગમાં એક સવાલ ફરી રહ્યો છે કે જે દેશના પાયાઓમાં જનતંત્ર, કૌમી એકતા, ધાર્મિક સહિષ્ણુતા અને એક સંયુક્ત કલ્ચરની ફિલોસોફીનો સમાવેશ કરવામાં આવ્યો, જ્યાં અલગ અલગ મઝહબના માનવાવાળાઓને પોતાના મઝહબી કાયદાઓ ઉપર આઝાદી સાથે અમલ કરવાનો હક્ પ્રાપ્ત હતો, જ્યાં "જીવો અને જીવવા દો"ની તા'લીમને રિવાજ આપવામાં આવી હતી, ત્યાં આજે ધાર્મિક ઝનૂન અને નફરત પસંદ બહુમતિ તબક્ાના અમુક તત્વોએ તે જ "હિંદુસ્તાની ઓળખ" ઉપર હિંસા અને નફરતનો ધબ્બો લગાડી દીધો છે. તેઓ આ દેશમાં પોતાનો બનાવેલો કાયદો, પોતાનું પસંદ કરેલું એક અલગ જ સામાજિક માળખુ અને એવું સરમુખ્ત્યાર શાહી જેવું જોર જુલમવાળુ કલ્ચર લાગુ કરી દેવા માગે છે. જેને અપનાવી લેનારો ભારતીય મુસલમાન તેમની નજરમાં "સાચો હિંદુસ્તાની" (ભારતીય) છે, અને તેનો વિરોધ તથા રદ કરીને પોતાના મઝહબી તથા દીની હક્ની હિફાઝત કરવાવાળો તેમની નજરમાં બાગી તથા દેશનો દુશ્મન છે ! બીજા શબ્દોમાં તેને ભારતમાં રહેવાનો કોઈ હક્ નથી ! આ સંકેત વારંવાર અપાય ચૂક્યો છે, જેના માટે કોઈ સબૂતની જરૂરત નથી.

આઝાદ ભારતના ઈતિહાસમાં લોહી રંગી, ખુદ મુખ્તાર નેતાઓની કેસરીયા રાજનીતિએ પોતાનો કદરૂપો ચેહરો એકદમ જ નથી બતાવ્યો બલ્કે વર્ષોના પ્રયાસો અને વર્ષોની સતત કોશિશો પછી સંપૂર્ણ તૈયારી સાથે આ ઢોંગી દેશ પ્રેમીઓ અને લોકતંત્ર વિરૂધ્ધ તત્વો ઉભરીને સામે આવ્યા છે. જાલિમ ફિરંગીઓનો ચાવેલો કોળિયો ખૂબ શોખથી ગળી જવાવાળા રાજનેતાઓએ ખૂબ જ સોચી સમજીને અને સંપૂર્ણ પ્લાનિંગ સાથે આ દેશના ભાગલા કર્યા હતા. અમુક લોકો ભારતના ભાગલાને બહુ મોટી હોશિયારી સમજતા હતા, જ્યારે કે આ ભાગલા ખૂબ જ ઘાતક દુર્ઘટના અને દર્દનાક કરૂણાંતિકા છે. અને ભારત જેવા જન્નત નિશાન દેશમાં લાશો ઉપર કરવામાં આવતી રાજનીતિની એવી હકીકત છે જેની બર્બાદી અને ભયાનકતાનો અંદાજો પાછલા ૨૫ વર્ષોમાં થવાવાળા, કોમી રમખાણોના બેક ગ્રાઉન્ડથી લગાડી શકાય છે. આવો ! આઝાદ ભારતના થોડાક મોટા ફિત્નાઓ ઉપર એક નજર કરતા ચાલીએ.

**જબલપૂરનો ફિત્નો** : આઝાદ ભારતમાં હિંદુઓ અને મુસલમાનો વચ્ચે પહેલો મોટો ફિત્નો ઈ.સ. ૧૯૬૧માં જબલપૂરમાં થયો, આ ફિત્નામાં મુસલમાનોની સંપત્તિઓને ભરપુર નુકસાન પહોંચાડવામાં આવ્યું.

**અહમદાબાદનો ફિત્નો** : ઈ.સ. ૧૯૬૯ હિંદુઓ અને મુસલમાનો વચ્ચે થવાવાળા કોમી રમખાણમાં લગભગ એક હજાર માણસ મોતના ઘાટ ઉતરી ગયા હતા. ત્યાર પછી ઈ.સ. ૧૯૭૯માં જમશેદપૂર અને અલીગઢ અને ઈ.સ. ૧૯૮૦માં મુરાદાબાદમાં કોમી રમખાણો ભડકાવવામાં આવ્યાં અને રાજનીતિની ફસલ કાપવામાં આવી !

**સિખ વિરૂધ્ધ ફિત્નો** : ઈ.સ. ૧૯૮૪ના સિખો વિરૂધ્ધનાં રમખાણોએ ઈન્દિરા ગાંધીની હત્યા પછી સિખોનું હત્યાકાંડ હતું. આ રમખાણોમાં એક અંદાજે બે હજાર માણસો મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા હતા.

**મેરઠનો ફિત્નો** : ૨૧ મે ઈ.સ. ૧૯૮૯માં શરૂ થયેલ આ રમખાણો લગભગ બે મહીના સુધી ચાલતાં રહ્યાં. તેમાં P.A.C.ની કાર્યવાહી ઉપર પણ સવાલ ઉભા થયા. આ ફિત્નામાં લગભગ ૩૫૦ નિર્દોષ મોતના ઘાટ ઉતારી દેવામાં આવ્યા.

**ભાગલપૂરનો ફિત્નો** : રેશમી કપડાં માટે પ્રખ્યાત ભાગલપૂર પણ ફિત્નાઓના ડાઘથી પાક ન રહ્યું. ઈ. ૧૯૮૯માં વિશ્વ હિંદુ પરિષદની રેલી ઉપર થવાવાળા પત્થરમારા પછી અને રાજતંત્રના અણગઢ વહિવટના કારણે સ્થિતિ બગડી ગઈ. કર્ફયુ દરમિયાન ભીડ ઉપર પોલીસ ફાયરિંગમાં બાર માણસોની જાન ચાલી ગઈ. ત્યાર પછી તો પોલીસ ઉપર હુમ્લા સાથે જ બંને પક્ષ વચ્ચે ખૂની પ્રયાસોનો સિલસિલો ઈ.સ. ૧૯૯૦ સુધી ચાલતો રહ્યો. આ ફિત્નાઓમાં લગભગ એક હજાર લોકોએ પોતાની જાન ગુમાવી, પચાસ હજાર ઘર બદલી કરી ગયા અને સાડા અગિયાર હજાર ઘરો આગને ભેટ ધરી દેવામાં આવ્યા.

**મુંબઈનો ફિત્નો** : ઈ.સ. ૧૯૯૨ અયોધ્યામાં બાબરી મસ્જિદ શહીદ કર્યા પછી મુંબઈ શહેરમાં કોમી તોફાનો ભડકી ઉઠયાં. ડિસેમ્બર ઈ.સ. ૧૯૯૨ અને જાન્યુઆરી ઈ.સ. ૧૯૯૩ વચ્ચે તેમાં એક હજારથી વધુ લોકોને મોતને ઘાટ ઉતારી દેવામાં આવ્યા અને કોરડોની સંપત્તિનું નુકસાન થયું.

**ગુજરાત ફિત્નો** : ઈ.સ. ૨૦૦૨ ગોધરા હત્યાંકાંડને બહાનુ બનાવીને વ્યવસ્થિત કાવતરા હેઠળ ગુજરાતમાં ધાર્મિક ફિત્નો ભડકાવવામાં આવ્યો, શોધી શોધીને મુસલમાનોની જાનો તથા સંપત્તિ બર્બાદ કરી દેવામાં આવી.

**મુઝફ્ફર નગર ફિત્નો** : યુ.પી. સરકારની અક્ષમતા તથા વ્યવસ્થિત પ્રયાસથી થવાવાળો આ ફિત્નાએ હત્યા તથા લૂટમાર અને પચાસ હજાર મુસલમાનોના બેઘર થવાની અકથ્ય કષ્ટદાયક પીડાનો સમાવેશ કરેલ છે.

આઝાદ ભારતમાં થવાવાળા ઐતિહાસિક રમખાણોની ઉપર વર્ણવેલ યાદી ઉપર નજર કરવા તથા ધ્યાન કરવાથી અંદાજો થઈ જાય છે કે આ રમખાણો કેમ થયાં ? અત્યાર સુધી જે કારણો સમજાયાં તે નીચે મુજબ છે :

(૧) બહુમતિ તબકા (વર્ગ)નું પોતે શ્રેષ્ઠ હોવાની જાહેરાત અને લઘુમતિ લોકોના અધિકારની પાયમાલીનો ખુલ્લો પ્રયાસ ફિત્નાનો નિમિત્ત બની જાય છે. (૨) અલગ અલગ રાજનૈતિક પાર્ટીઓની અંદર રસ્સા કસી તથા વોટ બેંકિંગ પણ ફિત્નાનું એક મોટુ કારણ છે. (૩) સત્તાધારીઓના અન્યાયો

અને અસ્વચ્છ વહેવાર ફિત્નાનું કારણ બની જાય છે. (૪) પોતાના મઝહબી ક઼ાયદાઓ તથા રસ્મો ઉપર અમલ કરવામાં કોઈ રુકાવટનું ત્વરિત અમલીકરણ પણ ફિત્નાનું કારણ બની જાય છે. (૫) અમુક રાજનેતા અને અમુક અર્ધ રાજનેતા મઝહબી કટ્ટરપંથી લીડરોની ઝેરીલી તથા વિદ્રોહપૂર્ણ કિરદારનો સબબ બનવાવાળી તક઼રીરો તથા બયાનો. (૬) સમાજમાં કોમી એકતા કમી અને નફરત તથા સખ્તી ઉપર ભરોસો રાખવાવાળા શાંતિ વિરોધી તત્વોની બહુમતિ. (૭) ભારતને હિંદુ રાષ્ટ્ર બનાવવાના સતત ષડયંત્રી પ્રયાસની અમલી શરૂઆત ફિત્નાનું બહુ મોટુ કારણ છે. (૮) વહિવટી તંત્ર તથા પોલીસની સુસ્તી અને તે વિભાગોમાં કોમવાદી તત્વોની મૌજૂદગીથી કોઈ નાની ઘટના કોઈ મોટા ફિત્નાની પૃષ્ઠભૂમિ બની જાય છે અને પોલીસની એક તરફી કાર્યવાહી ફિત્નાખોરોના હોસલા વધારી દે છે. (૯) રાજનેતાઓમાં દેશભરમાં સત્તા જમાવવાની હવસ અને રાજનીતિની હરિફાઈ પણ ફિત્નાને પસંદ કરે છે. (૧૦) ગુનાહો પર કન્ટ્રોલ તથા જુથબંદીના સંબંધિત કોઈ સખત ક઼ાયદો ન હોવાને કારણે ફિત્નાખોરોને ઉઘાડી છૂટ પણ મળી જાય છે. અને પરિણામે તેઓ નીડર થઈને ફિત્નાઓમાં ભાગ લે છે.

પરંતું આ બધા કારણોમાં જે કારણ ઉપસી આવે એવું છે, તે છે ધાર્મિક કટ્ટરવાદ અને ભારતને હિંદુ રાષ્ટ્ર બનાવવાનું ઝનૂન. આ ઝનૂન અમુક પાર્ટીઓની કવરબોડીમાં પણ પ્રવેશ કરી ચૂકેલ છે. અને જુલમ તથા નફરતના પાયાના ઉપર બનાવવામાં આવેલ સંસ્થાઓ આર. એસ. એસ., બજરંગ દળ, વિશ્વ હિંદુ પરિષદ વગેરેના સભ્યો તથા કાર્યકરો પણ એક સબબ છે. રાજનીતિના આધારે જેનુ પ્રતિનિધિત્વ કેસરીયા પાર્ટી બી.જે.પી. તથા તેના મતવાળી પાર્ટીઓ કરે છે. તે પાર્ટીઓના મોટા હોદ્દા તે લોકોને આપવામાં આવે છે જે મઝહબી નફરતમાં જકડાયેલા તથા જુલમ પસંદ (ઉગ્ર) દિમાગ ધરાવતા હોય છે.

આઝાદી પછી કોંગ્રેસ દેશની સૌથી મોટી રાજકીય પાર્ટી તરીકે હતી અને પછી એક ખાસ હેતુ હેઠળ ભારતીય જનતા પાર્ટીની સ્થાપના અમલમાં આવી. ત્યારથી લઈને અત્યાર સુધી આ બંને મોટી પાર્ટીઓ એક પછી એક ભારતીય રાજનીતિમાં પોતાનો દાવપેચ વાપરી રહી છે અને કોઈ કોઈનાથી ઓછુ નથી ! દરેકને પોતાના બહુમતિ વર્ગની ખુશી વહાલી છે અને લઘુમતિના વોટોની જરૂરત પણ ! ન તેઓ બહુમતીઓને નારાજ કરી શકે છે અને ન લઘુમતિઓથી અલગ થઈ શકે છે. એટલા માટે સમય સમય પ્રમાણે તેમણે પોતાનો રાજનૈતિક ચહેરો બદલવો પડે છે અને એના માટે યોગ્ય પગલાં તેમની મજબૂરી બની જાય છે ! આ જ કારણે તેઓ ઈચ્છતા હોવા છતાં પણ ક઼ાયદાનું શસ્ત્ર વાપરી નથી શકતા. નહિતર ભારતના લોકતંત્ર કાયદામાં હજુ પણ એટલી શક્તિ છે કે તે મોટાથી મોટા ષડયંત્રી અને ફિત્નાખોરને તેમના ખરાબ કામોની સજા આપીને દમ લે અને તે બીજી વાર ફિત્નાની નજીક જવાની હિમ્મત ન કરી શકે.

મુસલમાન આ દેશની સૌથી મોટી લઘુમતિ ગણવામાં આવે છે એટલા માટે કોઈ પણ રાજકીય પાર્ટી તેમના વોટોની ઉપેક્ષા નથી કરી શકતી, કોઈ પાર્ટી કદી આ જાહેરાત નથી કરી શકતી કે "તેને મુસલમાનોના વોટોની બિલ્કુલ જરૂરત નથી." એટલા માટે મુસલમાનોની વોટ બેંકથી દરેક જ

પાર્ટી પોતાનો રાજકીય રોટલો શેકવાની કોશિશ કરે છે. મુસલમાનોને આકર્ષિત કરવા માટે તેઓ પોતાના મતદાનની જાહેરાતમાં મોટાભાગે પરિવર્તન કરી લે છે પછી પાછળથી તેમનો નાપાક ચહેરો સંપૂર્ણ આતંક સાથે સામે આવે છે. આઝાદી પછીથી લઈને આજ સુધી થવાવાળા મતદાનોમાં આ જ સ્થિતિ આપણી સામે નજર આવી છે. અલ્બત્ત ભારતની બીજી રાજકીય પાર્ટી બી.જે.પી.નો કેસરી રંગ મતદાન સમયે વધુ ગાઢ થઈ જાય છે, કારણ કે તેમના મતદાનની જાહેરાત જ લોકતંત્ર વિરૂધ્ધ મુદ્દાઓથી ભરેલી હોય છે, આ પાર્ટીના મોટા મોટા લીડરો પોતાના ભાષણોમાં મુસલમાનોની વિરૂધ્ધ જુલ્મી કાર્યવાહીઓની ધમકી પણ આપી દે છે. પોતાની ઝેહરીલી તક઼રીરો વડે કોમવાદી તત્વોના દિમાગોની બ્રેઈન વોશિંગ થાય છે. કેસરી પાર્ટીના એક જમાનાના એક બદનામ લીડર સુબ્રમણ્યમ સ્વામીએ એક પેનલ મિટીંગમાં ત્યાં સુધી કહી દીધું, 'જો મુસલમાનોનો વ્યવહાર આ જ અંદાજનો રહ્યો તો ૮૦ ટકા હિંદુઓને નુકસાન પહોંચાડવાથી કોઈ નથી રોકી શકતું.'' તેમજ કહ્યું, ''મુસલમાનોને આપસમાં લડાવો અને હિંદુઓ એક થઈ જાવ !'' વગેરે. આનાથી પહેલાં પ્રવિણ તોગડિયા જેવા ઝેરીલા મુક઼ર્રિરો પ્રતાપગઢ ને બીજુ ગુજરાત બનાવવાની ધમકી આપી ચૂકેલ છે. કોમી એકતા તૂટે અને આપસમાં ઉશ્કેરણી વધે એવાં નિવેદનોને ઠેર ઠેર આપવા છતાં તેમને કોઈ જ ક઼ાયદો નડતો નથી ! આ બધા બયાનો બહુમતિ વર્ગને ખુશ કરવું અને લઘુમતિ ઉપર પોતાની શ્રેષ્ઠતા સાબિત કરવાનો પ્રયાસ પુરવાર થાય છે, તેમની નજીક કોમી એકતાની સલામતીનું કોઈ જ મહત્વ નથી હોતું, તેમને ત્યાં આ જ સરખુખ્ત્યારશાહી લોકશાહી છે ! અને તે જ પાયા ઉપર નવા ભારતનું નિર્માણ કરવું છે. બહુમતિ પાર્ટીની આ જ સોચ ક઼ાયદા બનાવનાર એસેમ્બલીમાં પણ કામ આપે છે, આ તે દરેક ક઼ાયદાનો વિરોધ કરે છે જે લઘુમતિઓ ખાસ કરીને મુસલમાનોના શૈક્ષણિક, સામાજિક અને આર્થિક ભલાઈના પ્રયાસો ઉપર નિર્ભર હોય અને જેમાં તેમની સુરક્ષાની વાતો આવતી હોય.

ભારતીય લોકતંત્ર અનેક જાતિઓમાં એકતા હોવું, વિશાળ દિમાગી, મધ્યમ માર્ગી, એકતાવાળુ છે તથા કોઈ જાતના સરમુખ્ત્યાર શાહી વલણ, ભેદભાવ તથા સામાજિક અસમાનતાથી એને દૂરનો પણ સંબંધ નથી. પરંતુ ઉગ્રવાદી વિચાર શૈલીવાળાઓએ લોકતંત્રનો એક નવો અર્થ શોધી કાઢયો છે અને તે અર્થને સાચો બનાવવા માટે તેઓ દરેક પ્રકારનાં અમલી પગલાં ભરવાને પોતાનો હિંદુસ્તાની હક઼ સમજે છે. અને આશ્ચર્યની વાત એ છે કે તે લોકોને ભારતના એક મોટા વર્ગની સહાયતા હાંસલ છે અને તેમના જ ઈશારાઓ ઉપર કાર્યકર્તાઓ અને પોલીસ વિભાગ સખત કાર્યવાહી ન કરવા ઉપર મજબૂર થાય છે. આ જ કારણે દેશમાં બગડેલી કોમી એકતાનો મામલો અત્યારે સૌથી મોટી સમસ્યા બની ગયો છે અને લોકતંત્રી કાયદો ડૂસકાં ભરી ભરીને રડવા ઉપર મજબૂર તથા બેબસ જોવા મળે છે ! કોમવાદનાં મૂળો એટલી ઊંડાઈ સુધી પ્રવેશ કરી ચૂક્યાં છે કે પોલીસ વિભાગ પણ તેની અસરોથી બચ્યો નથી ! મોટાભાગે તોફાનોમાં પોલીસની એક તરફી કાર્યવાહીઓ અમારા દાવાની ચોખ્ખી દલીલ છે જે જુલ્મના સમયો ઉપર લઘુમતિઓની જાન તથા માલને બચાવવામાં નિષ્ફળ જોવા મળે છે, અને દંગલખોરોને ખુલ્લી છૂટ આપવામાં સંપૂર્ણ રીતે સફળ થાય છે, અને પછી

ઉપરથી પાયાહિન ધરપકડો થાય છે તે વધારામાં ! જ્યારે કે કોઈ પણ ચિંગારીને પોલીસ તથા વહિવટી તંત્ર ચાહે તો ઘણા જ ઓછા સમયમાં પગો નીચે દબાવી દે અને તે કદી ભડકો ન બની શકે, પરંતુ તે ચિંગારી ભડકો પણ બની જાય છે અને હજારો જાનો તથા કરોડોની સંપત્તિને બર્બાદ કરી ગયા પછી વહિવટી તંત્ર પોતાની આંખો ખોલે છે અને પોલીસ હરકતમાં આવે છે ! આનો ચોખ્ખો અર્થ એ છે કે તેઓ કોઈ ખાસ તાક઼તના ઈશારા ઉપર કામ કરે છે કે પછી જાતે તેમનામાં જ એવા લોકો ઉપસ્થિત છે જેઓ જાણી જોઈને ત્વરિત કાર્યવાહી કરવાથી પોતાને રોકે છે.

આ સર્વ પરિસ્થિતિઓ હોવા છતાં હવે એ સવાલ રહી જાય છે કે, મુસલમાનોએ આ દુઃખભરી સ્થિતિમાં શું કરવું જોઈએ ? રંજની વાત એ છે કે અમુક બિકાઉ મુસલમાન થોડાક સિક્કાના બદલામાં પોતાનું ઈમાન તથા ઝમીર વેચીને દુશ્મનનું કામ કરવાના હાથા બનેલા છે અને કોમવાદી રાજનૈતિક પાર્ટીઓના રાજકીય તવા ઉપર પોતાની રોટલીઓ શેકી રહ્યા છે ! એમને ન મસ્લિમ કોમની બર્બાદી સાથે કોઈ લેવાદેવા છે, અને ન નિર્દોષ બાળકો અને વિધવાઓના નિસાસા અને ડૂસકાંઓ તેમને પસ્તાવવાનો સમય આપે છે, તેમની નજર તો પાર્ટીના નેતૃત્વની ખુશી ઉપર હોય છે અને તેઓ પોલિટિકલ લાભને અગ્રતા આપતા હોય છે. આવી કઠિન તથા કષ્ટદાયક સ્થિતિમાં મુસલમાન હોવાની હૈસિયતથી આપણા સૌની જવાબદારીઓ વધી જાય છે. સૌથી પહેલાં તો આપણે પોતાના દેશના લોકતંત્રની ખૂબીઓને ઉત્તેજન આપવાનો પ્રયાસ કરવાનો છે. કોઈ પણ જાતના દેશદ્રોહી તત્વોથી પોતાને ચોખ્ખા રાખવાના છે, કોમવાદી નફરતને રિવાજ આપવા તથા ધાર્મિક હિંસા ભડકાવવામાં હોશિયાર રાજકીય રાજકીય પાર્ટીઓની કોઈ પણ પ્રકારની રાજનીતિથી પરહેઝ કરવાનો છે.

ઈ.સ. ૨૦૧૪ના વિધાન સભા મતદાનમાં પણ આપણો વોટ ખૂબ જ અગત્યનો હશે (જો કે હવે તો ૨૦૧૯માં ઈલેકશન સંસદનું થશે) અને રાજકીય પાર્ટીઓ બિનસાંપ્રદાયિક્તાના નામ ઉપર આપણા અધિકારના બચાવની વાતો કરશે, એટલા માટે આ ભારતીય મુસલમાનો માટે પરીક્ષાનો સમય છે. આપણા ખાસ લોકો ઉપર ખાસ કરીને જવાબદારીઓ લાગુ થાય છે કે તેઓ દેશના કોમવાદી વાતાવરણની સ્થિતિને લક્ષમાં રાખીને નવી નસલમાં કોમી એકતા તથા બિનસાંપ્રદાયિક્તા અને એકબીજાની ઈજ્જતનો જોશ પેદા કરવાનો યુદ્ધના ધોરણે પ્રયાસ કરે, તેમને કોમવાદી તત્વો અને મઝહબી ઝનૂનીઓના બગડેલા તથા ખરાબ ખયાલોથી સાવચેત કરીને તેની ઝેરી અસરોથી બચાવવાની દરેક શક્ય કોશિશને આપણા મિજાજનો ભાગ બનાવી લે. કોમી એકતાને રિવાજ આપે, ફિત્ના વિરોધી વિચારોને ફેલાવે, કોમી રમખાણને બંધ કરવાનો ક઼ાયદો બને કે ન બને પણ આપણુ કામ પોતે એક ક઼ાયદો બની શકે છે. ક઼ોમી એકતાના જલ્સાનું આયોજન થાય કે ન થાય આપણા વિચારો દેશની સલામતીના હક઼માં હોવા જોઈએ, ભડકાવવાવાળા તથા ઝગડા પસંદીના દરેક જંતુઓથી આપણુ દિમાગ બચેલુ રહેવું જોઈએ, કારણ કે અત્યારે પણ ભારતમાં જ નહીં આખી દુનિયામાં એવો ન્યાયી વર્ગ ઉપસ્થિત છે જેની સહાયતા તથા માર્ગદર્શનથી આપણે ભારતીય લોકતંત્રને ઝનૂનીઓના કબજાથી પાછુ લાવી શકીએ છીએ.

*–(કન્ઝુલ ઈમાન મંથલી–ઉર્દૂ, ડિસે.–૨૦૧૩,*
*અઝ : મુહમ્મદ તૌફીક઼ બરકાતી મિસ્બાહી)*

**કર્નાટક** : આલમી તેહરીક સુન્ની દા'વતે ઈસ્લામી–કર્નાટકના આયોજન હેઠળ મદ્રસા અબૂ હુરૈરહ رضی اللہ عنہનો ઈફતેતાહ મગરિબની નમાઝ બાદ દાઈએ કબીર, અતાએ હુઝૂર મુફતીએ આ'ઝમે હિંદ, બાનીએ મદારિસે કષીરા, હઝરતુલ અલ્લામ હાફિઝો કારી મુહમ્મદ શાકિરઅલી નૂરી (અમીરે : સુન્ની દા'વતે ઈસ્લામી)ના હસ્તે અર્સીકરામાં અમલમાં આવ્યો. જેમાં કારી રિયાઝુદ્દીન અશરફી (મુબલ્લિગે : સુન્ની દા'વતે ઈસ્લામી)એ પોતાના દિલકશ અવાજમાં નઅતિયા નગ્મા સંભળાવી ઈમાનવાળાઓને મેહઝૂઝ કર્યા. બાદમાં અમીરે સુન્ની દા'વતે ઈસ્લામીએ પોતાના સોનેરી ખયાલોને પ્રદર્શિત કરતાં જણાવ્યું કે, ''જ્યાં સુધી આપણા સમાજમાં ઈલ્મની ખુશગવાર ફિઝાં નહીં ચાલે ત્યાં સુધી આપણે યકીનન ! દરેક ક્ષેત્રે પછાત ગણાતા રહીશું. એટલા માટે જરૂરી છે કે આપણે આપણી નસલને દીની તથા અર્વાચીન ઈલ્મોથી સજ્જ કરીને અમલના મેદાનમાં ઉતારીએ અને આપણા સમાજ તથા દેશમાં એજ્યુકેશનને આમ કરીએ. મદ્રસાની ઈફતેતાહી મેહફિલમાં અન્ય ઉલમાએ કિરામ, હુફ્ફાઝે કિરામ, આશિકાને રસૂલ ﷺએ હાજરી આપી.

**ઝનોર** : (વાયા–નબીપુર) મુકામે તા. ૭–૪–૨૦૧૭ જુમ્આની રાત્રે ઈશા બાદ યુ.કે.થી પધારેલ જનાબ ઐયૂબભાઈ પટેલને ત્યાં શાદી પ્રસંગ નિમિત્તે શાનદાર જશ્ન મનાવાયો જેમાં બુલબુલે બાગે મદીના અલ્હાજ કારી રિયાઝુદ્દીન સાહબ (મુબલ્લિગે : સુન્ની દા'વતે ઈસ્લામી)એ નઅતની નૂરાની મેહફિલ સજાવી હતી, છેવટમાં હઝરત સૈયદ અમીનઅલી કાદરી (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ શાનદાર બયાન કર્યું હતું. તેમજ બીજા દિવસે તા. ૮–૪–૨૦૧૭ શનિવારે સ્વાજી હોલ (સાંસરોદ હાઈવે) હોલમાં ૧૧ વાગ્યે અલ્હાજ કારી રિઝવાન સાહબે નઅત શરીફ પેશ કરીને મિયાં બીવીના હક્કો પર મુખ્તસર બયાન કર્યું હતું. અમીરે સુન્ની દા'વતે ઈસ્લામી હઝરત મૌલાના મુહમ્મદશાકિર નૂરી સાહબે જનાબ ઐયૂબભાઈની નેક દુખ્તર આમિનાના નિકાહ નાસિક નિવાસી જનાબ અબ્દુલમતીન (મુબલ્લિગે : સુન્ની દા'વતે ઈસ્લામી–નાસિક) સાથે પઢાવ્યા હતા. દુલ્હા દુલ્હન કુટુંબીજનોને ખૂબ ખૂબ મુબારકબાદ !

## :: ઈન્તેકાલ પુરમલાલ ::

**દયાદરા** : ખાતે આઈશા મુહમ્મદ કોળા (મર્હૂમ આદમ કોળાનાં વાલિદા)નો તા. ૧૯–૩–૨૦૧૭, ૧૯–જ.આખર હિ.સ. ૧૪૩૮ના રોજ રવિવારે લગભગ ૮૫–૯૦ વરસની વયે ઈન્તેકાલ થઈ ગયો. ઈશાની નમાઝ બાદ દફનવિધિ થઈ હતી.

**ઝંઘાર** : ખાતે જનાબ હાફિઝ અબ્દુલ્લાહ ઝંઘારવી (મુદર્રિસ : દારુલ ઉલૂમ મુઈનુલ ઈસ્લામ–થામ)નાં અહલિયા આઈશાબેનનો તા. ૨–૪–૨૦૧૭, ૪–રજબ હિ.સ. ૧૪૩૮ રવિવારના રોજ લગભગ ૬૫ વરસની વયે ઈન્તેકાલ થયો અને ઝંઘાર મુકામે ઈશા બાદ દફનવિધિ થઈ હતી.

**દયાદરા** : ખાતે દાઉદભાઈ અહમદ ટોલીવાલાનાં અહલિયા મર્હૂમા મરયમબેન તા. ૨૮–૩–૨૦૧૭, મંગળવારે, ૨૮ જ. આખર હિ.સ. ૧૪૩૮ના રોજ ઈન્તેકાલ કરી ગયાં. મર્હૂમાના સવાબ અર્થે ''અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા''ને કુલ રૂા. ૧૦,૦૦૦/– લિલ્લાહ મળ્યા છે. જઝાકલ્લાહ !

રબ્બે કરીમ તેના પ્યારા મહબૂબ ﷺના સદકામાં સર્વ મર્હૂમોની કરવટ કરવટ મગફેરત ફર્માવે, જન્નતમાં આ'લા મકામ અતા કરે, કુટુંબીજનોને, સ્નહીઓને, ચાહકોને સબ્રે જમીલ અતા કરે. (આમીન) સર્વ મર્હૂમોના માટે **દારુલ ઉલૂમ બરકાતે ખ્વાજા–આમોદ** તથા **દારુલ ઉલૂમ ગુલશને અજમેર–ભરૂચ** ખાતે કુર્આનખ્વાની કરાવીને ઈસાલે સવાબ કરી મગફેરતની દુઆ કરવામાં આવી હતી. *–તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)*

### :: જશ્ને ઈફ્તેતાહે મસ્જિદે ઈમામ અહમદ રઝા ::

**ભરૂચ** : ખાતે નૂર પાર્ક (ખુશ્બુ પાર્ક, શેરપુરા ડુંગરી રોડ) તા. ૭–૪–૨૦૧૭ જુમ્આની નમાઝથી નવી બનેલી ત્રણ મંઝિલા **મસ્જિદે ઈમામ અહમદ રઝા** رضی اللہ عنہની ઈફ્તેતાહનો શાનદાર જશ્ન મનાવાયો જેમાં વિવિધ સાદાતે કિરામ, ઉલમાએ કિરામ, હુફ્ફાઝ તથા ખુશ અક઼ીદા સુન્ની ભાઈઓથી ઉપર નીચે મસ્જિદ ભરાઈ ગઈ હતી અને મસ્જિદ બહાર સ્ટ્રીટમાં પણ આશિક઼ાને મુસ્તફાની હાજરી હતી. ઔલાદે ગૌષે આ'ઝમ, ખતીબે ઝીશાન, સુન્ની યુવાનોના દિલોની ધડકન **હઝરત મૌલાના સૈયદ અમીનઅલી ક઼ાદરી** (નિગરાં : સુન્ની દા'વતે ઈસ્લામી–માલેગાંવ)એ મસ્જિદની તથા નમાઝની અહમિયત પર ઈમાન અફરોઝ બયાન કર્યું હતું અને જુમ્આમાં ઈમામત બાદ રિક્કત અંગેઝ દુઆ સલાતો સલામ સાથે પ્રોગ્રામ ખત્મ થયો હતો. મહેમાનો માટે મસ્જિદ કમિટીના સભ્યો દરબારભાઈ પ્લમ્બર તથા સાથીઓ થકી આમ ન્યાઝની દાવત થઈ હતી. મસ્જિદ બાંધકામ **૧૦ લાખ કરજ** બાકી છે તો સખી હઝરાત ધ્યાન કરે એવી અપીલ છે.

### :: ઉમલ્લામાં જશ્ને ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ::

**ઉમલ્લા** : ગરીબ નવાઝની છટ્ઠી શરીફના મુબારક મૌકા પર તા. ૩–૪–૨૦૧૭ના રોજ બાદ નમાઝે ઈશા ખત્રી અબ્દુલકાદિરભાઈના ઘરે મેહફિલે ના'તો મન્ક઼બત સજાવવામાં આવી, જેમાં પીરે તરીક઼ત સૈયદ અમીનુદ્દીન બાવા સાહેબ ચિશ્તીની સદારતમાં મુંબઈના મશ્હૂર નાઅતખાં જનાબ સૈયદ મોઈનુદ્દીન ચિશ્તી (મુબલ્લિગે : સુન્ની દા'વતે ઈસ્લામી) તથા સુરતના મુબલ્લિગો જનાબ સિકંદર નૂરી સાહબ, જાવેદ નૂરી સાહબ, વસીમ બરકાતી સાહબે તેઓનાં અનોખા અંદાજમાં નઅતો મન્ક઼બત પેશ કરી હતી, આ પ્રોગ્રામની નિઝામત જનાબ હાફેઝ સીરાજ સાહબે (સાંપવાલા) સંભાળી હતી.

### :: દયાદરામાં જશ્ને ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ ::

**દયાદરા** : ખાતે સુલ્તાનુલ હિંદ ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہના ઉર્સ મુબારક નિમિત્તે તા. ૫–૪–૨૦૧૭ સોમવારે રાત્રે ઈશાબાદ નઅતો મન્ક઼બતનો પ્રોગ્રામ મોટા ચકલા પર રાખવામાં આવ્યો જેમાં જનાબ ક઼ારી મક઼સૂદ કાવીવાળા તેમજ હાફિઝ ઝયનુલ આબેદીને નઅતો મન્ક઼બતના ગુલદશ્તા પેશ કર્યા હતા. તેમજ બીજા દિવસે મંગળવારે રાત્રે ઈશાબાદ શાને ખ્વાજા ગરીબ નવાઝ رحمۃ اللہ علیہ પર મૌલાના ઝહીર મિસ્બાહી દહેગામી (મુબલ્લિગે : સુન્ની દા'વતે ઈસ્લામી)એ ઈમાન અફરોઝ બયાન કર્યું હતું.


**બુખારી શરીફની શરહ ભાગ–૧ થી ૭ નો સેટ મંગાવો**

નુઝહતુલ ક઼ારી શરહે સહીહ બુખારી, લેખક : **મુફ્તી શરીફુલ હક્ક઼ સાહબ** رحمۃ اللہ علیہ, અનુવાદક : **પટેલ શબ્બીર અલી રઝવી**. આ કિતાબના કુલ ૭ ભાગો પ્રસિધ્ધ થઈ ગયા છે. ૧ થી ૭ ભાગના સેટની કિંમત **રૂા. ૧૩૦૦/–** છે. (ટપાલ ખર્ચ સહિત) જેમાં નબી કરીમ صلی اللہ علیہ وسلمની મુબારક હદીષો તથા તેની વિસ્તારપૂર્વક સમજૂતી તેમજ હદીષ પરથી બનતા મસ્અલા રજૂ કરવામાં આવ્યા છે. **સંપર્ક કરો : અંજુમને રઝાએ મુસ્તફા–દયાદરા**, મુ.પો. દયાદરા.

ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, તા. જિ. ભરૂચ, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧